

વુમન વર્લ્ડકપ : હાઈસ્કોરિંગ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને પાંચ વિકેટે પરાજય આપ્યો

PAGE NO. 17

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



મેલિસા ચક્રવાતથી 29ના મોત, ક્યુબામાં 5 લાખ લોકોનું સ્થળાંતર

PAGE NO. 18

FRIDAY, 31 OCTOBER, 2025 Vol. 23, No. 42 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### યુએસમાં નોકરી કરતાં ભારતીયોને ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસનના નિર્ણયથી હવે વધુ એક ઝટકો

# અમેરિકામાં હવે ઓટોમેટિક રિન્યુ નહીં થાય વર્ક પરમિટ

### વિદેશી કામદારોના વિઝા રિન્યુ કરતાં પહેલાં સરકારની એજન્સી દ્વારા ડોક્યુમેન્ટ્સની યોગ્ય તપાસ અને સ્ક્રિનિંગ કરવામાં આવશે

**વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે પ્રવાસીઓ માટે એક નવો નિયમ લાગુ કર્યો છે. જે અમેરિકામાં રહેવા અને કામ કરવાની મંજૂરી પર સીધી અસર કરશે. આ નવો નિયમ એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ (EAD) ધરાવતા પ્રવાસીઓને કામ કરવાની મંજૂરી નહીં આપે, જેમણે પોતાની વર્ક પરમિટની મુદત પૂર્ણ થયા પહેલાં જ વિઝા રિન્યુઅલ માટે અરજી આપી છે. આ નિયમ પૂર્વ પ્રમુખ જો બાઈડેનની વિઝા રિન્યુઅલનો જવાબ



આવે ત્યાં સુધી પ્રવાસીઓને કામ કરવાની મંજૂરી આપવાની નીતિનો અંત લાવશે.

યુએસ સીટિઝનશીપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિઝ (USCIS) ના ડિરેક્ટર જોસેફ એડ્લોએ જણાવ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પના નિર્દેશો હેઠળ તેમની એજન્સી હવે વિદેશી નાગરિકોની તપાસ અને વેરિફિકેશનને નવો આકાર આપી રહી છે. આ પગલું સામાન્ય છે. જેનાથી ખાતરી કરવામાં આવશે કે, કોઈપણ વિદેશી નાગરિકને કામ કરવાની મંજૂરી મળે અને ડૉક્યુમેન્ટ્સ રિન્યુ કરતાં પહેલાં તેની યોગ્ય તપાસ અને સ્ક્રિનિંગ કરવામાં આવે. તમામ વિદેશી નાગરિકોએ યાદ રાખવું પડશે કે, અમેરિકામાં કામ કરવાનો કોઈ અધિકાર નથી, પરંતુ એક વિશેષાધિકાર છે.

### EAD ધરાવતા મહત્તમ લોકોને આવરી લેવાશે

EAD એક એવો દસ્તાવેજ છે, જે પ્રવાસી અને શરણાર્થી અરજદારોને અમેરિકામાં કામ કરવા મંજૂરી આપે છે. ગ્રીનકાર્ડ ધારકો અને એચ-1બી, એલ-1 અને O-1 વિઝાધારકોને EADની જરૂર પડતી નથી. પરંતુ અમુક એચ-4 વિઝાધારક જીવનસાથી, ગ્રીનકાર્ડધારક જીવનસાથી, અને એફ-1 વિદ્યાર્થીઓને EADની જરૂર પડે છે. વધુમાં વિઝા રિન્યુઅલની પેન્ડિંગ અરજી ધરાવતા અરજદારોને EAD આપવામાં આવે છે. EAD ધરાવતા મોટાભાગના લોકોને આ નિયમ હેઠળ આવરી લેવામાં આવશે. જેમાં ડિપાર્ટમેન્ટ ઑફ હોમલૅન્ડ સિક્યુરિટી (DHS) એ જણાવ્યું હતું કે, USCIS ભલામણ કરે છે કે વિદેશી નાગરિકો તેમના EAD સમાપ્ત થાય તેના 180 દિવસ પહેલા રિન્યુ કરે. અરજી જેટલી મોડી થશે, તેમના કામ કરવાના અધિકારને અચોક્કસ મુદત સુધી રદ થવાની શક્યતા વધી જશે. વધુમાં વિભાગે સ્પષ્ટતા કરી હતી કે આ નવો નિયમ 30 ઑક્ટોબર, 2025 પહેલા આપમેળે લંબાવવામાં આવેલા EAD પર લાગુ થશે નહીં.

# બ્રાઝિલમાં ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ કાર્યવાહી : 132 લોકોને ઠાર મરાયા

### ડ્રગ્સ ગેંગને નિશાન બનાવવા દોઢ મહિનાથી પોલીસ વોચ રાખી રહી હતી

**રિયો ડી જાનેરો**

બ્રાઝિલમાં પોલીસે એક મોટું અભિયાન ચલાવ્યું છે, જે અંતર્ગત રિયો ડી જાનેરોમાં અત્યાર સુધીમાં ડ્રગ ગેંગના 132 લોકોને ઠાર મારવામાં આવ્યા છે. રાજ્ય પોલીસે સ્પષ્ટતા કરી કે આ કાર્યવાહી એક મોટી ડ્રગ ગેંગને નિશાન બનાવવા માટે બે મહિના પહેલાથી જ આયોજિત હતી. જોકે, સ્થાનિક લોકોએ પોલીસ પર નરસંહાર કરવાનો આરોપ લગાવ્યો છે.

રિયો ડી જાનેરોના બહારના વિસ્તારમાં એક ચાર રસ્તા પરના ફૂટપાથ પર, આ મૃતદેહોને એક જ કતારમાં રાખવામાં આવ્યા હતા. નિવાસીઓએ જણાવ્યું કે, તેમના સંબંધીઓ દ્વારા ઓળખ થઈ શકે તે માટે ઘણા મૃતદેહોના અન્ડરવેર સુધી ઉતારી દેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના મૃતદેહોને ચાદરોથી ઢાંકી દેવામાં આવ્યા હતા.

બ્રાઝિલની રાજ્ય પોલીસે જણાવ્યું કે, એક મોટી ડ્રગ ગેંગને ખતમ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવેલી આ કાર્યવાહીનું આયોજન બે મહિનાથી વધુ સમયથી ચાલી રહ્યું હતું. આ પ્લાનિંગનો ઉદ્દેશ્ય શંકાસ્પદોને જંગલી પહાડી વિસ્તારમાં લઈ જવાનો હતો, જ્યાં તેમને રોકવા માટે એક વિશેષ ઓપરેશન યુનિટ તૈનાત કરવામાં આવ્યું હતું. જોકે, આ મોટા પાયે કરવામાં આવેલું અભિયાન કેવી રીતે આગળ વધ્યું અને મૃતકોમાં સામાન્ય નાગરિકો પણ સામેલ હતા કે નહીં તે અંગે હજુ પણ અનિશ્ચિતતા જળવાઈ રહી છે. બાદમાં એક અધિકારીએ સ્વીકાર્યું કે આ અભિયાન ટોચના ગેંગ નેતાને પકડવાના તેના મુખ્ય લક્ષ્યમાં સફળ થઈ શક્યું નથી.

બ્રાઝિલ પોલીસનું ઓપરેશન રિયો ડી જાનેરોમાં



ચાલ્યું ત્યારે યુદ્ધ જેવી સ્થિતિ હતી. આ શહેર લાંબા સમયથી રેડ કમાન્ડો અને TCP જેવા 'ડ્રગ લોર્ડ્સ'ના નિયંત્રણમાં છે. ડ્રગ તસ્કરીનું સિન્ડિકેટ ચલાવતી આ ગેંગ ગેરકાયદેસર હથિયારો, જમીન પર કબજો અને સ્થાનિક લોકો પાસેથી સુરક્ષા ટેક્સ પણ વસૂલે છે. ઑક્ટોબર 2025ના અંતમાં રિયોના મેયર અને રાજ્ય સરકારે આ હેતુથી ઓપરેશન રિયો પેસિફિકાડો નામનું એક અભિયાન શરુ કર્યું છે.

### છટણીથી લાખો લોકો પર વિપરીત અસર થશે

# અમેરિકામાં ટોચની 15 કંપનીઓ 1.50 લાખથી વધુની છટણી કરશે

**વોશિંગ્ટન**


અમેરિકામાં ટોચની ૧૫ કંપનીઓ ૧.૫૦ લાખથી વધુ કર્મચારીઓની છટણી કરવાની છે. તેમા એક જ કંપની લગભગ ૪૮,૦૦૦ને પાણીચુ પકડાવશે. આ ઘટના બતાવે છે કે અમેરિકામાં જોબના મોરચે પરિસ્થિતિ બગડી રહી છે, તેથી જોબ કટ આવી રહ્યો છે. કંપનીઓ એઆઈના કારણે જોબ કટ કરી રહી છે તો કેટલીક કોસ્ટ કટિંગના નામે કાઢી રહી છે. તેની અસર લાખો કુટુંબો પર પડી છે.

અમેરિકામાં સૌથી વધુ છટણી યુનાઈટેડ પાર્સલ સર્વિસ નામની કંપની કરવાની છે. જ્યારે અગ્રણી ટેક કંપની ઈન્ટેલે ૨૪ હજારની છટણી કરવાનો નિર્ણય કર્યો છે. નેસ્લે જેવી કંપની ૧૬ હજાર નોકરી ખતમ કરી રહી છે. જ્યારે એમેઝોને ૧૪ હજારની છટણી કરવાની જાહેરાત કરી છે. કન્સલ્ટિંગ અને સર્વિસિસ સેક્ટરમાં કાર્યરત એક્સેન્ચ્યોર ૧૧ હજારની છટણી કરી રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ છટણીને ફક્ત કોસ્ટ કટિંગ સાથે જ જોડીને ન જોવી જોઈએ. તેની પાછળ અનેક પરિબળ છે. આ છટણીને ઓટોમેશનમાં થયેલા વધારા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના વધતા ઉપયોગ, બદલાતા જતાં બિઝનેસ મોડેલની દિશામાં કંપનીઓના વ્યૂહાત્મક પગલાં તરીકે જોવી જોઈએ. તેના કારણે ગ્રાહક માંગ પર દબાણ વધી શકે છે. આ ઘટના બતાવે છે કે અમેરિકા સહિત આખા વિશ્વમાં આર્થિક મંદીના લીધે મોટા પડકારો સર્જાઈ રહ્યા છે. તેની અસર મોટી કંપનીઓમાં જોવા મળી રહી છે.









# ઓન્ટેરિયોની આરોગ્ય જરૂરિયાતોને ટેકો આપવા DSNDP દ્વારા બ્લડ સર્વિસીસ સાથે ભાગીદારી

## 24 અને 26 ઓક્ટોબરના રોજ પ્લાઝમા ડ્રાઇવનું આયોજન થતાં 25,000 મિલીથી વધુ રક્ત પ્લાઝમા એકત્રિત થયું








**ઓન્ટેરિયો**

માનવતાવાદી સેવા માટે સમર્પિત વૈશ્વિક બિન-લાભકારી સંસ્થા, ડૉ. શ્રી નાનાસાહેબ ધર્માધિકારી પ્રતિષ્ઠાન (DSNDP)એ ઓન્ટેરિયોમાં પ્લાઝમા દાનની ચાલુ જરૂરિયાતને પહોંચી વળવા માટે કેનેડિયન બ્લડ સર્વિસીસ સાથે જોડાણ કર્યું છે. ૨૪ અને ૨૬ ઓક્ટોબરના રોજ પ્લાઝમા ડોનર સેન્ટર-વોન, ઓન્ટેરિયો ખાતે DSNDPના સતત ચોથા વર્ષે કેનેડામાં પ્લાઝમા દાનને ટેકો આપવા માટે પ્લાઝમા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાપકો ડૉ. અપ્પાસાહેબ ધર્માધિકારી અને ડૉ. સચિનદાદા ધર્માધિકારીના માર્ગદર્શન હેઠળ DSNDPએ નોંધપાત્ર સંખ્યામાં સ્વયંસેવકો અને દાતાઓને એકત્ર કર્યા હતા. બે દિવસીય ડ્રાઈવમાં પ્રભાવશાળી ૩૮ દાતાઓ નોંધાયા હતા. જેના પરિણામે ૨૫,૦૦૦ મિલીથી વધુ રક્ત પ્લાઝમા એકત્રિત થયું હતુ.

૨૬ ઓક્ટોબરના રોજ, વોન-વુડબ્રિજના સંસદ સભ્ય, માઈકલ ગુગ્લીલમિન, કેનેડામાં પ્લાઝમા અછતને પહોંચી વળવા માટે DSNDPના પ્રયાસોની પ્રશંસા કરવા માટે પ્લાઝમા દાન અભિયાનમાં હાજરી આપી હતી. તેમણે DSNDPના સ્વયંસેવકોના સમર્પણને માન્યતા આપી સંસ્થાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રભાવની પ્રશંસા કરી હતી. સાથે જ હાઉસ ઓફ્ કોમન્સ વતી માન્યતા પ્રમાણપત્ર રજૂ કર્યું હતુ. યોર્ક રિજનલ કાઉન્સિલર ગિનો રોસાટી અને માર્ખામ સિટી કાઉન્સિલર ઈસા લીએ પણ DSNDPને પ્રમાણપત્રો અર્પણ કર્યા હતા. કેનેડિયન બ્લડ સર્વિસીસના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર મરિયમ નિસે, પ્લાઝમા ડ્રાઈવમાં ચાર વર્ષથી DSNDPના સતત સમર્થનનો સ્વીકાર કર્યો છે. તેમણે સંસ્થા અને તેના સ્થાપકોને કેનેડાની જીવનરેખામાં તેમના મહત્વપૂર્ણ યોગદાનને માન્યતા આપતા પ્રશંસાપત્ર અર્પણ કર્યું હતુ. વધુ માહિતી માટે, કૃપા કરીને મુલાકાત લો: www.dsndp.com

# ડોનાલ્ડ ટ્રમ્પ કેનેડા પર રોષે ભરાયા વધારાનો 10 ટકા ટેરિફ ઝીંકી દીધો

## રીગન પ્રેસિડેન્શિયલ ફાઉન્ડેશન અને ઇન્સ્ટિટ્યૂટે ટ્રમ્પના પગલાને વખોડ્યું

**ન્યુયોર્ક**

ટ્રમ્પે કેનેડા પર વધારાના 10 ટકા ટેરિફ વધારાની જાહેરાત કરી છે. ટ્રમ્પનું આ કડક પગલું કેનેડા દ્વારા અમેરિકાના પૂર્વ પ્રમુખ રોનાલ્ડ રીગનના ઐતિહાસિક ભાષણનો કથિત રીતે દુરુપયોગ કરતી એક જાહેરાતને ‘છેતરપિંડી’ ગણાવ્યા બાદ આવ્યું છે. આ સાથે જ કેનેડા પર અમેરિકા ટેરિફ હવે કુલ 45 ટકા સુધી વધી ગયો છે. કેનેડિયન સરકારે તાજેતરમાં એક જાહેરાત અભિયાન શરૂ કર્યું હતું, જેમાં અમેરિકાના રોનાલ્ડ રીગનના 1980ના દાયકાના રેડિયો ભાષણમાંથી પસંદ કરેલા ઓડિઓ અને વીડિયોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ જાહેરાતનો ઉદ્દેશ્ય રીગનને ટેરિફ વિરોધી તરીકે દર્શાવીને અમેરિકાની વર્તમાન ટેરિફ નીતિઓ સામે લોકોના અભિપ્રાયને પ્રભાવિત કરવાનો હતો. જો કે, રોનાલ્ડ રીગન પ્રેસિડેન્શિયલ ફાઉન્ડેશન અને ઈન્સ્ટિટ્યૂટે આ જાહેરાતની સખત નિંદા કરી હતી, અને કહ્યું હતું કે ઓડિયો-વીડિયોનો ઉપયોગ ખોટી રીતે અને તેમની પરવાનગી વિના કરવામાં આવ્યો છે. ફાઉન્ડેશને કાનૂની કાર્યવાહી કરવાની ધમકી પણ આપી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ ઘટનાની ટીકા કરતાં લખ્યું, ‘કેનેડાએ ટેરિફ પર રોનાલ્ડ રીગનના ભાષણની નકલી જાહેરાત મૂકી. તેનો એકમાત્ર હેતુ યુએસ સુપ્રીમ કોર્ટને પોતાનો બચાવ કરાવવાનો હતો.






રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# સ્વામિ. મંદિર દ્વારા દિપાવલીની ઉજવણી : નૂતન વર્ષના વધામણાં

## નુતન વર્ષના આરંભે શુદ્ધ અને સાત્વીક વાનગીઓ અને મીઠાઇઓ બનાવી અન્નકુટ ભગવાનને ધરાવાયો

**ટોરોન્ટો**

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાંદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો દ્વારા દિપાવલીના પર્વની ઉજવણી સાથે નૂતન વર્ષને આવકાર અપાયો હતો.

હિન્દુ સનાતન સંસ્કૃતિની પરંપરાનુસાર આનંદ અને હર્ષોલ્લાસ સાથે મંદિરે કાર્યક્રમો યોજાયા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી, શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જ્ઞાનમહોદધિ જીતેન્દ્રીય પ્રિયદાસજી તથા સ્વામીશ્રી મહારાજની પ્રેરણાથી અને આર્શીવાદથી સર્વે સત્સંગી હરિભક્તો દ્વારા દિપાવલીનું પ્રકાશમય પર્વ તથા વિક્રમ સંવત 2082ના નૂતન વર્ષનો ભવ્ય કાર્યક્રમ ઉજવાયો હતો. તા. 25 ઓક્ટોબર 2025 શનિવારના રોજ દિપાવલી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે સમગ્ર મંદિર પરિસર તથા ભગવાનના સિંહાસનને રંગબેરંગી લાઈટો તથા ફૂલહારથી સજાવવામાં આવ્યા હતા. આ સાથે જ દીપો પ્રગટાવાયા હતા.





## હરિભક્તો દ્વારા કિર્તનભક્તિ, કથાવાર્તા તેમજ મહાલક્ષ્મીના પૂજનનો કાર્યક્રમ યોજાયો, બાળકોને શિક્ષાપત્રીની ભેટ અપાઈ, મહાઆરતી સાથે હરિભક્તો દ્વારા ભગવાનનો જય જયકાર કરાયો

હરિભક્તો દ્વારા આ દિવસે કિર્તનભક્તિ, કથાવાર્તા તેમજ મહાલક્ષ્મીના પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંદિરના સર્વે બાળકોને શિક્ષાપત્રી દ્વિશતાબ્દી પર્વ નિમિત્તે સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી ત્રણે ભાષામાં બનેલી શિક્ષાપત્રીની ગીફ્ટ સંસ્થા તરફથી આપવામાં આવી હતી. ત્યારબાદ સર્વે બાળકોએ તથા સર્વે હરિભક્તો ભાઈ-બહેનોએ મહાઆરતી કરી ભગવાનનો જયજયકાર કરી ફાયર વર્ક્સના કાર્યક્રમનો લાભ લીધો હતો. ત્યારબાદ પધારેલ સર્વે દર્શનાર્થી તથા હરિભક્તોએ મહાપ્રસાદ-ડીનર લીધું હતું. તા.26 ઓક્ટોબર 2025ના દિવસે વિક્રમ સંવત 2082ના નૂતન વર્ષનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ દિવસે સામુહિક ચોપડાપૂજન રાખવામાં આવ્યું હતું તેમજ હિન્દુ સનાતન સંસ્કૃતિ મુજબ શુદ્ધ અને સાત્વીક વાનગીઓ, મીઠાઈઓ બનાવી ભગવાનને દિવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

ભવ્યતાસભર ઉજવાયેલા અન્નકૂટ ઉત્સવમાં સર્વે સત્સંગી ભાઈ-બહેનોએ પોતાની તન, મન, ધનથી સેવાઓ અર્પણ કરી હતી.

અન્નકૂટ ઉત્સવ દરમ્યાન થાળ, આરતી, ઓચ્છવ તેમજ આચાર્ય સ્વામીના વીડિયો થકી આર્શીવાદ તેમજ અન્નકૂટ આરતીઓના દિવ્યતાસભર કાર્યક્રમોથી પ્રસંગ દીપી ઉઠ્યો હતો.

આ પ્રસંગે દિવ્ય અન્નકૂટ દર્શન માટે સ્કારબોરો રાઉગ પાર્ક ટોરોન્ટોના કાઉન્સેલ નિથમ શાહ મંદિરમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમનું સંસ્થા વતી પ્રમુખ હરેશભાઈ પટેલે પુષ્પહારથી સન્માન કરી પ્રસાદ અર્પણ કર્યો હતો.

શાહે ઉપસ્થિતોને જયશ્રી સ્વામિનારાયણ કહીને નૂતનવર્ષાભિનંદન પાઠવ્યા હતા. અને સન્માન પત્ર આપી મંદિરની કામગીરીને બીરદાવી હતી.

અન્નકૂટમાં વિવિધ અનેક પ્રકારની વાનગીઓની ગોઠવણી તેમજ રોશની અને બાળ પ્રવૃત્તિ વિગેરેથી પ્રભાવિત થઈ તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતમાં સમગ્ર બે દિવસીય પ્રોગ્રામમાં તન, મન, ધનથી સેવા આપનાર સૌ હરિભક્ત ભાઈ-બહેનોનો સંસ્થા વતી આભાર માનવામાં આવ્યો હતો અને વર્કિંગ કમિટીના દરેક સભ્યોને પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અંતે સર્વે દર્શનાર્થી, સર્વે હરિભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# કેનેડામાં પંજાબી સિંગર ચન્નીના ઘર પર ફાયરિંગ, બિશ્નોઈ ગેંગનો હાથ

### સરદાર ખેડા સાથેના સંબંધોને કારણે હુમલો કરાયો

**ટોરન્ટો**

કેનેડામાં લોકપ્રિય સિંગર ચન્ની નટ્ટનના ઘર ઉપર અંધાધૂંધ ફાયરિંગ કરીને બદમાશોએ આતંક મચાવ્યો હતો. સદનસીબે ચન્ની અને તેનો પરિવાર માંડ-માંડ બચી ગયો છે. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેમાં ફાયરિંગ કરતા બદમાશો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

લોરેન્સ બિશ્નોઈ ગેંગે પંજાબી સિંગર ચન્ની નટ્ટનના કેનેડા સ્થિત આવાસ પર થયેલા ફાયરિંગની જવાબદારી લીધી છે, જેમાં સરદાર ખેડા સાથેના તેમના કથિત સંબંધોનો હવાલો આપવામાં આવ્યો છે. ગેંગના એક સહયોગીએ એક વીડિયો જાહેર કરીને અન્ય સિંગરોને સરદાર ખેડા સાથે સબંધ ન રાખવા ચેતવણી આપી છે. સ્થાનિક અધિકારીઓ આ દાવાની તપાસ કરી રહ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ગેંગના મોટા ખેલાડી ગોલ્ડી ધિલ્લોને કહ્યું કે, 'સત શ્રી અકાલ! હું ગોલ્ડી ધિલ્લોન બોલી રહ્યો છું. (લોરેન્સ બિશ્નોઈ ગેંગ). ચન્ની નટ્ટનના પર થયેલ ફાયરિંગનું કારણ સરદાર ખેડા છે. ગેંગનો દાવો છે કે ચન્ની સરદાર ખેડા સાથે સબંધ વધારી રહ્યો હતો, જે તેમનો દુશ્મન છે. અમારી ચન્ની સાથે પર્સનલી કોઈ દુશ્મની નથી, બસ મેસેજ આપવા માટે આ ફાયરિંગ કરવામાં આવ્યું છે.'






તંત્રી સ્થાનેથી

# મહાસત્તાઓને શસ્ત્રોના વેપારમાં જ રસ, અમેરિકા હજી પણ અવ્વલ



તંત્રી - સ્વદેશ

દુનિયામાં યુદ્ધો વધ્યા તેના કારણે અજંપાનું વાતાવરણ સર્જાયું છે. જો શસ્ત્રો નહીં હોય તો આપણો વિનાશ થઈ જશે' એવું સામાન્ય નાગરિકોના દિમાગમાં શસ્ત્રોના સોદાગરો, રાજકારણીઓએ ઠસાવી દીધું છે. જેને કારણે વિકસિત અને વિકાસશીલ દેશોની સરકારોએ ડિફેન્સ બજેટ વધારવું પડ્યું છે. અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ, જર્મની, બ્રિટન જેવા દેશોએ જ યુદ્ધનો ભય બતાવીને દુનિયામાં શસ્ત્રોનો મોટો વેપાર વિકસાવ્યો છે. હકીકતે વિશ્વયુદ્ધ પછી મહાસત્તા દેશોએ સુરક્ષાના નામે શસ્ત્રો વેચવાનો ધંધો શરૂ કર્યો હતો. એકબીજા દેશોને લડાવીને એના પર શસ્ત્રોના વેપારની ઈમારત ઉભી કરનારા દેશોમાં અમેરિકા છેલ્લાં ૮૦ વર્ષથી ટોચ પર છે. ગ્લોબલ મિલિટરી ટ્રેડ માર્કેટમાં અમેરિકાનો હિસ્સો ૪૦ ટકા જેટલો છે. આ આંકડો અમેરિકાનો દબદબો દર્શાવવા માટે પૂરતો છે. શસ્ત્રોના વેપારમાં ટોપ-૧૦૦ મિલિટરી કંપનીઓમાંથી ૪૧ કંપનીઓ અમેરિકન છે. વિશ્વમાં શસ્ત્રો અને લશ્કરી સામગ્રીનું વાર્ષિક માર્કેટ ૬૫૦ અબજ ડોલરનું છે અને એમાંથી ૩૨૦ અબજ ડોલરનો વેપાર અમેરિકન કંપનીઓ પાસે છે. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાની સીધી સ્પર્ધા રશિયા સાથે હતી. તે વખતે અમેરિકા તેમના સાથી દેશોને લોન પર હથિયારો આપતું હતું. તો રશિયા પણ કેટલાય દેશો સાથે લશ્કરી સહયોગ કરીને પ્રોડક્શન કરતું હતું. દોઢ દશકા સુધી અમેરિકા-રશિયા વચ્ચે ગ્લોબલ મિલિટરી ટ્રેડ ઉપર અધિકાર જમાવવા લડાઈ ચાલતી રહી હતી. પરંતુ દુનિયાભરના સંરક્ષણ સંશોધકોને અમેરિકાએ તેને ત્યાં યોગ્ય માહોલ આપીને, સન્માન આપીને, વળતર આપીને આકર્ષ્યા અને ડિફેન્સ ટેકનોલોજી રશિયાથી બહેતર બનાવી, તેને કારણે તે રશિયાથી આગળ નીકળ્યું.

જો કે, તે પછી રશિયાએ મેદાન છોડ્યું નથી. આજે પણ તે ૨૪ ટકા માર્કેટ શેર સાથે વેપન વેપાર મામલે બીજા ક્રમે છે. હથિયારો, લડાકુ વિમાનો, સબમરીન, લશ્કરી હેલિકોપ્ટર્સ વગેરેના આ ધંધામાં અમેરિકા-રશિયા ઉપરાંત ફ્રાન્સ, બ્રિટન અને જર્મની પણ બિગ પ્લેયર્સ છે. ફ્રાન્સ પાસે ગ્લોબલ મિલિટરી માર્કેટનો ૧૬ ટકા જેટલો મોટો હિસ્સો છે. તેને કારણે ભવિષ્યમાં તે રશિયાને ટક્કર આપે તેવી શક્યતા છે. હવે આવા સમીકરણો વચ્ચે ચીને પણ આ કારભારમાં નામ કરવા માંડ્યું છે.

અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન, જર્મની, ઈઝરાયલ જેવા દેશો પાસેથી શસ્ત્રો ખરીદવાનું કેટલાક દેશોનું ગજું ન હતું. અમેરિકા સામે ગ્લોબલ મિલિટરી ટ્રેડની બેટલ હાર્યા પછી રશિયાએ મધ્યમ આવક ધરાવતા વિકાસશીલ દેશોને હથિયાર આપવાનું શરૂ કર્યું હતુ. તેમ છતાં એવા અસંખ્ય દેશો હતા, જેમને શસ્ત્ર-સરંજામની જરૂર તો હતી, પરંતુ બજેટ ન હતું. એ દેશોને ધ્યાનમાં રાખીને ચીને હથિયારો બનાવ્યા છે. પ્રોડક્ટ ડિઝાઈનની કોપી કરવામાં કુખ્યાત ચીને અમેરિકા-રશિયા-ફ્રાન્સના યુદ્ધજહાજો, સબમરીન, લડાકુ વિમાનો, બંદૂકો, તોપો વગેરેની આબેહૂબ કોપી કરી છે. અને એ હથિયાર કે સાધનો સસ્તાં ભાવે વેચવાનું શરૂ કર્યું છે.

શરૂઆતમાં પાકિસ્તાન, શ્રીલંકા, મલેશિયા, થાઈલેન્ડ, ઈરાક, સર્બિયા, કઝાકિસ્તાન વગેરે દેશ ચીનના ગ્રાહક બન્યા હતા. પણ હવે અન્ય દેશો પણ તેની તરફ નજર માંડી રહ્યા છે. અમેરિકા-રશિયાની વિદેશ નીતિમાં શસ્ત્રોનો વેપાર બહુ જ મહત્ત્વનો રહેતો આવ્યો છે. અમેરિકા પાસેથી શસ્ત્રો ખરીદતા દેશોના હિતો જાળવવા દરેક અમેરિકન પ્રમુખ પણ કટિબદ્ધ રહે છે, બીજી તરફ કોલ્ડ વૉર સુધી જ્યારે અમેરિકા-રશિયા વચ્ચે સ્પર્ધા હતી ત્યાં સુધી રશિયા પાસેથી જે દેશો શસ્ત્રો ખરીદે તેનું હિત જાળવવા રશિયા પણ પાછળ પડતુ ન હતુ.

એકબીજાના શસ્ત્રો ચડિયાતા છે એ બતાવવા માટે કેટલાય નિર્દોષ દેશોને આ બંને દેશોએ આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. કોરિયા મહાદ્વિપનું વિભાજન જ અમેરિકા-રશિયાની રાજકીય-સંરક્ષણ મહત્વકાંક્ષાના કારણે થયું હતુ. બંને દેશોએ આ ‘ભાઈઓ’ને લડાવીને શસ્ત્રોના પરીક્ષણો કર્યા હતા. એવા જ પરીક્ષણો વિએટનામથી માંડી સીરિયા સુધી થઈ ચૂક્યા છે.

આ શસ્ત્રોના વેપારની બુનિયાદ ઉપર દુનિયામાં યુદ્ધ કે છમકલા થઈ રહ્યાં છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને શાંતિના નોબેલ પારિતોષિકની મહત્વકાંક્ષા છે. તેથી મધ્યસ્થી કરાવીને ઈઝરાયલ-હમાસ વચ્ચે શાંતિ સ્થાપવા પ્રયાસો કરી જોયા છે.

પણ એ શાંતિ કેટલું ટકે એ કહી શકાય તેમ નથી. યુદ્ધવિરામ અસ્થિર છે એની સાબિતી તો એક જ સપ્તાહમાં મળી ગઈ હતી. બે દિવસ પહેલાં પણ ઈઝરાયલે હુમલો કર્યાના અહેવાલો હતા. કેટલાય લોકો ફરીથી બંને તરફના હુમલામાં માર્યા ગયા છે. હજુય સામ-સામી ધમકીનો સિલસિલો અટક્યો નથી. મિડલ ઈસ્ટમાં ભારેલો અગ્નિ છે અને ગમે ત્યારે ભભૂકી ઉઠે એવી દહેશત છે. એકથી વધુ દેશો વચ્ચે ભારે તંગદિલીનો માહોલ છે. ઈઝરાયલ-હમાસ ઉપરાંત ઈઝરાયલ-ઈરાન જેવા દેશો વચ્ચે પણ ગમે ત્યારે મિસાઈલ મારો થઈ જાય છે. ઈઝરાયલ, પેલેસ્ટાઈન, ઈરાન, લેબેનોન, સીરિયા, તુર્કી, યમનમાં હિંસા થઈ રહી હોવાથી હજારો લોકોએ જીવ ખોયો છે. મિડલ ઈસ્ટ પછી બીજો કોઈ સૌથી સળગતો વિસ્તાર હોય તો એ આફ્રિકા છે. આફ્રિકાના જુદા જુદા દેશોમાં લગભગ ૩૫ જેટલા સશસ્ત્ર સંઘર્ષો ચાલી રહ્યા છે. એશિયામાં દેશો વચ્ચે કે બળવાખોર જૂથો વચ્ચે ૨૧-૨૨ સશસ્ત્ર લડાઈઓમાં રક્તપાત થઈ રહ્યો છે. અફઘાનિસ્તાન-પાકિસ્તાન વચ્ચે તંગદિલીનો માહોલ છે. યુરોપમાં રશિયા-યુક્રેન યુદ્ધ ઉપરાંત અન્ય સશસ્ત્ર લડાઈઓમાં લોહીની નદીઓ વહે છે. યુરેશિયાના દેશો - આર્મેનિયા અને અજરબૈઝાન વચ્ચે જમીનનો વિવાદ ચાલી રહ્યો છે. દુનિયાભરમાં બે દેશો વચ્ચે ૪૩ લડાઈઓ ચાલે છે. યુએન માન્ય દેશો વચ્ચે ઝઘડો થાય, તેને આંતરરાષ્ટ્રીય લશ્કરી વિવાદ કહે છે. એ સિવાય સત્તાવાર રીતે બે દેશો વચ્ચે સીધી લડાઈ ન હોય, પરંતુ કોઈ એક દેશના લશ્કરને અન્ય દેશ સમર્થિત આતંકવાદી જૂથ કે બળવાખોરો સામે લડાઈ ચાલતી હોય, તેવી ૧૧૦ લોહિયાળ લડાઈ આજે પણ થઈ રહી છે. હમાસ- ઈઝરાયલ વચ્ચે શાંતિની વાર્તા કરનારા ટ્રમ્પ પણ ઢોંગ કરી રહ્યા છે તે સૌ કોઈ જાણ છે. ઈરાનમાં એકથી વધુ આતંકી અને બળવાખોર જૂથો હુમલા કરે છે. અલ-કાયદા અને ઈસ્લામિક સ્ટેટ્સ જેવા સંગઠનો પણ મધ્યપૂર્વના ઘણાં દેશોમાં સક્રિય છે. મિડલ ઈસ્ટમાં સૌથી વધુ બળવાખોર અને આતંકવાદી સંગઠનો સક્રિય હોવાથી ત્રીજું વિશ્વયુદ્ધ આ વિસ્તારમાંથી ફાટી નીકળે એવી ભીતિ રહે છે. આવા સંજોગોમાં સતત વેપન્સની માંગ રહે તે સમજી શકાય તેવી બાબત છે. મહાસત્તાઓ આમ તો શાંતિનો રાગ આલપતા રહે છે. પણ વાસ્તવમાં મહાસત્તાઓને શાંતિની સ્થાપના નહીં, શસ્ત્રો વેચવામાં વધારે રસ છે.

મનોજ ગાંધી
manoj1968@yahoo. ca






# ઈરાનમાં બંધક બનાવાયેલા 4 ગુજરાતી વતન પરત ફર્યા

## 2 લોકોની ગાંધીનગર પોલીસે પૂછપરછ કરી, અન્ય બે લોકોની તબિયત ખરાબ થઈ જતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

**માણસા**

ઈરાનમાં બંધક બનાવાયેલા માણસા તાલુકાના બાપુપુરા અને બદપૂરા ગામના 4 લોકો હેમખેમ વતન પરત ફરતા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ચારેય લોકો વાયા દિલ્હી અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. અમદાવાદ એરપોર્ટથી પૂર્વ ધારાસભ્ય અમિત ચૌધરીની કારમાં પોલીસ કાફલા સાથે 2 લોકોને લોકલ ક્રાઈમ બ્રાન્ચ-1ની ઓફિસે લવાયા હતા, જ્યારે અન્ય બે લોકોની તબિયત ખરાબ હોવાથી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અનિલ ચૌધરી અને નિખિલ ચૌધરીને ગાંધીનગર એલસીબીમાં લવાયા હતા. જ્યારે



ચૌધરી અજયકુમાર કાંતિભાઈ, ચૌધરી પ્રિયાબેન અજયકુમારની તબિયત ખરાબ હોવાથી હોસ્પિટલ ખસેડાયા હતા. એલસીબી ઓફિસે માણસા વિધાનસભાના વર્તમાન ધારાસભ્ય જે.એસ.પટેલ અને પૂર્વ ધારાસભ્ય અમિત ચૌધરી પણ હાજર રહ્યા હતા.

લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં વિગતવાર પૂછપરછ કરી તેમને માણસા લઈ જવામાં આવશે. ચારેય જણા માણસાથી ઈરાન કેવી રીતે ગયા, એજન્ટની વિગતો, કયા રુટ પરથી નીકળ્યા હતા. વિઝા હતા કે નહીં. ખંડણીખોરોએ કેવો અત્યાચાર ગુજાર્યો સહિતની વિગતો પૂછવામાં આવી હતી.

આ અંગે માહિતી આપતા માણસાના ધારાસભ્ય જયંતિ પટેલે જણાવ્યું હતું કે બાપુપુરા અને બદપૂરા ગામના ચાર લોકો ઓસ્ટ્રેલિયા જવા નીકળ્યા હતા. જેમને એજન્ટ અલગ અલગ ત્રણ દેશમાં લઈ ગયો હતો. બાદમાં ઈરાનમાં અપહરણ કરી માર મારવામાં આવ્યો હતો. સમગ્ર બાબતે પરિવાર અને સરપંચે મને રજૂઆત કરી હતી. મેં અમિત શાહ, મુખ્યપ્રધાન, ગૃહ રાજ્યપ્રધાનને રજૂઆત કરી હતી. હાલ તેઓને સલામત પાછા લવાયા છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ગાંધીનગરના એસપીએ પણ આ મુદ્દાને ગંભીરતાથી લીધો છે. એરપોર્ટથી તેમના પરિવાર સાથે વાત થઈ હતી. પીડિતોએ હજુ સુધી એજન્ટ અંગે પરિવારને જાણ કરી નથી. તેમના માતા-પિતા પણ આ બાબતે અજાણ હતા. ગેરકાયદે વિદેશ જવા બાબતે પોલીસ ફરિયાદ થઈ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ગાંધીનગરના માણસા તાલુકાના બાપુપુરા ગામના ચાર લોકો ઓસ્ટ્રેલિયા જવા માટે નીકળ્યા બાદ ઈરાનમાં અપહરણ થયું હોવાનું બહાર આવ્યું હતું.

# વડોદરાના વાઘોડિયામાં 3 વીજ કર્મીને કરંટ લાગ્યો, એકનું મોત

**વડોદરા**

વાઘોડિયા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ રિપેર કરવાની કામગીરી દરમિયાન આજે એક ગંભીર દુર્ઘટના બની હતી. સિદ્ધિ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિસ્તારમાં ત્રણ વીજકર્મી ઊંચી સીડી દ્વારા લાઈટની મેન્ટેનન્સ કરી રહ્યાં હતાં, ત્યારે સીડી અચાનક 11 કેવીની હાઈ-ટેન્શન લાઈનને અડી જતા તેમને કરંટ લાગ્યો હતો. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતાં. આ સાથે વીજશોક લાગતા અન્ય બે ઈજાગ્રસ્ત કર્મચારીઓમાં કનુભાઈ સંપતભાઈ ઠાકરડા અને નીનેશભાઈને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. દુર્ઘટનામાં સુખદેવભાઈ 80 ટકા જેટલા દાઝી ગયા હતાં. જેથી તેઓને 108 એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં પરંતુ તબીબો દ્વારા સુખદેવભાઈને મૃત જાહેર કરાયા હતાં. જ્યારે અન્ય બે કર્મચારીઓ ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા એમજીવીસીએલની ટીમ ઘટના સ્થળે પહોંચી વીજ પુરવઠો બંધ કર્યો હતો. આ ઘટનાની જાણ વાઘોડિયા પોલીસને કરતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને સુખદેવભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

# દહેગામના વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરી સાઈબર ગઠિયાઓએ રૂપિયા 44.76 લાખ પડાવી લીધા

## ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપી ઠગાઈ, પોલીસ સ્ટેશનમાં NOC લેવા જતા ભાંડો ફૂટયો

**ગાંધીનગર**

દહેગામ સાણોદા ગામમાં રહેતા નિવૃત્ત વૃદ્ધ રઘુનાથ મફતાજી ચૌહાણ ગત ૨૪ સપ્ટેમ્બરના રોજ તેઓ ઘરે હતા તે દરમિયાન તેમના મોબાઈલ નંબર ઉપર એક વ્યક્તિએ ફોન કરીને પોતે મુંબઈ દૂરસંચારમાંથી બોલતો હોવાની ઓળખ આપી હતી અને જણાવ્યું હતું કે, તેમના મોબાઈલ નંબર ઉપર ૨૪ જેટલા ગુના નોંધાયેલા છે. જેથી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કરવો પડશે. તેમણે આપેલા મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરતા સાયબર ગઠીયાઓએ પોતે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના વિજય ખન્ના હોવાની ઓળખ આપી હતી અને પોલીસ ગણવેશમાં વિડીયો કોલ પણ કર્યો હતો. ત્યારબાદ તેમને જણાવવામાં આવ્યું હતું કે, આ સંદર્ભે કોઈને જાણ કરતા નહીં નહિતર વધુ મુશ્કેલી ઊભી થશે. એટલું જ નહીં, આ સાઈબર ગઠિયાઓએ એવું કહ્યું હતું કે, તેમના નામે કેનેરા બેંકમાં એકાઉન્ટ ખોલાયું છે, જેમાં ધાક-ધમકીથી ૨ કરોડ જમા થયા છે અને નરેશ ગોયેલ નામના વ્યક્તિએ તે ઉપાડી લીધા છે. ત્યારબાદ તબક્કાવાર ૪૪.૭૬ લાખ રૂપિયા તેમણે ટ્રાન્સફર કરી દીધા હતા. એટલું જ નહીં, સાઈબર ગઠિયાઓ દ્વારા મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ ના સિક્કા વાળા લેટર, ઈન્ટ્રોગેશન રેકોર્ડ, કોર્ટ હુકમ લેટર સહિતના દસ્તાવેજો વોટ્સએપ મારફતે મોકલી આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેમને એનઓસી મેળવી લેવા માટે કહેવામાં આવ્યું હતું. વૃદ્ધ દહેગામ પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે પોલીસ દ્વારા તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાવવામાં આવ્યું હતું.

# હિંમતનગર રેલવે સ્ટેશન પરથી રૂ.79 લાખનું એમ્ફેટામાઈન, મેથામ્ફેટામાઈનનો જથ્થો જપ્ત

## આંતરરાજ્ય ડ્રગ્સ હેરફેરની શંકા, ટ્રેનમાંથી મળી હતી બિનવારસી બેગ

**હિંમતનગર**

અમદાવાદ રેલ્વે પોલીસે રવિવારે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ એક મોટી કાર્યવાહીમાં હિંમતનગર રેલ્વે સ્ટેશન પરથી 79 લાખથી વધુની કિંમતનો એમ્ફેટામાઈન અને મેથામ્ફેટામાઈન ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો છે. ગ્રે રંગની સોલ્ડર બેગ સવારે લગભગ 9 વાગ્યે હિંમતનગર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2/3 પર વીરભૂમિ એક્સપ્રેસ ટ્રેનના આગળના જનરલ કોચ નજીક મળી આવી હતી. રુટિન તપાસ દરમિયાન હિંમતનગર રેલ્વે આઉટપોસ્ટના હેડ કોન્સ્ટેબલનું સૌથી પહેલાં આ બેગ ઉપર ધ્યાન ગયું હતું. જોકે, કોઈ પણ મુસાફર બેગ લેવા આગળ ન આવતા, પોલીસે પ્રાથમિક તપાસ કરી અને તેમાં માદક પદાર્થ હોવાની શંકા ગઈ. ત્યાર બાદ આ અંગે તુરંત જ વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. ટીમે બેગ ખોલી તો તેમાંથી કપડાં અને ખાખી સેલોટેપમાં લપેટાયેલા ત્રણ પેકેટ મળી આવ્યા હતા. FSL અધિકારી દ્વારા સ્થળ પર જ કરાયેલા ટેસ્ટમાં પુષ્ટિ થઈ કે, બે પેકેટમાં એમ્ફેટામાઈન અને મેથામ્ફેટામાઈન ડ્રગ્સ હતું, જ્યારે ત્રીજું પેકેટ નેગેટિવ આવ્યું હતું. ટ્રેનમાંથી મળી આવેલા આ જથ્થાનું વજન 792.11 ગ્રામ હતું અને બજારમાં તેની કિંમત 10,000 પ્રતિ ગ્રામ લેખે કુલ 79.21 લાખ હતી. પોલીસને શંકા છે કે, આ માદક પદાર્થનો જથ્થો મધ્યપ્રદેશ અને રાજસ્થાન તરફથી લાવવામાં આવી રહ્યો હતો.

# ડભોઈ APMC ચૂંટણી પહેલાં કોંગ્રેસને ફટકો : છ હોદ્દેદારો ભાજપમાં જોડાયા

## પલટી મારનારા 40 વર્ષથી કોંગ્રેસમાંથી ચૂંટણી લડતા હતા

**વડોદરા**

જિલ્લાની ડભોઈ એપીએમસી ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ફટકો લાગ્યો હતો. એપીએમસીના ચેરમેન સહિત કોંગ્રેસના છ મુખ્ય હોદ્દેદારો ભાજપમાં સામેલ થઈ ગયા હતા.

મળતી વિગત પ્રમાણે, ડભોઈ એપીએમસીના ચેરમેન દિલીપ પટેલ ભાજપમાં જોડાયા હતા. દિલીપ પટેલનો ડભોઈ એપીએમસીમાં ઘણા વર્ષોથી દબદબો રહ્યો છે અને તેઓ છેલ્લા 40 વર્ષથી કોંગ્રેસ પ્રેરિત પેનલમાંથી એપીએમસીની ચૂંટણી લડતા આવ્યા હતા. ચેરમેન દિલીપ પટેલની સાથે કોંગ્રેસના અન્ય અગ્રણી નેતા પ્રવીણ ટીંબી પણ ભાજપમાં જોડાયા હતા. આ તમામ 6 હોદ્દેદારોને ભાજપમાં પ્રવેશ કરાવવા માટે ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા દ્વારા ભાજપનો ખેસ પહેરાવવામાં આવ્યો હતો. એપીએમસીના આ તમામ પૂર્વ કોંગ્રેસી હોદ્દેદારોને ભાજપે પક્ષમાં જોડીને તેમને મેન્ડેટ પણ આપી દીધા છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે આગામી એપીએમસીની ચૂંટણીમાં આ તમામ નેતાઓ હવે ભાજપના બેનર હેઠળ ચૂંટણી લડશે.

# વિસનગરમાં ચોરીના ઈરાદે આવેલા ચોરોએ આશ્રમના મહંત પર કર્યો ધોકાઓ વડે હુમલો

**વિસનગર**

તાલુકાના સદુથલા ગામે આવેલ ઉમેદપુરી આશ્રમમાં મોડી રાત્રે બુકાનીધારી તસ્કરો ત્રાટકતાં ખળભળાટ મચી ગયો છે. બુકાનીધારીઓએ આશ્રમના મહંત પ્રયાગગીરીજી મહારાજ પર હુમલો કર્યો હતો. સદુથલા ગામના ઉમેદપુરી આશ્રમમાં રાત્રી દરમિયાન બુકાનીધારી તસ્કરો હથિયારો સાથે ત્રાટક્યા હતા. પોલીસનું પ્રાથમિક અનુમાન છે કે તસ્કરો ચોરી કરવાના ઈરાદે આશ્રમમાં ઘૂસ્યા હતા. આશ્રમમાં ઘૂસેલા બુકાનીધારીઓએ મહંત પ્રયાગગીરીજી મહારાજ પર ધોકા વડે હુમલો કર્યો હતો. હુમલાને કારણે મહંતને ઈજાઓ પહોંચી હતી. જોકે મહંતે પ્રતિકાર કર્યો કે અન્ય કોઈ કારણસર તસ્કરો ચોરી કરવામાં સફળ રહ્યા કે નહીં તે અંગેની ચોક્કસ માહિતી હજુ સુધી પ્રાપ્ત થઈ નથી.

# ઠાસરાના પુરુષની હત્યા કરીને લાશ અવાવરું જગ્યાએ ફેંકી દેનાર 2 ઝબ્બે

## અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો

**અંકલેશ્વર**

અંકલેશ્વર પાસે પિરામણ ગામમાં ઝાડીઝાંખરા વાળી અવાવરુ જગ્યામાં મળેલા અજાણ્યા પુરુષના ખૂનનો ભેદ ઝડપથી ઉકેલી લીધો છે.

તા. ૨૧ ઓક્ટોબરના રોજ પિરામણ ગામમાં નવીનગરી સામે પુરુષના માથાના ભાગે ગંભીર ઈજા સાથે બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તપાસમાં મૃતકની ઓળખ વિષ્ણુ કુમાર ગણપતિસિંહ રાઠોડ (મૂળ રહે.નાના કોતરીયા, તા.ઠાસરા, જિ. ખેડા) થઈ હતી. પ્રથમ હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો પરંતુ ઈજાગ્રસ્તના મૃત્યુ બાદ ગુનામાં ખૂનની કલમ ઉમેરાઈ હતી. પોલીસે શંકાસ્પદ શખ્સોની ઓળખ કરી પૂછપરછ દરમિયાન એક કિશોર (ઉ.વ.૧૬ વર્ષ ૯ મહિના) અને તેનો ભાઈ (રહે.મૂળ મધ્યપ્રદેશ) સામે ગુનો દાખલ કર્યો હતો. આ બંનેએ મોબાઈલના પૈસાના વિવાદને લઈ મળી ગુનો કર્યાની કબૂલાત આપી હતી. મુખ્ય આરોપીને તેની સાસરી જી. જાબુઆ (મ.પ્ર.) ખાતેથી ઝડપી લાવી સઘન પૂછપરછ બાદ કાર્યવાહી શરૂ કરી છે.

# વડોદરામાં રૂપિયાની ઉઘરાણી કરતા જ યુવકને ચપ્પુના ઘા ઝીંક્યા, પત્નીને પણ માર માર્યો

**મહીસાગર**

વડોદરામાં રૂપિયાની ઉઘરાણી બાબતે એક યુવક તેમજ તેની પત્ની ઉપર હુમલાનો બનાવ બનતા 3 ભાઈઓ સામે ગુનો દાખલ થયો છે. સયાજી જુલતા પુલ પાસે રહેતા જહીર ગાયકવાડે પોલીસને કહ્યું છે કે, તા.25મી એ સાંજે હું રેલવે લાઈન પાસે હતો તે દરમિયાન અકોટાનો ઈકરાન બંદા આવ્યો હતો. જેથી મેં તેને અગાઉ આપેલા રૂ.1200 પરત માંગતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને અપશબ્દો બોલવા માંડ્યો હતો. તેણે ફોન કરી તેના ભાઈઓને બોલાવતા ઈરબાજ અને ઈમરાન પણ આવી ગયા હતા અને તેમણે મને માર માર્યો હતો. આ દરમિયાન ઈમરાને મને માથા તેમજ બગલના ભાગે ચપ્પુના ઘા માર્યા હતા. જ્યારે મારી પત્ની આવી જતા એકરાને તેને પણ લાફા માર્યા હતા.

# સુરતમાં શિક્ષિકા-તરૂણ વિદ્યાર્થીના પ્રેમ પ્રકરણમાં ખુલાસો: શારિરીક સંબંધ બાંધ્યા હોવાનો સ્વીકાર

## પરિવાર ઘરમાં લગ્ન માટે ખુબ દબાણ કરાતાં બંને જણા ભાગી છૂટ્યા હતા

**સુરત**

સુરતમાં 23 વર્ષની શિક્ષિકા 13 વર્ષના છોકરાને લઈને ભાગી ગઈ હતી, ચોંકાવનારી વાત તો એ હતી કે, શિક્ષિકાએ 13 વર્ષની વિદ્યાર્થીની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા જેના કારણે તે ગર્ભવતી થઈ ગઈ હતી. અને તેના પેટમાં રહેલા બાળકનો પિતા બીજું કોઈ નહીં પરંતુ 13 વર્ષનો વિદ્યાર્થી હતો. આ ઘટનમાં પોલીસે બન્નેની ધરપકડ કરી લીધી હતી. અત્યારે 13 વર્ષના વિદ્યાર્થીનું પણ નિવેદન પ્રકાશમાં આવ્યું છે. તેણે જણાવ્યું હતું કે, તે ગર્ભવતી થઈ ગઈ હતી અને તેના કારણે બંને ફરાર થઈ ગયા હતા. મહત્વની વાત એ છે કે, 13 વર્ષના વિદ્યાર્થીઓ પણ કબુલ કર્યું છે કે, તેણે શિક્ષિકા સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતાં. પોલીસે હવે આ મામલે POCSO એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો છે. શિક્ષિકાએ એવું કહ્યું હતું કે, તેના ઘરવાળા તેને વારંવાર લગ્ન માટે દબાણ કરી રહ્યાં હતાં. જેના કારણે આ પગલું ભર્યું હતું. એટલું જ નહીં સામે 13 વર્ષના છોકરાએ પણ ઘરવાળા ભણવા માટે દબાણ કરતા હોવાથી શિક્ષિકા સાથે ગયો હોવાનું તેણે કહ્યું હતું. અત્યારે બન્ન લોકોએ જે નિવેદન આપ્યાં છે, જેમાં સમાનતા જોવા મળી છે. બન્નેએ કબુલાત કરી છે કે, તેઓએ શારીરિક સંબંધો બાંધ્યા છે. પરંતુ હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે, શું શિક્ષિકા આ ગર્ભ રાખશે? કારણે કે, તેનો પિતા 13 વર્ષનો છોકરો છે તો આ સંબંધ કેવી રીતે આગળ વધી શકશે? આવા અનેક પ્રકારના સવાલો થઈ રહ્યાં છે.

# નર્મદામાં ભેખડ ધસી પડવાની ઘટનામાં મૃતક 3 પરિવારને 50-50 લાખની સહાય

**નર્મદા**

નર્મદા ઘટના નવીનીકરણની કામગીરીમાં નજીકમાં જ પ્રોટેક્શન વોલ બનાવતા સમયે અચાનક ભેખડ ધરાસાઈ થઈ હતી. જેમાં અકતેશ્વર ગામના રહેવાસી ત્રણ શ્રમિકોનો મોત નીપજ્યા હતા. ઘટનાની રાત્રે ન્યાય ન મળે ત્યાં સુધી મૃતકનું પોસ્ટ મોર્ટમ ન કરવા પરિવારજનોએ જીદ પકડી હતી. સમગ્ર ઘટના મામલે પોલીસે એમ ઈફ્રા એજન્સી અને કોન્ટ્રાક્ટર શૈલેષ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધી આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ગરુડેશ્વર સરકારી દવાખાને નાંદોદ ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, ભાજપ પ્રમુખ નીલ રાવ, ધારાસભ્ય ચૈતર વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગ તડવી, રણજીત તડવી, નિરંજન વસાવા, સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા નિગમના અધિકારીઓ અને એજન્સીએ મૃતકના પરિવારજનો સાથે બેઠક કરી હતી. આ દરમિયાન મૃતકોના પરિવારને પરિવાર દીઠ કોન્ટ્રાક્ટર તરફથી 50 લાખ રૂપિયાની સહાય, મૃતકોના પરિવારના બાળકોને ભણતરની જવાબદારી, રાજ્ય સરકાર તરફથી પણ સહાય, સહિત નર્મદા નિગમ તરફથી પરિવારને 18 વર્ષથી ઉપરનાને નોકરીની જાહેરાત કરાઈ હતી.

# PM મોદી દ્વારા સરદાર પટેલનો સ્મારક સિક્કો અને પોસ્ટલ સ્ટેમ્પનું લોકાર્પણ થયું

**રાજપીપળા**



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ, 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે બે દિવસીય ગુજરાત મુલાકાત દરમિયાન એકતા નગરમાં 1220 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી હતી.

વડા પ્રધાને એકતાનગર અને રાજપીપલા વિસ્તાર માટે કુલ 1220 કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. એકતાનગર વિસ્તારમાં પર્યાવરણને અનુકૂળ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે વડા પ્રધાને ઈ-બસોને લીલી ઝંડી બતાવી સેવામાં મૂકી હતી. આ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતીના ઐતિહાસિક અવસર નિમિત્તે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર પટેલને સમર્પિત સ્મારક સિક્કો અને પોસ્ટલ સ્ટેમ્પનું લોકાર્પણ કર્યું હતું.

# શિરડી દર્શન કરવા ગયેલા સુરતના શ્રદ્ધાળુઓને નાસિકમાં નડ્યો અકસ્માત, 3ના મોત, 4 ઘાયલ

**સુરત**

શિરડીના સાંઈબાબાના દર્શન કરીને પરત ફરી રહેલા સુરતના સાત યુવકોને નાસિક નજીક એક ભયાનક અકસ્માત નડ્યો છે. નાસિક જિલ્લાના યેવલા તાલુકાથી પસાર થતા સમયે ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવતા કાર પલટી ગઈ હતી. આ ગોઝારી ઘટનામાં ત્રણ યુવકોના મોત થયા છે, જ્યારે અન્ય ચાર યુવકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

સુરતના સાત ભક્તો દર્શન કરીને નાસિકથી સુરત પરત ફરી રહ્યા હતા.



આ દરમિયાન નાસિકના યેવલા તાલુકાથી પસાર થતા દરમિયાન ડ્રાઈવરે અચાનક વાહન પરનો કાબૂ ગુમાવ્યો, જેના કારણે ગાડી રસ્તાની બાજુમાં ધસી ગઈ અને પલટી મારી ગઈ. અકસ્માત એટલો ભયાનક હતો કે વાહનનો આગળનો ભાગ સંપૂર્ણપણે તૂટી ગયો હતો. બે યુવકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં, જ્યારે પાંચ અન્ય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા નાસિક ખસેડવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં સારવાર મળે તે પહેલા જ અન્ય એક યુવકનું મૃત્યુ થયું, જેના કારણે મૃત્યુઆંક ત્રણ પર પહોંચ્યો છે. મૃતકોમાં પ્રણવ દેસાઈ, પલક કાપડિયા, સુરેશ ચંદ્ર શાહુનો સમાવેશ થાય છે. અન્ય ઈજાગ્રસ્તોને નાસિકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# સુરતમાં 'મેડિકલ મિરેકલ': દર્દીનું બંધ પડેલું હૃદય 15 મિનિટ બાદ ફરી ધબકવા લાગ્યું

## સુરત શહેરમાં બન્યો ચમત્કારિત કિસ્સો : 15 મિનિટ બાદ અચાનક જીવ પાછો આવ્યો

**સુરત**

ગુજરાતના સુરત શહેરમાં એક એવો ચમત્કાર થયો છે, જેણે ડૉક્ટરોને પણ ચોંકાવી દીધા છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે, ન્યૂ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક દર્દીના ધબકાર સંપૂર્ણપણે બંધ થઈ ગયા હતા.

ડૉક્ટરોએ તેને બચાવવાના તમામ પ્રયાસ કર્યા પરંતુ અસફળ રહ્યા અને બાદમાં દર્દીને મૃત જાહેર કરી દીદો. પરંતુ, આશરે 15 મિનિટ બાદ તેનું હૃદય ફરીથી ધબકવા લાગ્યું. આ ઘટના હવે આખા સુરતમાં ચર્ચાનો વિષય બની છે.

મળતી માહિતી મુજબ, અંકલેશ્વર નિવાસી 45 વર્ષીય રાજેશ પટેલને ગંભીર સ્થિતિમાં સુરત સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. ડૉક્ટરે જણાવ્યું કે, તેને ગંભીર હાર્ટ ફેલ્યોરની સમસ્યા હતી. સારવાર દરમિયાન અચાનક તેનું હૃદય બંધ થઈ ગયું અને ઈસીજી મોનિટર પર સીધી લાઈન દેખાવા લાગી. ટીમે CPR અને દવાઓ દ્વારા તેનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈ પ્રતિક્રિયા ન મળી. ત્યાર બાદ ટીમે રાજેશ પટેલને મૃત જાહેર કરી દીધો.

ચોંકાવનારી વાત એ છે કે, આશરે 15 મિનિટ બાદ એવું થયું જેની કોઈ આશા જ નહતી. મોનિટર પર અચાનક હાર્ટબીટ દેખાવા લાગી અને દર્દીના શરીરમાં હલન-ચલન શરૂ થયું. હાજર ડૉક્ટર્સે તુરંત જ રાજેશને ફરી ICUમાં શિફ્ટ કરી અને સારવાર શરૂ કરી દીધી હતી.

# સુરતના 38 વર્ષીય મહિલા ટ્રાવેલ એજન્સીના સંચાલક પાસેથી તેના કર્મચારીએ જ રૂ. 60 લાખ પડાવ્યા

**સુરત**

મૂળ સૌરાષ્ટ્રના વતની અને સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા 38 વર્ષીય સંગીતાબેન (નામ બદલ્યું છે) પતિ સાથે વરાછા મેઈન રોડ ગીતાંજલી વિસ્તારમાં ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ઉપરાંત વિઝાનું કામ કરે છે. અઢી વર્ષ પહેલા તેમને અંગ્રેજી જાણકાર વ્યક્તિની જરૂર હોય ફેસબુક ઉપર એક નેટવર્કીંગ સાઈટ ઉપર પોસ્ટ મૂકી હતી. તેના આધારે રાહુલ જગદીશભાઈ રગડે (ઉ.વ. 38, રહે.ઘર નં.સી/2/31, જીઆઈડીસી કોલોની, બાટલીબોય કંપનીની સામે, પાંડેસરા, સુરત) રૂ. 30,000 ના પગારે નોકરીએ જોડાયો હતો. ગ્રાહકોના ડેટા કલેક્ટ કરી તેને ડિજીટલાઈઝ કરતા રાહુલને ગત 10 મે ના રોજ બેંકમાં અરજન્ટ પૈસા ભરવા જવા સંગીતાબેનના પતિએ કહેતા રાહુલે પોતે ઓફિસ બોય નથી તેમ કહી ગેરવર્તન કર્યું હતું અને બે દિવસ નોકરી ઉપર નહીં આવતા સંગીતાબેને ફોન કરતા રાહુલે નોકરી છોડી દીધી છે તેમ કહેતા તેને સમજાવવા પ્રયાસ કર્યો હતો. જોકે, રાહુલે હું તમારી સાથે શુ કરવાનો છુ તે તેમને ખબર નથી ફોન ચાલુ રાખો તમને વ્હોટ્સએપ ઉપર એક મેસેજ મોકલું છું તે વાંચો પછી મારી સાથે વાત કરજો તેમ કહી મેસેજ કર્યો હતો. મેસેજમાં રાહુલે તમે ખોટા ડોકયુમેન્ટ સાથે કામ કરીને લોકોને વિદેશ મોકલો છો અને મારી પાસે તમારા બધા જ કલાઈન્ટના ડોકયુમેન્ટ છે, તેમાં છેડછાડ કરીને જે તે દેશની વિઝા ઓફિસમાં મેઈલ મોકલી આપીશ તેવી ધમકી આપતા સંગીતાબેન બાદમાં તેને ઉધના દરવાજાની રેસ્ટોરન્ટમાં રૂબરૂ મળ્યા ત્યારે રાહુલે ગ્રાહકોના ડેટા પરત કરવા અને ઓફિસની બે મહિલા કર્મચારીનો કપડાં બદલતો વિડીયો તેની પાસે છે અને તેમાં ઓફિસનું નામ દેખાય છે તેમ કહી વાયરલ કરવાની ધમકી આપી રૂ. 1 કરોડની માંગણી કરી હતી. સંગીતાબેનના પતિની તબીયત સારી રહેતી ન હોય તે રૂ. 60 લાખ લેવા સંમત થયો હતો અને ટુકડે ટુકડે તેટલા પૈસા લીધા હતા. પણ રૂ. 60 લાખ લીધા બાદ રાહુલે બ્લેકમેઈલ કરવાનું ચાલુ રાખી ડેટા નહીં આપી તેમજ વિડીયો વાયરલ કરવાની ફરી ધમકી આપી બીજા રૂ. 1.20 કરોડની માંગણી કરી હતી. એટલું જ નહીં તે ઓફિસમાં કામ કરતી જે 2 યુવતીના કપડાં બદલતા વિડીયો તેની પાસે હતા તે પૈકીની એક યુવતીને મેસેજ કરી અભદ્ર ટીપ્પણી કરતો હતો અને ઈન્સ્ટાગ્રામ ઉપર અશ્લીલ મેસેજ પણ મોકલતો હતો. તે યુવતીને રાહુલ પોતાની સાથે રીલેશનશીપ રાખવા માટે પણ દબાણ કરતો હતો. આખરે સંગીતાબેને ફરિયાદ નોંધાવી હતી. વરાછા પોલીસે હાલ ટયુટર તરીકે કામ કરતા રાહુલ રગડેની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# નર્મદામાં વર્ષો પછી બનશે રાજવી મ્યુઝિયમ

## મ્યુઝિયમ બનાવવા માટે 367.25 કરોડનો ખર્ચ કરવા રાજ્ય સરકારની તૈયારી

**નર્મદા**

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ 31 ઓક્ટોબર 2018ના દિવસે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરાયા બાદ રાષ્ટ્રજોગ સંદેશ સમયે દેશના રાજવીઓના બલિદાનને યાદ કરીને સ્ટેચ્યુ નજીક રાજવાડા માટે મ્યુઝિયમ બનાવવાની વાત ઉચ્ચારી હતી, તે વાતને આ 31 ઓક્ટોબર 2025ના રોજ 8 વર્ષ થશે. આ જાહેરાત બાદ લગભગ 8 વર્ષે વડાપ્રધાન મોદી અનેક વિકાસ પ્રોજેક્ટ્સ સાથે "મ્યુઝિયમ ઓફ રોયલ કિંગડમ ઓફ ઈન્ડિયા (MORKI)"નું શિલાન્યાસ કરશે.



સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે રાજપૂત રાજા રજવાડાઓનું ભવ્ય મ્યુઝિયમ-સ્ટેચ્યુ બને તેવી માગ વર્ષોથી રાજપૂત કરણી સેના અને ક્ષત્રિય આગેવાનો દ્વારા કરાઈ રહી છે.

લિંબડી ગામ નજીક 5.5 એકર વિસ્તારમાં ફેલાયેલું આ મ્યુઝિયમ રૂ.367.25 કરોડના ખર્ચે વિશ્વસ્તરીય ધોરણે તૈયાર થવાનું છે. ઓક્ટોબર 2027 સુધી તેનું નિર્માણ પૂર્ણ થવાનું અનુમાન છે. જોકે, વર્ષોથી મ્યુઝિયમ બનાવવા અંગે તૈયારીઓ ચાલી રહી છે તેવી માત્ર વાતો જ વહેતી થતી હતી. જોકે, નક્કર કામગીરી કરવા માટે 8 વર્ષનો સમય વિતી ચૂક્યો છે. આ સમયગાળા દરમિયાન ક્ષત્રિય સમાજે અનેક વખત ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી અને અનશન પણ કર્યા છે. 8 વર્ષના લાંબા સમય બાદ હવે સરકારે મ્યુઝિયમના શિલાન્યાસનું બીડું ઝડપ્યું છે. ત્યારે ક્ષત્રિય સમાજમાં થોડો હાશકારો છે.

# ખંભાળિયામાં યુવાનની હત્યાનો ભેદ ઉકેલાયો, બે મિત્રોએ કાસળ કાઢ્યું હતું

## અગાઉ થયેલી બોલાચાલી કારણભૂત, ફૂટેજના આધારે કાર્યવાહી

**જામ ખંભાળિયા**

ખંભાળિયામાં રહેતા 20 વર્ષીય એક યુવાન ઉપર પાંચ દિવસ પહેલા છરી વડે હુમલો કરી માથું દીવાલમાં અથડાવવામાં આવતાં તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ પ્રકરણનો ભેદ ઉકેલી પોલીસે મૃતકના બે મિત્રોને દબોચી લીધા છે.

વિગત એવી છે કે અમન અબ્દુલભાઈ નાયક નામના ૨૦ વર્ષના યુવાન સાથે અગાઉ મિત્ર જેવા જ આસિફ હબીબ જુણેજા (રહે. ભરવાડ પાડો, ભરવાડ સમાજની વાડીની સામે, ખંભાળિયા)ને બોલાચાલી થઈ હતી જેથી આશિફ હબીબ અને તારીક હબીબ જુણેજાએ તા.૨૪મીએ કાવતરું રચી અમન ઉપર છરી વડે જીવણ હુમલો કર્યો હતો. અમનની આંખમાં છરી મારી તેનું માથું દીવાલમાં જોરથી અથડાવ્યું હતું, જેના કારણે તેને ગંભીર ઈજાઓ થતા જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું.



આ બનાવ અંગે ખંભાળિયા પોલીસે મૃતકના પિતા અબ્દુલભાઈ નાયકની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે અહીંના પી.આઈ. બી.જે. સરવૈયા તેમજ એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલની ટીમ દ્વારા આરોપીઓને ઝડપી લેવા માટે અલગ અલગ ટીમો બનાવી અને સીસીટીવી ફૂટેજ તેમજ ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોસસથી કરવામાં આવેલી તપાસ બાદ આરોપી આસિફ હબીબ (ઉ.વ. ૨૧) અને તારીક હબીબ જુણેજા (ઉ.વ. ૨૭) નામના બંને શખ્સોની અટકાયત કરી લેવામાં આવી હતી.

# વાઘાણીને મળી શકે છે ખાસ પદ, બે ઉપદંડક અને જિલ્લા પ્રભારી બદલવા કવાયત શરુ

**અમદાવાદ**

નવા મંત્રીમંડળનું વિસ્તરણ થયા બાદ હવે વિધાનસભા શાસક પક્ષનાં બે ઉપદંડકની નિયુક્તિ થશે. બે ઉપદંડકને મંત્રીપદ અપાયું છે ત્યારે હવે ઉપદંડકની જગ્યા ખાલી પડી છે જેના કારણે લાભપાંચમ પછી ગમે તે ઘડીએ બે ઉપદંડકપદે નિમણૂંક કરવામાં આવી શકે છે. કૌશિક વેકરિયા અને રમણ સોલંકીના સ્થાને કોને ઉપદંડકપદે જવાબદારી સોંપવામાં આવશે તે મુદ્દે રાજકીય અટકળો વહેતી થઈ છે. આ ઉપરાંત જિલ્લા પ્રભારી બદલવા માટે કવાયત શરુ કરાઈ છે.

પહેલીવાર એવું થયું છે કે, ભાજપના બે વર્તમાન ઉપદંડકને મંત્રીપદ અપાયું છે. ઉપદંડક રમણ સોલંકીને કેબિનેટ મંત્રી બનાવાયા છે જ્યારે કૌશિક વેકરિયાને રાજ્યકક્ષાના મંત્રી બનાવવામાં આવ્યા છે. કૌશિક વેકરિયાને મંત્રીમંડળમાં સ્થાન મળવું એ રાજકીય પંડિતોને અચંબો પમાડે તેમ છે.

# ગુજરાતમાં પણ SIR શરુ કરશે ચૂંટણીપંચ સર્વદલીય બેઠકમાં વેધક સવાલો ઉઠ્યા

## કોંગ્રેસે કરેલા આક્ષેપો બાદ કાર્યવાહીના સંકેતો

**અમદાવાદ**

કેન્દ્રીય ચૂંટણીપંચે મતદાર યાદીમાં સુધારણા અને ડુપ્લિકેટ મતદારોની ઓળખ કરવા માટે કવાયત હાથ ધરી છે, જે હવે બિહાર બાદ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ શરુ થઈ શકે છે. સૂત્રોના જણાવ્યાનુસાર, દિવાળીની વિદાય બાદ ગુજરાતમાં પણ મોટાપાયે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાન હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રીય ચૂંટણીપંચ ટૂંક સમયમાં જ આ અંગે જાહેરાત કરી શકે છે.

SIR પ્રક્રિયાનો મુખ્ય હેતુ મતદાર યાદીને સંપૂર્ણપણે અપડેટ કરી ડુપ્લિકેટ મતદારોને દૂર કરવાનો છે. આ ઉપરાંત ગેરકાયદે વસાહતોની ઓળખ કરીને વિદેશી નાગરિકોને મતદાર યાદીમાંથી દૂર કરવાની કામગીરી પણ કરાશે. સમગ્ર પ્રક્રિયા પાછળનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે મતદાર મૂળ ભારતીય નાગરિક છે કે નહીં. ગુજરાતમાં આ SIR પ્રક્રિયા હેઠળ મતદાર યાદી સુધારણા માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાતની બધી જ વિધાનસભા બેઠકોમાં બૂથ લેવલ ઑફિસરની નિમણૂક કરવાની કવાયત શરુ કરી દેવાઈ છે. બીજી તરફ બુધવારા ગાંધીનગરમાં સર્વદળીય બેઠક યોજાઈ હતી. જેમાં વિપક્ષોએ કરેલા સવાલોનો પંચ પાસેથી કોઈ જવાબ મળ્યા ન હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે રાજ્યમાં 62 લાખથી વધુ મતદારો શંકાના ઘેરામાં છે. 84 બેઠકો પર તો 6.9 લાખ મતદારો પૈકી 30 હજાર મતદારો 'ભૂતિયા' હોવાનો પુરાવો પણ રજૂ કરાયો હતો. કોંગ્રેસનો આરોપ છે કે વ્યક્તિના નામના સ્પેલિંગમાં ભૂલ કરીને, એપિક નંબર બદલીને અથવા જુદા-જુદા સરનામા દર્શાવીને ડુપ્લિકેટ મતદારો બનાવવામાં આવ્યા છે. આ આક્ષેપોના પગલે રાજ્ય ચૂંટણીપંચ સામે પણ આંગળી ચિંધાઈ છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અમરેલીમાં 3 સગા ભાઈ સહિત ચાર યુવકો નદીમાં ડૂબ્યાં, ત્રણ મૃતદેહ મળ્યા, એકની શોધખોળ ચાલુ

## ધાતરવડી નદીમાં નહાવા અને માછલી પકડવા ગયા હતા ત્યારે ઘટના બની હતી

**અમરેલી**

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં ધારેશ્વર ગામ નજીક ધાતરવડી નદીમાં નહાવા અને માછલી પકડવા ગયેલા ચાર યુવાનો ડૂબી જવાની અત્યંત કરૂણ ઘટના બની છે. આ દુર્ઘટના 28મી ઓક્ટોબરે સર્જાઈ હતી, જેના પગલે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતાં જ અમરેલી ફાયર વિભાગની ટીમે યુવાનોની શોધખોળ શરૂ કરી હતી. ત્રણ દિવસની ભારે જહેમત બાદ, ડૂબી ગયેલા ચાર યુવાનોમાંથી ત્રણ યુવાનોના મૃતદેહ મળી આવ્યા છે.

અમરેલી ફાયર વિભાગની ટીમે 29મી ઓક્ટોબરે ડૂબી ગયેલા ચાર યુવકોમાંથી મેરામ પરમાર અને પીન્ટુ વાઘેલાનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. જ્યારે આજે (30મી ઓક્ટોબર) કાના પરમાર નામના યુવકનો મૃતદેહ ઘટનાસ્થળથી આશરે પાંચ કિલોમીટર દૂર જૂની માંડવડી ગામ નજીકથી મળી આવ્યો. આ ચાર યુવાનોમાં ત્રણ સગા ભાઈઓનો પણ સમાવેશ થતો હતો. ફાયર વિભાગની ટીમ દ્વારા ડૂબી ગયેલા ચોથા યુવકની શોધખોળ હાલમાં ચાલુ રાખવામાં આવી છે. નદીમાં ડૂબી જવાની આ ગંભીર દુર્ઘટનાએ રાજુલા પંથકના ગ્રામજનોને હચમચાવી દીધા છે. સ્થાનિક પોલીસ દ્વારા આ ઘટના અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ડૂબેલા યુવાનોમાં કાના ખીમાભાઇ પરમાર, મેરામ ખીમાભાઇ પરમાર, ભરત ખીમાભાઇ પરમાર અને પીન્ટુ પાછાભાઈ વાઘેલા હોવાનું જણાઈ રહ્યું છે.

# રાજકોટમાં બે ઈજનેર સહિત સહયોગી 50 હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપાયા

**રાજકોટ**

સૌરાષ્ટ્રના વિવિધ લોકમેળાઓમાં યાંત્રીક રાઈડસનો વ્યવસાય કરે છે. આરોપીઓ દ્વારા રણુજાના મેળામાં ચેકિંગ દરમિયાન આ લાંચની માંગણી કરવામાં આવી હતી. આરોપીઓએ રૂપિયા 1,00,000 ની લાંચ માંગી હતી. જો કે, મામલો 50,000/- રૂપિયામાં સેટ થયો હતો. પરંતુ ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ના હોવાથી એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીની ટીમે ગોઠવેલી ટ્રેપ દરમિયાન આરોપી કાર્યપાલક ઈજનેર પીયુષ બાબુભાઇ બાંભરોલીયાએ ફરિયાદી સાથે વાતચીત કરી અને રૂપિયા 50,000/-ની રકમ આરોપી સુધીરભાઇ બાવીશી મારફતે સ્વીકારવાની વ્યવસ્થા કરી હતી. જો કે, એસીબીએ આરોપી સુધીરભાઇ નવિનચંદ્ર બાવીશીને પારેવડીચોક પુલ નીચે બજરંગ ટી સ્ટોલ પાસે ફરિયાદી પાસેથી લાંચની રકમ સ્વીકારતાં જ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી એસીબી મોરબી પોસ્ટના પોલીસ ઈન્સ્પેક્ટર પીએ દેકાવાડીયા અને તેમની ટીમે હાથ ધરી હતી. આ કેસમાં રાજકોટ એસીબી યુનિટના મદદનીશ નિયામક કેએચ ગોહિલ દ્વારા કરવામાં આવી હતી. ત્રણે આરોપીઓ સામે લાંચ વિરોધી કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો અને વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી.

# ખેડૂતોની માંગો હવે નહીં સંતોષાય તો સિંહાસન ડગાવવાનો ચાવડાનો હુંકાર

**રાજકોટ**

ગુજરાત કૉંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ બુધવારે ભૂપેન્દ્ર પટેલ સરકારને બે મહિનાનું અલ્ટીમેટમ આપ્યું હતું. તેમણે ચેતવણી આપી કે જો ખેડૂતોની માંગો પૂરી નહીં થાય, નેપાળ જેવી ક્રાંતિ કરીશું. રાજકોટમાં એક સભાને સંબોધતા ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને ભ્રષ્ટાચાર, અહંકાર અને ખેડૂતોના દર્દ પ્રત્યે ઉદાસીનતાનો આરોપ લગાવ્યો હતો. અમિત ચાવડાએ ખેડૂતોની કથિત ઉપેક્ષા બદલ રાજ્ય સરકાર પર ગુજરાતનું પેટ ભરનારા હાથોથી મોં ફેરવી લેવાનો આરોપ મૂક્યો હતો. આ ઉપરાંત તેમણે કહ્યું કે, જો સરકાર બે મહિનાની અંદર ખેડૂતોની ફરિયાદોનું નિરાકરણ નહીં લાવે તો કૉંગ્રેસ ગુજરાતભરના ગ્રામજનોને એકઠા કરીને ગાંધીનગરમાં વિધાનસભાનો ઘેરાવ કરશે અને ન્યાય ન મળે ત્યાં સુધી અવિરત આંદોલન ચલાવશે. જો સરકાર ખેડૂતોના હિતમાં કામ નહીં કરે, તો અમે અમારી તમામ બેઠકો છોડી દઈશું, પણ અમારો સંઘર્ષ નહીં છોડીએ. લોકોમાં ગુસ્સો વધી રહ્યો છે અને જો વધુ દબાણ કરશો તો અમે 'નેપાળવાળી' કરીશું અને આ વખતે સિંહાસન ટકશે નહીં.

# ભાવનગરમાં ન્યૂડ ફોટા વાઈરલ કરવાની ધમકી આપી ભાઈ દ્વારા સગીરા સાથે 5 વર્ષથી દુષ્કર્મ

## પરિવાર કામઅર્થે બહાર જાય ત્યારે આરોપી ઘરે આવી શરીર સંબંધ બાંધતો હતો

**ભાવનગર**

સોનગઢ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, 19 વર્ષીય પીડિતાએ તેના મોટાબાપાના પુત્ર વિરુદ્ધ દુષ્કર્મ, બ્લેકમેલિંગની ફરિયાદ કરી હતી. પીડિતાએ જણાવ્યું કે આશરે પાંચ વર્ષ પહેલાં જ્યારે તે માત્ર 15 વર્ષની હતી, ત્યારે આરોપીએ તેને ભોળવી-ફસાવીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા.

પરિવારના સભ્યો ખેતીકામ માટે બહાર ગયા હોય તેવા સમયે આરોપી ઘરે આવતો અને એકાંતનો લાભ લઈ સગીરાની અસંમતિ હોવા છતાં તેની સાથે શારીરિક સંબંધ બાંધતો હતો. ત્યારબાદ તે સગીરાના બિભત્સ ફોટા બતાવીને અને ધમકી આપીને વારંવાર શારીરિક સંબંધો માટે મજબૂર કરતો હતો. પીડિતા જ્યારે ના પાડતી, ત્યારે આરોપી પરિવારજનોને બંનેના ન્યૂડ ફોટા મોકલી દેવાની તેમજ પીડિતાના પિતા અને ભાઈઓને મારી નાખવાની ધમકી આપતો હતો. આટલું જ નહીં પીડિતાનું વેવિશાળ નક્કી થયા બાદ તેણે આરોપીને આ સંબંધ તોડી નાખવા કહ્યું હતું. તેના જવાબમાં આરોપીએ વોટ્સએપ મેસેજમાં ગાળો આપી અને વેવિશાળ તોડાવી નાખવાની ધમકી આપી હતી. તાજેતરમાં, ગત 6 ઓક્ટોબર, 2025ના રોજ, આરોપીએ સગીરાને તેની વાડીમાં બોલાવીને ફરીથી દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ પીડિતાથી વધુ સહન ન થતાં તેણે સમગ્ર હકીકત પોતાના મોટા ભાઈને જણાવી હતી.

# રાજકોટમાં ડિફોલ્ટરો સામે જિલ્લા કલેક્ટરનું કડક વલણ, રૂપિયા 4.70 કરોડની મિલકતો જપ્ત કરાઈ

## ડિફોલ્ટરોએ બેંકોમાંથી કરોડોની લોન લીધા બાદ તેના હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું

**રાજકોટ**

છેલ્લા એક મહિનાના ગાળામાં જ કલેક્ટર તંત્ર દ્વારા ત્રણ અલગ-અલગ આસામીઓની અધધ 4.70 કરોડ ની મિલકતો જપ્ત કરીને બેંક અને સંબંધિત પેઢીઓને કબજો સોંપી દેવામાં આવ્યો હતો.

કલેક્ટર તંત્રની સૂચનાના આધારે રાજકોટ પૂર્વ મામલતદાર કચેરી દ્વારા ગત મહિને 'સરફેસી એક્ટ' હેઠળ મોટી કાર્યવાહી કરવામાં આવી હતી.આ લોકોએ રાજકોટ અને મોરબી જિલ્લાની બેંકોમાંથી કરોડોની લોન લીધા બાદ તેના હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. કલેક્ટરના આદેશ બાદ મામલતદાર દ્વારા આ આસામીની કુલ 4.28 કરોડની મિલકત જપ્ત કરવામાં આવી હતી. એક મહિનામાં 4.70 કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી હતી. બેંક લોન લીધા બાદ હપ્તા નહીં ભરનારાઓ સામે કલેક્ટર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. છેલ્લા 10 મહિનાના ટૂંકાગાળા દરમિયાન ડિફોલ્ટરની ઓફિસ, મકાન, ફલેટ સહિત કુલ 72 મિલક્તનો કબજો લેવામાં આવ્યો હતો. જેમાં સૌથી વધુ રાજકોટ પૂર્વ વિસ્તારની મિલકતો હતી.

રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા બેંકમાંથી લોન લીધા બાદ હપ્તા ન ભરતા આસામીની મિલક્ત જપ્તીના હુકમ કરવામાં આવ્યા હતા. જેમાંથી 26 કેસમાં આસામીઓએ ટ્રીબ્યુનલમાં અપીલ કરી હોવાનું સામે આવ્યું હતું. કલેક્ટર તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવતા ડિફોલ્ટરોમાં ફફડાટ ફેલાયો હતો.

# લક્ષ્મીપુર ગામમાં બે જૂથ વચ્ચે તકરાર મારામારીની સામસામે પોલીસ ફરિયાદ

**જામનગર**

કાલાવડ તાલુકાના લક્ષ્મીપુર ગામમાં બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી, અને સામસામે મારામારીના બનાવો બન્યા હતા, જે બનાવ સંદર્ભમાં બંને જૂથ દ્વારા સામસામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મૂળ રાજકોટના વતની અને હાલ કાલાવડ તાલુકાના લક્ષ્મીપુર ગામમાં રહેતા ઉમેશભાઈ ભવાનભાઈ લુણાગરિયા નામના વેપારીએ પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના સભ્યો ઉપર લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ગોપાલભાઈ ડાયાભાઈ ઝાપડા, રમાબેન લક્ષ્મણભાઈ ઝાપડા, રાહુલ લક્ષ્મણભાઈ ઝાપડા, અને ડિમ્પલબેન લક્ષ્મણભાઈ ઝાપડા સામે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામા પક્ષે લક્ષ્મણભાઈ ઉકાભાઈ ઝાપડાએ પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના સભ્યો ઉપર લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ભૂમેશ ભવનભાઈ લુણાગરિયા, ભવનભાઈ ચનાભાઈ લુણાગરિયા, બાબુભાઈ ચનાભાઈ લુણાગરિયા, અશ્વિન ચનાભાઈ લુણાગરિયા અને ચારેયની પત્નીઓ સામે ફરિયાદ નોંધાવી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# જુનાગઢના MLA કોરડીયાના ધમકી આપનારાઓ પકડાયા, માસ્ટરમાઈન્ડ કોંગોમાં છુપાયો

**જુનાગઢ**

જુનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાને આંતરરાષ્ટ્રીય નંબર પરથી ધમકી આપીને ૩૦ લાખ રૂપિયાની ખંડણી માંગવાના ગંભીર કેસમાં પોલીસે મોટી સફળતા હાંસલ કરી છે. બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર હાલ આફ્રિકાના કોંગોમાં છુપાયેલો છે. પોલીસે અમદાવાદથી રોનક ઠાકોરને, વેરાવળથી જ્હોન બલોચને ઝડપી પાડ્યા છે. ષડયંત્રનો માસ્ટરમાઈન્ડ સમીર બલોચ છે, જે હાલ કોંગોમાં રહે છે. ત્રણેય આરોપીઓ એકબીજાના સંપર્કમાં હતા અને આ યોજના બનાવી હતી. આરોપીઓએ ધારાસભ્યને સાધુના નામે ફોન કરીને આશ્રમ માટે દાનના બહાને પૈસા માંગ્યા હતા અને ન આપવાની ધમકી આપી હતી. આ રીતે તેમને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ડુંગરાળી દેવળીયા ગામે વીજ કરંટથી ખેડૂત દંપતી સહિત ત્રણના કરુણ મોત

## વાડીના તબેલામાં કામ કરતા હતા ત્યારે બનાવ બન્યો

**જામનગર**

કાલાવડ તાલુકાના ડુંગરાળી દેવળીયા ગામમાં એક વાડીમાં કામ કરી રહેલા ખેડૂત દંપતિ અને એક શ્રમિક યુવાન ને વીજ આંચકો લાગ્યો હતો, અને ત્રણેયના ઘટના સ્થળે કમ કમાટી ભર્યા મૃત્યુ નીપજ્યા હતા, જેથી ભારે અરેરાટી પ્રસરી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસની ટુકડી દોડતી થઈ છે.

આ કરૂણ બનાવની વિગત એવી છે કે કાલાવડ તાલુકાના ડુંગરાળી દેવળીયા ગામમાં રહેતા રવજીભાઈ પટેલ નામના 65 વર્ષના ખેડૂત બુઝુર્ગ અને તેમના પત્ની સવિતાબેન પટેલ (ઉ.વ. 63) કે જેઓ પોતાની વાડીના તબેલામાં કામ કરી રહ્યા હતા. તેઓની સાથે વાડીમાં જ કામ કરતો બુધાભાઈ નામનો 25 વર્ષનો શ્રમિક પણ તબેલામાં કામમાં સાથે જોડાયો હતો.

જે દરમિયાન ઈલેક્ટ્રીક વાયરમાંથી ત્રણેયને એકાએક વીજ આંચકો લાગ્યો હતો, અને ત્રણેયના બનાવના સ્થળે જ કમકમાટી ભર્યા મૃત્યુ નીપજ્યાં હતા. આ ગોઝારા બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

# માવઠાને લીધે ગિરનારની લીલી પરિક્રમા પર 'સંકટના વાદળ

**જૂનાગઢ**

ગિરનારની લીલી પરિક્રમા કરવી કે નહીં તેને લઈને સરકાર અને તંત્ર મૂંઝવણમાં છે. હજુ બે દિવસ વરસાદની આગાહી છે એવામાં તંત્ર ગડમથલમાં મૂકાઈ ગયું છે. પરિક્રમા રૂટનો રસ્તો ધોવાઈ ગયો છે. એવામાં વરસાદ બંધ થાય પછી રિપેરિંગની કામગીરી શરૂ થશે. જૂનાગઢ જિલ્લા કલેક્ટરે લોકોને અપીલ કરી છે કે 31 ઓકટોબર સુધી કોઈ પરિક્રમા રૂટ પર આવે નહીં. કમોસમી વરસાદના કારણે ગુજરાતમાં અનેક પરંપરાઓ વેરવિખેર થઈ રહી છે. ગિરનારની લીલી પરિક્રમા રૂટ પર લાઈટ, પાણી અને આરોગ્ય સહિતની વ્યવસ્થા કરવાની હજુ બાકી છે ત્યાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. તંત્રએ નિર્દેશ આપ્યા છે કે વનવિભાગ, SP તથા કલેક્ટર જ્યાં સુધી કોઈ સત્તાવાર જાહેરાત ન કરે ત્યાં સુધી કોઈ પરિક્રમાર્થીએ આવવું નહીં.

સ્વદેશ
FRIDAY, 31 OCTOBER 2025



## કંગનાએ ખેડૂતો આંદોલન વિશે ટિપ્પણી માટે કોર્ટમાં માફી માગી


મુંબઇ : કંગના રણૌતે ૨૦૨૧નાં ખેડૂત આંદોલન વખતે એક આંદોલનકારી વૃદ્ધાને બિલ્કિસ દાદી કહીને ઠેકડી ઉડાડી હતી. આ બદલ તેની સામે બદનક્ષીનો કેસ થતાં કંગનાએ આખરે કોર્ટમાં હાજર થઈ માફી માગવી પડી છે. કંગનાએ પોતે કોર્ટમાં રુબરુ નહિ આવી શકે અને તેને બદલે વિડિયો કોન્ફરન્સથી સુનાવણી કરવા વિનંતી કરી હતી. પરંતુ અદાલતે આ વિનંતી ફગાવી દેતાં તેણે રુબરુ આવવું પડયું હતું. કંગનાએ અગાઉ આ બદનક્ષી કેસ રદ કરાવવા હાઈકોર્ટનો પણ આશરો લીધો હતો પરંતુ હાઈકોર્ટે કંગનાની અરજી ફગાવી દીધી હતી.

## માહીએ જય ભાનુશાળી સાથે છૂટાછેડાની ચર્ચા ફગાવી દીધી



મુંબઈ : ટીવી એકટ્રેસ માહી વિજે તે એક્ટર પતિ જય ભાનુશાળી સાથે છૂટાછેડા લઈ રહી હોવાની અફવા ફગાવી દીધી છે. જય અને માહી છૂટાછેડા લઈ રહ્યાં છે તેવી એક ઈન્સ્ટા પોસ્ટ પર રિએક્ટ કરતાં માહીએ લખ્યું હતું કે ખોટી વાતો ન ફેલાવશો. આવી અફવા ફેલાવનારા સામે હું કાનૂની કાર્યવાહી કરીશ. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં એવી વાત બહાર આવી હતી કે ૧૪ વર્ષનાં લગ્ન જીવન બાદ માહી અને જય છૂટાછેડા લેવાનાં છે. બંને કેટલાક સમયથી અલગ રહે છે અને તેમના સંતાનોની કસ્ટડીનો નિર્ણય પણ લેવાઈ ગયો છે. દરમિયાન, માહીએ આ અફવાઓ ફગાવી દીધા બાદ નેટ યૂઝર્સ દ્વારા એવું રિએક્શન અપાયું હતું કે જો છૂટાછેડાની વાત ખોટી હોય તો છેલ્લા કેટલાય સમયથી જય અને માહી સાથે હોય તેવા ફોટા કેમ જોવા મળતા નથી.

## દસ વર્ષ ફાંફા માર્યા બાદ સૂરજ પંચોલીએ આખરે બોલીવૂડ છોડયું



મુંબઈ : આદિત્ય પંચોલીના પુત્ર સૂરજ પંચોલીની કારકિર્દીનું આખરે ધાર્યા મુજબ ફિંડલું વળી ગયું છે. ખુદ આદિત્ય પંચોલીએ પોતે સૂરજે બોલીવૂડ છોડી દીધું હોવાની જાહેરાત કરી છે. તેના જણાવ્યા અનુસાર સૂરજ હવે માત્ર બિઝનેસ પર ધ્યાન આપશે. સૂરજ સલમાન ખાનના ચેલા તરીકે ૨૦૧૫માં હીરો ફિલ્મથી લોન્ચ થયો હતો. જોકે, ફિલ્મ સાવ બેકાર બની હતી અને સૂરજની એક્ટિંગના પણ કોઈ ઠેકાણા ન હોવાથી આ દસ વર્ષમાં તેને ગણીને માંડ ત્રણ-ચાર ફિલ્મ મળી હતી અને તે બધી ફલોપ ગઈ હતી. સૂરજ તેની ફિલ્મો કરતાં વધારે તો ઝિયા ખાનના આપઘાતના કારણે વધારે ચર્ચામાં રહ્યો હતો. આ કેસમાં તેની ધરપકડ પણ થઈ હતી.

# 'ચામુંડા' ફિલ્મમાં આલિયા ભટ્ટની એન્ટ્રી



બોલીવુડ અભિનેત્રી આલિયા ભટ્ટ હાલમાં સંજય લીલા ભણસાલીની ફિલ્મ લવ એન્ડ વોરના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મની સાથે, આલિયા YRF સ્પાય યુનિવર્સનો ભાગ, આલ્ફા પર પણ કામ કરી રહી છે. હવે, તે હોરર કોમેડી યુનિવર્સનો પણ ભાગ બની શકે છે. આલિયા ભટ્ટ પાસે ઘણી મોટી ફિલ્મોની લાઈન છે. તે યશ રાજ ફિલ્મ્સની સ્પાય થ્રિલર "આલ્ફા" અને સંજય લીલા ભણસાલીની "લવ એન્ડ વોર" માટે પણ શૂટિંગ કરી રહી છે. આ દરમિયાન, આલિયાના આગામી પ્રોજેક્ટમાં બીજું એક મોટું નામ જોડાઈ શકે છે. YRF સ્પાય યુનિવર્સ પછી, આલિયા હવે હોરર કોમેડી યુનિવર્સનો ભાગ બની શકે છે. એવું માનવામાં આવે છે કે અભિનેત્રી તેની આગામી ફિલ્મ માટે દિનેશ વિજન સાથે વાતચીત કરી રહી છે. મેડોક હોરર કોમેડી યુનિવર્સમાં જે ફિલ્મ વિશે ચર્ચા થઈ રહી છે તે બીજી કોઈ નહીં પણ ચામુંડા છે. રિપોર્ટ સૂચવે છે કે આલિયા ભટ્ટ આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. દિગ્દર્શક અમર કૌશિકે હવે આ ચર્ચાઓનો જવાબ આપ્યો છે. તેમણે ફિલ્મ વિશે એક મોટી અપડેટ શેર કરી છે. આલિયા ભટ્ટના મેડોક હોરર કોમેડી બ્રહ્માંડમાં જોડાવા વિશે વાત કરતાં અમર કૌશિકે કહ્યું, "જ્યારે તે થશે, ત્યારે બધાને ખબર પડશે. હું હમણાં કંઈપણ નકારી રહ્યો નથી કે સ્વીકારી રહ્યો નથી. બધું સમય પર આધાર રાખે છે. અમે ફક્ત વાર્તા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ અને પછી કલાકારો વિશે વિચારીએ છીએ. અમે કલાકારોના આધારે સ્ક્રિપ્ટો કે વાર્તાઓ લખતા નથી. સદભાગ્યે, અહીં એવું થતું નથી.

આગળ કહ્યું, પ્રેક્ષકો અપેક્ષા રાખી શકે છે કે આ સ્તર વધુ ઊંચો રહેશે. અમે તેને વધુ ઊંચો કરવાનો પ્રયાસ કરીશું. અમે આ ફિલ્મો દર્શકો માટે, ચાહકો માટે, સામાન્ય લોકો માટે બનાવી રહ્યા છીએ. જો અમે કોઈ ભૂલ કરીએ છીએ અને તેને સુધારી શકતા નથી, તો કૃપા કરીને અમને Instagram અથવા અન્ય કોઈપણ પ્લેટફોર્મ પર જણાવો. ફક્ત અમારા માટે પ્રાર્થના કરો. અમે તમને શ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરીશું. અમે ભ્રષ્ટ થવા માગતા નથી. અમે પ્રમાણિક બનવા માગીએ છીએ અને એક પ્રામાણિક ફિલ્મ બનાવવા માગીએ છીએ, જેમ અમે અમારી પહેલી ફિલ્મ, સ્ત્રી સાથે બનાવી હતી. હું દર્શકો પાસેથી એ જ ઇચ્છું છું. અમે તેમને જે જોઈએ છે તે આપીએ છીએ.



# સુંદર દેખાવા માટે પ્લાસ્ટિક સર્જરી કરાવ્યાનો જહાન્વી કપૂરનો એકરાર

દિવંગત અભિનેત્રી શ્રીદેવીની પુત્રી જાહ્નવી કપૂર હવે હિન્દી સિનેમામાં એક જાણીતો ચહેરો બની ગઈ છે, તેણે અનેક ફિલ્મોમાં પોતાની ઉત્કૃષ્ટ અભિનય કુશળતા દર્શાવી છે.અભિનેત્રી ટ્વિંકલ ખન્ના અને કાજોલના ટોક શો, ટુ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલમાં ફિલ્મ નિર્માતા કરણ જોહર સાથે જોવા મળી હતી, જ્યાં તેણે પ્લાસ્ટિક સર્જરી કરાવવા વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. કેટલાક લોકો સોશિયલ મીડિયા પર જાહ્નવી કપૂર વિશે દાવા કરી રહ્યા છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે તેણે બફેલો-પ્લાસ્ટી કરાવી છે. જાહ્નવીએ હવે આ અહેવાલોનો જવાબ આપ્યો છે. તેણે કહ્યું, મેં અત્યાર સુધી જે કંઈ કર્યું છે તે બધું વિચારપૂર્વક અને મારી માતાની સલાહથી કર્યું છે. તેણે હંમેશા મને સપોર્ટ આપ્યો છે. જો કોઈ છોકરી આવા વીડિયો જુએ છે, તો તે પણ વિચારી શકે છે કે તેને બફેલો-પ્લાસ્ટીની જરૂર છે. જો કંઈક ખોટું થાય છે, તો આનાથી ખરાબ શું હોઈ શકે? મને લાગે છે કે પારદર્શિતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. જાહ્નવી કપૂરે ઈશાન ખટ્ટર સાથે ફિલ્મ ધડકથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારથી આ અભિનેત્રી રૂહી, મિલી, ઉલઝા, બાવલ અને ગુંજના સક્સેના સહિત અનેક ફિલ્મોમાં જોવા મળી છે. તે છેલ્લે રિલીઝ થયેલી ફિલ્મ સની સંસ્કારી કી તુલસી કુમારીમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં તેણે વરુણ ધવન અને સાન્યા મલ્હોત્રા સાથે કામ કર્યું હતું.



# ઓસ્ટ્રેલિયામાં કરાયેલી રેસિસ્ટ કોમેન્ટ મામલે દિલજીત દોસાંઝનું દર્દ છલકાયું : કહ્યું, દુનિયામાં સરહદો ન હોવી જોઈએ

સિંગર અને એક્ટર દિલજીત દોસાંઝ પોતાની નવી આલ્બમ AURA માટે વર્લ્ડ ટૂર પર છે. સિડની કોન્સર્ટ શરૂ થાય તે પહેલાં દિલજીતે બેકસ્ટેજ તૈયારીઓની ઝલક દેખાડી. એક્ટરે અહીં એક મોટો ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું કે, ઓસ્ટ્રેલિયામાં મારે રેસિસ્ટ કોમેન્ટનો સામનો કરવો પડ્યો છે. કેટલાક લોકોએ મને 'કેબ ડ્રાઈવર' કહીને બોલાવ્યો હતો. એક યુટ્યુબ વીડિયોમાં દિલજીતે જણાવ્યું કે, હું જ્યારે ઓસ્ટ્રેલિયા પહોંચ્યો ત્યારે પાપારાઝીઓએ મને ક્લિક કરવાનું શરૂ કરી દીધું. જ્યારે તેમણે ફોટા શેર કર્યા ત્યારે લોકોએ રેસિસ્ટ કોમેન્ટ કરી. કેટલીક એજન્સીઓએ રિપોર્ટ કર્યો કે, હું ઓસ્ટ્રેલિયા આવી ગયો છું. કોઈકે મને તે પોસ્ટ્સ પર કરેલી કોમેન્ટ્સ મોકલી. તેમાં લોકો કહી રહ્ય હતા કે, 'નવો ઉબેર ડ્રાઈવર આવી ગયો,' અથવા 'નવો 7-11 કર્મચારી આવી ગયો છે.' મેં આવી ઘણી રેસિસ્ટ કોમેન્ટ જોઈ. મારું માનવું છે કે દુનિયા એક હોવી જોઈએ અને કોઈ પ્રકારની સરહદ ન હોવી જોઈએ.

દિલજીતે કહ્યું કે, કેબ ડ્રાઈવર સાથે મારી તુલના કરવા પર મને કોઈ વાંધો નથી, કારણ કે આ લોકો દેશના કામકાજને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મારી કેબ ડ્રાઈવર અથવા ટ્રક ડ્રાઈવર સાથે તુલના કરવા પર મને કોઈ વાંધો નથી. જો ટ્રક ડ્રાઈવર ન હોત તો આપણા ઘરે ખોરાક ન પહોંચત. હું ગુસ્સે નથી અને જે લોકો આવી વાતો કરે છે તેમના પ્રત્યે પણ મારા મનમાં પ્રેમ છે. દિલજીતનો આ વીડિયો જોઈને ચાહકો ભાવુક થઈ ગયા. ચાહકોએ એક્ટરને સપોર્ટ કર્યો છે.



# ॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### 74 વર્ષની વયે સતીષ શાહની ફાની દુનિયાને અલવિદા

# સતીષ શાહ : ટીવી જગતના ઓરિજિનલ કોમેડી કિંગ

પ્રાસંગિક
ધવલ શુક્લ

10 દિવસ પહેલાં જ હિન્દી ફિલ્મોમાં હાસ્ય કલાકારની ભૂમિકા ભજવનારા અસરાનીનું નિધન થયું. તેની વિદાયનો શોક પતે એ પહેલાં સતીષ શાહનું પણ નિધન થઈ ગયુ. સતીષ શાહ ટીવી જગતના ઓરિજનલ કોમેડી કીંગ ગણાતા હતા. સતીષ શાહે થોડા સમય પહેલાં કોલકાતામાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી હતી. જે બાદ તેઓ દોઢ મહિના સુધી કોલકાતા રહ્યા હતા. કિડની સરખી કામ કરતી હતી અને સતીષ શાહ સામાન્ય જિંદગી જીવવા માંડ્યા હતા. પરંતુ શનિવારે ખાધા પછી તેઓ અચાનક પડી ગયા હતા. ત્યારબાદ તેને હોસ્પિટલમાં લઈ જવા તજવીજ થઈ પરંતુ ત્યાં પહોંચ્યા એ પહેલાં જ તેનું પ્રાણ પખેરું ઉડી ગયું.

74 વર્ષની વયે સતીષ શાહના નિધન સાથે ભારતીય મનોરંજન જગતે એક સારો અભિનેતા ગુમાવ્યો છે. સતીષ શાહની ઓળખ એક કોમેડિયન તરીકે સ્થાપિત થઈ હતી. તેમણે ફિલ્મો અને ટીવી સિરિયલોમાં યાદગાર કોમેડી રોલ કર્યા, સતીષ શાહે પોતાની કોમેડીથી લોકોનાં દિલમાં સ્થાન મેળવ્યું હતું. પણ વાસ્તવમાં તક મળી, ત્યારે ગંભીર ભૂમિકાઓ પણ તેમણે સહજ રીતે ભજવી હતી.

એટલે તેમને માત્ર કોમેડિયનના દાયરામાં સીમિત કરી દેવા તેમની પ્રતિભા સાથે અન્યાય ગણાશે. ભારતમાં દૂરદર્શન સિવાય બીજું કશું નહોતું એ જમાનામાં આવી યે જો હૈ ઝિંદગી'માં સતીષ શાહે તેની અભિનય કલાનો પરિચય આપ્યો હતો. દૂરદર્શનની સિરિયલો જોઈને મોટી થયેલી પેઢી સતીષ ઉપર ફિદા ફિદા થઈ જાય, એવું કામ સતીષ શાહે યે જો હૈ જિંદગીમાં કર્યું હતુ. આ સિરીયલમાં બીજાં કેટલાંક પાત્રોની આવનજાવન થતી રહેતી હતી. જ્યારે સતીષ શાહ દરેક એપિસોડમાં આવતા પણ અલગ અલગ પાત્રો ભજવતા. આ દરેક પાત્રમાં સતીષ શાહ જમાવટ કરી જતા. તેથી યે જો હૈ જિંદગી'માં સતીષ શાહની વર્સેટાઈલ એક્ટિંગ સ્કીલ અને રેન્જનો પરિચય પહેલી વાર સૌને મળ્યો. કુંદન શાહે જાને ભી દો યારોમાં મૃતદેહનો રોલ કરાવીને સતીષ શાહની એક્ટિંગ વેડફી નાખી, જે બાદ તેઓ તેનું પ્રાયશ્ચિત કરતા હોય



એમ આ સિરિયલમાં સતીષભાઈ પાસે દરેક એપિસોડમાં નવી જ ભૂમિકા કરાવીને તેમની અભિયન પ્રતિભાને બહાર આવવા મોકળું મેદાન આપ્યું અને સતીષભાઈ તકનો પૂરેપૂરો લાભ ઉઠાવીને છવાઈ ગયા હતા.

જાને ભી દો યારો, દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, હમ આપ કે હૈ કૌન, હમ સાથ સાથ હૈ, મૈં હૂં ના, બીવી હો તો ઐસી તથા ફના સહિતની ફિલ્મો અને યે જો હૈ ઝિંદગી ફિલ્મી ચક્કર તથા સારાભાઈ વર્સિસ સારાભાઈ જેવી સુપરહિટ કોમેડી ટીવી સિરિયલોમાં યાદગાર ભૂમિકાઓ ભજવનાર સતીષ શાહે લોકોમાં ભારે ચાહના મેળવી હતી. સતીષ શાહે તેમની અભિનય કારકિર્દીની શરૂઆત પણ અત્યંત ગંભીર પ્રકારની ફિલ્મો બનાવતા ડિરેક્ટર્સની ફિલ્મોથી કરી હતી. સતીષ શાહનો પરિવાર મૂળ કચ્છના માંડવીનો હતો, પણ સતીષ શાહનો જન્મ મુંબઈમાં થયો હતો. સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અભ્યાસ કર્યા બાદ પુણેની ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (FTII)માં તેમણે એક્ટિંગની તાલીમ લીધી હતી. 1970ના દાયકામાં હિન્દીમાં કોમર્શિયલ અને આર્ટ ફિલ્મો એમ બે ફાંટા હતા અને ફિલ્મ ઈન્સ્ટિટયૂટમાંથી બહાર આવ્યા સતીષ શાહ આર્ટ ફિલ્મો બનાવતા ડિરેક્ટર્સના લાડકા હતા.

સતીષ શાહે શરૂઆતમાં કુંદન શાહ, મુઝફ્ફર અલી, અરવિંદ દેસાઈ, સઈદ મિર્ઝા, અઝીઝ મિર્ઝા જેવા ધુરંધર આર્ટ ફિલ્મ ડિરેક્ટર્સની ફિલ્મોમાં કામ કર્યું હતુ. સઈદ મિર્ઝાની અરવિંદ દેસાઈ કી અજીબ દાસ્તાન (1978), મુઝફ્ફર અલીની ડિરેક્ટર તરીકે પહેલી ફિલ્મગમન (1979) અને પછી આવેલી યાદગાર ફિલ્મ ઉમરાવ જાન (1981), સઈદ મિર્ઝાની આલ્બર્ટ પિંટો કો ગુસ્સા ક્યોં આતા હૈ (1981), સતીષ શાહની શરૂઆતની ફિલ્મો હતી. ગોવિંદ નિહલાનીની અર્ધસત્ય, મોહન જોશીની હાઝિર હોમાં પણ શાહે કામ કર્યું હતુ. સતીષ શાહે આ ફિલ્મોમાં નાના નાના કીરદાર નિભાવ્યા હતા. જેનાથી ડિરેક્ટર્સ પ્રભાવિત થયા હતા. તેથી કુંદન શાહે તેમને `જાને ભી દો યારો (1982)માં તેમને મ્યુનિસિપલ કમિશનર ડીમેલોનો રોલ આપ્યો હતો. આ ફિલ્મ ડીમેલોના મર્ડર પછીની ઘટનાઓની આસપાસ બનેલા બનાવોની ઝાંખી કરાવતી હતી.

નસીરુદ્દીન શાહ અને રવિ બાસવાણી ડીમેલોની લાશને લઈને ફર્યા કરે છે, તેમાંથી સર્જાતી ધૂંઆધાર કોમેડીમાં સતીષ શાહે મૃતદેહ તરીકેની એક્ટિંગ કરી હતી. જાને ભી દો યારો સિસ્ટમના ભ્રષ્ટાચાર ઉપર કટાક્ષ કરતી અદભૂત ફિલ્મ છે. આ ફિલ્મે નસીરુદ્દીન શાહ, ઓમપુરી, પંકજ કપૂર, નીના ગુપ્તા, સતીષ કૌશિક સહિત સંખ્યાબંધ એક્ટર્સને ઓળખ આપી અને કોમર્શિયલ હિન્દી ફિલ્મોના દરવાજા ખોલી નાખ્યા.

આખરે સતીષ શાહને પણ રમેશ સિપ્પીની દિલીપ કુમાર-અમિતાભ બચ્ચન સ્ટાર શક્તિ (1982)માં નાનો પણ યાદ રહી જાય એવો રોલ મળ્યો અને મેઈન સ્ટ્રીમમાં આવી ગયા. દિલવાલે દુલહનિયા લે જાયેંગે, હમ આપ કે હૈ કૌન, હમ સાથ સાથ હૈ, મૈં હૂં ના, બીવી હો તો ઐસી, ફના જેવી સંખ્યાબંધ બ્લોકબસ્ટર ફિલ્મોમાં તેમણે ચરિત્ર અભિનેતા કરીકે લાંબા અને મહત્વના રોલ કર્યા. 1990ના દાયકામાં તો સતીષ શાહ દરેક મોટા સ્ટારની ફિલ્મમાં દેખાયા હતા.

શાહરૂખ ખાનની સૌથી સફળ ફિલ્મ દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'માં પરમિત શેઠી-મંદિરા બેદીના પિતાની ભૂમિકાએ તેમને જાણીતા કર્યા હતા. પણ એ સિવાય આમિર ખાન સાથે અકેલે હમ અકેલે તુમ, ગોવિંદા સાથે સાજન ચલે સસુરાલ', હીરો નંબર-1, સલમાન ખાન સાથે જુડવા', હમ સાથ સાથ હૈ વગેરે ફિલ્મોમાં પણ હતા. રીતિક રોશનની પહેલી ફિલ્મ કહોના પ્યાર હૈ ફિલ્મમાં પણ સતીષ શાહ હતા. 2000ના દાયકામાં મુઝસે દોસ્તી કરોગે, સાથિયા', ઈશ્ક વિશ્ક, ચલતે ચલતે, કલ હો ના હો, મૈં હૂં ના, મસ્તી, ફના, ઓમ શાંતિ ઓમ, રાવન સહિતની સફળ ફિલ્મોમાં સતીષ શાહે કામ કર્યું હતુ.

શાહરુખ ખાન સાથેની ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની બહુ ચાલી નહોતી. પણ કેરેક્ટર એક્ટર તરીકે સતીષ શાહે સૌથી યાદગાર રોલ આ ફિલ્મમાં કર્યો હતો. નવી પેઢી સતીષ શાહને સારાભાઈ વર્સિસ સારાભાઈ'ના ઈન્દ્રવદન ઉર્ફે ઈન્દુ સારાભાઈ તરીકે ઓળખે છે. પણ સતિષ શાહસારાભાઈ વર્સિસ સારાભાઈ પ્રસારિત થઈ તેના લગભગ બે દાયકા પહેલાં ટીવીના કોમેડી કિગ તરીકે સ્થાપિત થઈ ચૂક્યા હતા અને ટીવી જગતના ઓરિજીનલ કોમેડી કિગ હતા. હવે સતીષ શાહ આપણી વચ્ચે નથી, પણ વરસો સુધી કરોડો લોકોનું મનોરંજન કરીને તેમણે લોકોના હૃદયમાં અનોખુ સ્થાન મેળવ્યું છે તે બાબત મીનમેખ છે.

**સતીષ શાહ સિરીયલોના દરેક એપિસોડમાં અલગ અલગ પાત્રો ભજવતા. યે જો હૈ જિંદગી'માં તેમણે વર્સેટાઇલ એક્ટિંગ સ્કીલનો પરિચય આપ્યા બાદ રમેશ સિપ્પીની ફિલ્મથી મુખ્ય સ્ટ્રીમમા એન્ટ્રી મારી, જબરદસ્ત અભિનયથી તેમણે લોકોના હૃદયમાં અનેરું સ્થાન મેળવ્યું હતું**

# સ્કારબોરો બ્રહ્મા કુમારી ખાતે દિવાળીની ભવ્ય ઉજવણી

## મેડિટેશન, મુરલી ક્લાસ, ભોગ અર્પણ, દીવા પ્રગટાવવા સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજાઈ

**સ્કારબોરો**

સ્કારબોરો બ્રહ્મા કુમારી દ્વારા ૨૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ૧૦૦ ભાઈ બહેનોની હાજરીમાં દિવાળીની ભવ્ય ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં મેડિટેશન, મુરલી ક્લાસ, ભોગ અર્પણ, દીવા પ્રગટાવવા, દિવાળીનો સંદેશ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરાયો હતો. બધાને તિલક લગાવીને સ્ટેજ ઉપર દિપ પ્રગટાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતુ. ત્યારબાદ દિવાળીની આસપાસના પાંચ તહેવારોનું આધ્યાત્મિક મહત્વ



સમજાવવામાં આવ્યું હતુ. પ્રથમ તહેવાર ધનતેરસના દિવસે ધનની દેવી શ્રી મહાલક્ષ્મીજીની પ્રાર્થના કરવામાં આવી હતી. દિવાળીનું મહત્વ તસવીરોમાં દર્શાવ્યા અનુસાર ગીતો અને નાટક દ્વારા પણ સમજાવવામાં આવ્યું હતું. પંદર જેટલા ભાઈ બહેનોએ કાર્યક્રમમાં ભાગ લેનારા દરેકને સ્વાદિષ્ટ ભોજન, આશીર્વાદ કાર્ડ અને ખાસ મીઠાઈ પીરસી હતી. અંતે, બધાનો અને તેમાં ખાસ કાર્યક્રમના સેવાધારીઓ અને મંચસ્થ સહભાગીઓનો આભાર માનવામાં આવ્યો હતો.

# ટોરોન્ટોમાં કાર્બન મોનોક્સાઇડ લીકેજથી 6 લોકો હોસ્પિટલ ભેગા

## અગ્નિશામક દળના જવાનોએ સ્થળ પર પહોંચે કાર્બન મોનોક્સાઇડને સાફ કરી દીધો

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં સોમવારે સાંજે કાર્બન મોનોક્સાઈડ લીક થવાથી છ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સોમવારે સાંજે લોરેન્સ એવન્યુ ડબલ્યુ. નજીક 1942 વેસ્ટન રોડ પર ઈમરજન્સી કર્મચારીઓને તબીબી સહાય માટે બોલાવવામાં આવ્યા હતા. લીક રહેણાંક-ઓવર-કોમર્શિયલ બિલ્ડિંગની અંદર હતું. જ્યારે અગ્નિશામકો પહોંચ્યા, ત્યારે તેઓએ જોયું કે કાર્બન મોનોક્સાઈડનું રીડીંગ ખતરનાક માનવામાં આવતા સ્તરથી ઉપર હતું. પેરામેડિક્સે જણાવ્યું હતું કે તેઓએ ઘટનાસ્થળે સાત લોકોનું પરીક્ષણ કર્યું હતું, જેમાંથી છને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. છમાંથી એક બાળક હતો. છમાંથી ચારને ગંભીર અને અન્યને બિન-જીવલેણ ઈજાઓ થઈ હતી, જ્યારે બેને સામાન્ય ઈજાઓ થઈ હતી. અન્ય પાંચ લોકો ઈમારત છોડીને TTC બસમાં આશ્રય લઈ રહ્યા હતા. અગ્નિશામકોએ ઈમારતમાંથી કાર્બન મોનોક્સાઈડ સાફ કરી દીધો હતો, પરંતુ હજુ પણ લીક થવાના કારણની તપાસ કરી રહ્યા છે.

# વોર મ્યુઝિયમના મુખ્ય ઇતિહાસકાર ટિમ કૂકનું 54 વર્ષની ઉંમરે નિધન

**ઓન્ટેરિયો**

કેનેડિયન વોર મ્યુઝિયમના મુખ્ય ઈતિહાસકાર ટિમ કૂકનું 54 વર્ષની વયે અવસાન થયું હતુ.

કૂક મ્યુઝિયમ અને કેનેડિયન લશ્કરી ઈતિહાસ બંને માટે એક ઉત્સાહી રાજદૂત હતા, અને છેલ્લા બે દાયકાથી ઓટાવા મ્યુઝિયમમાં તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. કૂકે 19થી વધુ પુસ્તકો પ્રકાશિત કર્યા છે અને અસંખ્ય પુરસ્કારો જીત્યા છે, જેમાં ચાર અલગ અલગ પ્રસંગોએ સાહિત્યિક નોન-ફિક્શન માટે ઓટાવા બુક એવોર્ડનો સમાવેશ થાય છે. તેમના 2022ના પુસ્તક લાઈફ સેવર્સ એન્ડ બોડી સ્નેચર્સ: મેડિકલ કેર એન્ડ ધ સ્ટ્રગલ ફોર સર્વાઈવલ ઈન ધ ગ્રેટ વોરમાં, કૂકે પુરાવા શોધી કાઢ્યા હતા કે કેનેડિયન ડોક્ટરો એક બ્રિટીશ કાર્યક્રમનો ભાગ હતા, જે સંમતિ લીધા વિના માર્યા ગયેલા પ્રથમ વિશ્વયુદ્ધના સૈનિકોના અંગો કાપતા હતા. મેં ડોક્ટરોના પત્રો અને ડાયરીઓમાં આના ટુકડા જોયા હતા, કૂકે તે સમયે સીબીસીને જણાવ્યું હતું કે “આપણા ઈતિહાસના કોઈપણ પુસ્તકોમાં તે ક્યાંય નથી. તે આપણી વાર્તાનો ભાગ નથી કે આપણે શહીદો સાથે કેવી રીતે વર્ત્યા.”

# ઓન્ટેરિયોમાં ભાડા નિયંત્રણ અને અનિશ્ચિત ભાડાપટ્ટો સિસ્ટમ દૂર થવાની શક્યતા નહીં

## પ્રિમીયર ફોર્ડે પ્રસ્તવ અંગે વિચારણાની વાતો કર્યા બાદ મંત્રી રોબ ફ્લેકે પલટી મારી

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોમાં ભાડાપટ્ટાઓ આખરે રાહતનો શ્વાસ લઈ શકે છે. કારણ કે, પ્રાંત ભવિષ્યમાં ભાડા નિયંત્રણ અને અનિશ્ચિત ભાડાપટ્ટો સમાપ્ત કરી શકે તેવા પ્રસ્તાવના વિચારણાઓથી પાછળ હટી ગયો હતો. ગયા અઠવાડિયે પ્રીમિયર ડગ ફોર્ડની સરકારે એક નવું હાઉસિંગ બિલ અને ભવિષ્ય માટે યોજના રજૂ કરી હતી, જેમાં લીઝ સમાપ્તિ નિયમોના વૈકલ્પિક વિકલ્પ માટે પરામર્શનો પ્રસ્તાવ શામેલ હતો. જે મકાનમાલિકોને તેમના યુનિટ ઉપર કોણ કબજો કરે છે અને કેટલા સમય માટે, તે નિયંત્રિત કરવાની મંજૂરી આપી શકે તેમ હતુ. જો કે, રાજકારણીઓ, હાઉસિંગ હિમાયતીઓ અને પ્રાંતના ભાડૂતો દ્વારા દબાણ કર્યા પછી ઓન્ટેરિયોના હાઉસિંગ મંત્રી રોબ ફ્લેકએ રવિવારે સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કર્યું હતુ કે, સરકાર ઓન્ટેરિયોના ટેનન્સી લીઝ ફ્રેમવર્કમાં સંભવિત ફેરફારો ઉપર પરામર્શ સાથે આગળ વધશે નહીં. રહેવાસીઓ ઓન્ટેરિયોના ભાડા બજારમાં સ્થિરતા અને આગાહીની અપેક્ષા રાખે છે અને હવે આ સિસ્ટમમાં ફેરફારો પર વિચાર કરવાનો સમય નથી. દરખાસ્ત રજૂ થયા પછી ભાડૂતો અને હિમાયતીઓ ગયા અઠવાડિયે એકઠા થયા હતા. કારણ કે, તેમને ડર હતો કે, તે લાંબા ગાળાના ભાડૂઆતો અને વરિષ્ઠ નાગરિકો અને વિદ્યાર્થીઓ જેવા સંવેદનશીલ ભાડૂતોને નુકસાન પહોંચાડી શકે છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

• 54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• 54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• 78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD

• 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
• 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
• Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K
Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

21 Room Motel in Gravenhusrt - $1.7M
100% occupancy by longterm customers
living for many years – Selling AS IS – Buyer
to assume all customers on closing

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel near Chatham - $1.7M
With 2 BR fully renovated house, One Man
Opertion and operating costs are under $40K

Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
**(must be on WP, PR or Citizen)**
Acomodation + Compititive Salary

15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000
Nicely renovated, year round buniness

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પટન દ્વારા ઉત્સવોની ઉજવણી

## કળશ ડેકોરેશન હરીફાઇ યોજી ત્રણ વિજેતા સ્પર્ધકોને ઇનામો અપાયા, ગીત સંગીત સાથે ડાન્સના ધમાકેદાર પર્ફોર્મન્સે રંગત જમાવી





**બ્રામ્પટન**

ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રેમ્પટનની ઓક્ટોબરની મીટિંગ 26મીએ રોયલટોન પ્લેસ ખાતે યોજાઈ હતી. શરૂઆતમાં ઓમ તત્ત સત શ્રી નારાયણ પ્રાર્થના થયા બાદ સૌને સ્વાદિષ્ટ ઈડલી-સંભાર સાથે કોપરાની ચટણી પીરસવામાં આવી હતી. જે બાદ આ મહિનાની થીમમાં દશેરા, શરદપૂનમ, દિવાળી તેમજ ગાંધીજી - લાલ બહાદુર શાસ્ત્રીજીનો જન્મ દિવસ હતો. એટલે અમીતાબેન પટેલ દ્વારા દિપાવલી મનાઈ સુહાની ગીત પર કસરત કરાવાઈ હતી. ત્યારબાદ દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચન કમિટી તેમજ મેમ્બર્સ ભાઈ-બહેનોનું ભાવથી સ્વાગત કર્યું હતુ. હર્ષદભાઈએ મેમ્બરશીપ રિન્યુઅલની વાત કરી નવેમ્બર માસની મીટીંગ પણ રોયલ્ટન પેલેસ ખાતે યોજવાની જાહેરાત કરી હતી.

શિલાબેન ને ગાંધીએ સુંદર આયોજન સાથે ‘કળશ ડેકોરેશન હરીફાઈનનું સંચાલન કર્યું હતું. તેમણે હરીફાઈમાં ભાગ લેનાર ૧૦ બહેનોને સમજૂતી આપી કળશ ડેકોરેશન શરુ કરાવ્યું



હતું. ત્યારબાદ ઓક્ટોબરમાં જે મેમ્બર્સની **birthday** અને **anniversary** હોય, તેની ઉજવણી કરાઈ હતી. સાથે માલીનીબેન-અશ્વિનભાઈ દવેની ખાસ 55મી એનિવસરી ઉજવાઈ હતી. આમંત્રિત મહેમાન તરીકે જયભાઈ ભાવસાર નેહાબેન ભાવસાર અને લલીતભાઈ સોની-અંજનાબેન સોની પધાર્યા હતા. ત્યારબાદ **theme** મુજબ કાર્યક્રમની શરુઆત સુશીલાબેન જોષીની ઉત્સાહ પ્રેરક રજૂઆતથી થઈ હતી. કૌશિકભાઈ પંડ્યા એન્ડ ગ્રુપે આજ હે દો ઓક્ટોબર કા દીન ગીત પર ગીતને અનુરૂપ વસ્ત્રાલંકાર સાથે સુંદર ડાન્સ રજૂ કર્યો હતો. અરૂણભાઈ દવેએ તેમના સુરીલા કંઠે બે ફિલ્મી ગીત રજૂ કર્યા હતા. જ્યારે રેણુકાબેન-અમીતાબેન એન્ડ ગ્રુપે દિવાળીના રિમિક્સ ઉપર મનમોહક નૃત્ય રજૂ કર્યું હતુ. ગુજરાતી કપલમાં પંકજબેન-ગોવિંદભાઈ દેસાઇ, પંજાબી કપલમાં વર્ષાબેન શાહ - અરૂણભાઈ ભટ્ટ, અને બેંગાલી કપલમાં સુવર્ણાબેન- સુભાષભાઈ શાહ હતા. પ્રદેશને અનુરૂપ સુંદર વસ્ત્ર-પરિધાન સાથે ઉપરના ત્રણ કપલે ડાન્સ પરફોર્મન્સ આપ્યું હતું. હિતેશભાઈ પટેલે જોકસ રજૂ કરી સૌને ખૂબ હસાવ્યા હતા. પદમાબેન કંસારા એન્ડ ગ્રુપે “શરદ પૂનમની રાતડી ગીત સાથે દાંડિયા રાસની રમઝટ જમાવી સૌને આનંદિત કર્યા હતા. હંસાબેન પટેલે સુંદર રામભજન રજૂ કર્યું હતું. ત્યારબાદ શિલાબેન ને ગાંધીએ કળશ ડેકોરેશન હરીફાઈનું રીઝલ્ટ જાહેર કર્યું હતુ. જેમાં પ્રથમ વિજેતા મિનલબેન મિસ્ત્રી, દ્વિતીય વિજેતા પદમાબેન કંસારા અને તૃતીય વિજેતા મીનાબેન પટેલ હતા. દક્ષાબેન રાજાએ ત્રણેય વિજેતાઓને ઈનામ એનાયત કર્યા હતા. સૌએ સાથે મળીને માં લક્ષ્મીજીની પ્રેમથી આરતી કરી માંનો જયજયકાર કર્યો હતો. અંતે ભોજનમાં વેઢમી, પૂરી, બટેટાવડા, કઢી-ભાત, ફણગાવેલ મગ અને પાપડ-પાપડી હતા.

# ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા દિવાળી નિમિત્તે ‘ખુશીયાં દા પટાખા’નો કાર્યક્રમ

## મનોરંજક રમતો, સંગીતમય પ્રદર્શન અને નૃત્યોની રજૂઆત સાથે સભ્યો ખુશખુશાલ

**બ્રામ્પટન**

ઓન્ટેરિયો - ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા ફી એકવાર પોલ પેલેસ્ચી રિક્રિએશન સેન્ટર ખાતે ભવ્ય દિવાળી ધમાકા - ખુશીયાં દા પટાખા ઉજવણી કરાઈ હતી. પ્રકાશના તહેવારની ઉજવણી કરવા માટે ૧૨૦થી વધુ સભ્યો એકઠા થયા હતા. સાંજે મનોરંજક રમતો, સંગીતમય પ્રદર્શન અને રંગબેરંગી નૃત્યોની રજૂઆતે ઉજવણીની રંગત જમાવી હતી. સભ્યોએ એકલા અને જૂથ થકી નૃત્ય પ્રદર્શન, ભાવનાત્મક ગીતો સાથે વિવિધ પ્રતિભાની પ્રતીતી કરાવી હતી. ઉજવણીની શરૂઆતમાં ચેરપર્સન ગિયાન પોલે સૌનું સ્વાગત કર્યુ હતુ. તેમણે કહ્યું હતુ કે, અમારું ક્લબ ફક્ત એક મેળાવડા કરતાં વધુ છે. જે એક એવો પરિવાર છે. જે દરેક ઘટના સાથે વધુ મજબૂત બને છે. સાંજના મનોરંજનનું સુંદર આયોજન અને સંકલન ઈવેન્ટ કોઓર્ડિનેટર જ્યોતિ દાદિલિયા દ્વારા કરવામાં આવ્યું હતું, જેને કમલ બાબરા અને અનુજા કાબુલી દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું.

જ્યોતિ દાદિલિયાએ કહ્યું કે, અમારુ લક્ષ્ય ફક્ત ક્ષણો જ નહીં, પણ યાદો બનાવવાનું હતું. જ્યારે હાસ્ય રોશની સાથે મળે છે, ત્યારે દિવાળી ખરેખર યાદગાર બની જાય છે. કમલ બાબરાએ આજની રાતના દરેક નૃત્યએ ખુશી અને એકતાની વાર્તા કહી હતી.



### કાઉન્સિલર રોવેના સાન્તોસ ઉજવણીમાં જોડાયા

પ્રાદેશિક કાઉન્સિલર રોવેના સાન્તોસ ઉજવણીમાં જોડાયા હતા અને ઓક્ટોબરમાં જન્મદિવસ હોય, તેવા સભ્યોને જન્મદિવસના પ્રમાણપત્રો અર્પણ કર્યા હતા. તેમણે KCFCના સમાવેશીતા અને વરિષ્ઠ જોડાણ પ્રત્યેના સમર્પણની પ્રશંસા કરી હતી. રોવેના સાન્તોસે જણાવ્યું કે, ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ ખરેખર બ્રામ્પટનને તેની સમુદાય ભાવના અને જીવંત ઉર્જાથી પ્રકાશિત કરે છે.

### સાંસદ સોઢીએ ઓટાવાથી શૂભેચ્છા સંદેશો પાઠવ્યો

બ્રેમ્પટન સેન્ટરના સાંસદ અમનદીપ સોઢી તરફથી પણ એક ખાસ અભિનંદન સંદેશ શેર કરવામાં આવ્યો હતો, જેમણે ઓટાવાથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી, જેમાં વરિષ્ઠ નાગરિકોમાં એકતા અને સાંસ્કૃતિક ગૌરવને પ્રોત્સાહન આપવા માટે KCFCના સતત પ્રયાસોને બિરદાવ્યા હતા.

પ્રખ્યાત સમુદાય કલાકાર અવતાર બ્રારે તેમના ભાવપૂર્ણ ગીતો અને ઈન્ટરેક્ટિવ પ્રદર્શનથી સ્ટેજ પરના પરફોર્મન્સને વધુ રંગીન બનાવ્યું હતુ. સાંજની એક ખાસ વાત બહુપ્રતિક્ષિત તંબોલા રમત હતી, જેનું સંચાલન જતિન્દર અને જસવિંદર દૈંડ દ્વારા કુશળ રીતે કરવામાં આવ્યું હતું,તેમની આકર્ષક શૈલી અને રમૂજથી દર્શકોમાં હાસ્ય અને આનંદ ફેલાયો હતો. પ્રમુખ જસવિંદર દૈંડે કહ્યું હતુ કે, ફલાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબમાં અમે ફક્ત રમતો જ રમતા નથી, અમે જોડાણો બનાવીએ છીએ. તંબોલા ફક્ત મજા જ નથી, તે હાસ્ય, ટીમવર્ક અને વહેંચાયેલા આનંદ દ્વારા બધાને એકસાથે લાવે છે. તે જ અમારા ક્લબની સાચી ભાવના છે.

# અમેરિકામાં વિદેશી નાગરિકોની ખાતરી કરવા સિસ્ટમની ટ્રાયલ

**ટોરન્ટો**

વોરેન શેપેલને આ મહિને ક્લેવલેન્ડથી ટોરોન્ટો ઘરે જતી તેમની ફ્લાઈટમાં બેસતી વખતે એક અસ્વસ્થતાભર્યો અનુભવ થયો હતો. વિમાનમાં ચઢતા પહેલા બે ગણવેશધારી અધિકારીઓ બોર્ડિંગ રેમ્પ (જેટવે) પર તેમની પાસે આવ્યા હતા, અને એકે તેમનો ફોટો લીધો હતો.

વોરેને કહ્યું કે તે સમયે હું આશ્ચર્યચકિત થઈ ગયો હતો. મને લાગ્યું કે, હું અટવાઈ ગયો છું. તે માણસોએ ક્યારેય સમજાવ્યું નહીં કે તેઓ કોણ છે અથવા શા માટે તેમનો ફોટો લેવામાં આવ્યો હતો.

> ક્લેવલેન્ડથી ટોરોન્ટો જતા મનો વૈજ્ઞાનીના ફોટા લેવાયા

કેનેડિયન મનોવિજ્ઞાની શેપલે વધુમાં કહ્યું કે, ટ્રાન્ઝિટમાં હોય ત્યારે ફોટોગ્રાફ લેવા એ એવી બાબત છે જેની યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાત લેનારા કેનેડિયનોએ આદત પાડવી પડશે. કેનેડિયન પ્રવાસીઓ જ્યારે દેશમાં પ્રવેશ કરે છે અને બહાર નીકળે છે ત્યારે તેઓ પરિવહનના તમામ માધ્યમો દ્વારા ફોટોગ્રાફ કરવાની યોજના આગળ ધપાવી રહ્યું છે. લગભગ એક દાયકાથી, યુ.એસ. કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન (CBP) યુ.એસ. એરપોર્ટ પર આવતા આંતરરાષ્ટ્રીય મુસાફરોની ઓળખની પુષ્ટિ કરવા માટે ચહેરાના બાયોમેટ્રિક્સનો ઉપયોગ કરી રહ્યું છે. આ પ્રક્રિયામાં મુસાફરોના ફોટોગ્રાફ લેવા અને બાયોમેટ્રિક ફેશિયલ કમ્પેરિઝન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે, જેથી ખાતરી કરી શકાય કે તેમનો ચહેરો તેમના મુસાફરી દસ્તાવેજો પરના ફોટા સાથે મેળ ખાય છે.

CBPએ મીડિયાને જણાવ્યું હતું કે, તે આગામી વર્ષે જમીન સરહદો પર ચહેરાની બાયોમેટ્રિક ટેકનોલોજી સંપૂર્ણપણે લાગુ કરવાની અપેક્ષા રાખે છે. આગામી ત્રણથી પાંચ વર્ષમાં દરિયાઈ બંદરો અને એરપોર્ટ પર સંપૂર્ણ અમલીકરણની અપેક્ષા છે.

આ દરમિયાન, CBP પહેલેથી જ તેની યોજના માટે પાયો નાખી રહ્યું છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) એ શુક્રવારે એક નવો નિયમ જાહેર કર્યો છે જે કેનેડિયનો સહિત બિન-યુએસ નાગરિકો માટે તેના ચહેરાના બાયોમેટ્રિક્સ પ્રોગ્રામમાં ભાગ લેવાનું ફરજિયાત બનાવે છે. આ નિયમન 26 ડિસેમ્બરથી અમલમાં આવી જશે. નિયમ અનુસાર, વિદેશી પ્રવાસીઓના લેવામાં આવેલા ફોટા 75 વર્ષ સુધી DHS ડેટાબેઝ પર રહેશે. સીબીપી પ્રવક્તા જેસિકા ટર્નરે એક ઈમેઈલમાં જણાવ્યું હતું કે વિસ્તરણ યોજના “યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશતા અને બહાર નીકળતા મોટાભાગના વિદેશી નાગરિકોને બાયોમેટ્રિકલી રેકોર્ડ કરવાના કોંગ્રેસનલ આદેશને પૂર્ણ કરે છે. યુ.એસ.ના ડઝનબંધ એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય પ્રસ્થાનો પર ચહેરાના બાયોમેટ્રિક્સ પહેલાથી જ કાર્યરત છે.

# માવઠાના કારણે ગુજરાતનાં ખેડૂતો તબાહ: 10 લાખ હેક્ટરમાં નુકસાન

**અમદાવાદ**

ગુજરાતમાં માવઠાએ ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યાં છે કારણ કે, ખેતરોમાં વરસાદી પાણી ભરાતાં ઊભા પાક ધોવાયાં છે. શેરડી, સોયાબીન, તુવેર, મગફળી અને બાગાયતી પાકને મોટાપાયે નુકશાન પહોચ્યું છે. ખુદ સરકારનો અંદાજ છે કે, આખાય ગુજરાતમાં કમોસમી વરસાદથી 10 લાખથી વધુ હેક્ટરમાં ખેતીને નુકશાન થયું છે. સૌરાષ્ટ્રના પાંચેક જિલ્લામાં સૌથી વધુ પહોચ્યું હોવાના અહેવાલ છે. ગુજરાતમાં કમોસમી વરસાદે તબાહી મચાવી છે. સૌરાષ્ટ્ર સહિત



મોટાભાગના જિલ્લાઓમાં વરસાદે કહેર મચાવતાં ખેતીને નુકશાન થયુ છે. હજુ તો હવામાન વિભાગની આગાહી છે કે, આગામી ત્રણેક દિવસમાં ઘણાં જિલ્લામાં ભારે વરસાદ વરસી શકે છે. બીજી તરફ માવઠાને કારણે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, ભાવનગર અને અમરેલી જિલ્લામાં મગફળી, કપાસ અને અન્ય પાકોને ભારે ફટકો પડ્યો છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ઘણાં વિસ્તારમાં ડાંગર ઉપરાંત રોકડિયા પાકોને નુકસાન પહોચ્યું છે. ઉત્તર ગુજરાતમાં પણ ખેતીના નુકશાનથી બાકાત રહી શક્યુ નથી. કમોસમી વરસાદથી થયેલા પાક નુકશાનની સ્થિતી જાણવા માટે કેબિનેટ મંત્રીઓને જુદા જુદા વિસ્તારમાં મોકલવામાં આવ્યા હતાં જેમણે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ જાણકારી મેળવી હતી તે આધારે આજે કેબિનેટમાં રિપોર્ટ પણ રજૂ કર્યો હતો.

## સાંસદ-ધારાસભ્યોને ખેડૂતોની વેદના નહીં રાજકીય ડ્રામામાં રસ, એસી ચેમ્બરમાં બેસી પત્ર લખવાના ડોળ

કમોસમી વરસાદના કારણે ખેડૂતોને મોંઢામાંથી કોળિયો છિનવાયો હોય તેવી સ્થિતી પરિણમી છે. લાખો હેક્ટરમાં ખેતીને નુકસાન પહોચતાં જગતનો તાત આર્થિક રીતે બેહાલ બન્યો છે ત્યારે ખેડૂતોની સહાનુભૂતિ મેળવવા સાંસદ-ધારાસભ્યોમાં જાણે હોડ જામી છે. એક બાજુ, મંત્રીઓ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોચ્યાં છે ત્યારે બીજી તરફ, ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યોએ મુખ્યમંત્રીને પત્ર લખીને ખેડૂતોને કૃષિ પેકેજ સહાય આપવા જાણે દોટ માંડી છે. નવાઈની વાત તો એ છે કે આર્થિક રીતે તબાહ થયેલા ખેડૂતોની વેદના જાણવાનો કોઈ પાસે સમય નથી. તેમનું દર્દ છલકાઈ રહ્યું છે ત્યારે તેમને હૈયાધારણ આપવાનો ધારાસભ્યો પાસે સમય નથી. માત્ર એસી ચેમ્બરમાં બેસીને મુખ્યમંત્રીને પત્ર લખી ધારાસભ્યએ રાજકીય ડોળ સિવાય કશું કર્યું નથી.

# અમદાવાદમાં લોન અપાવતી ગેંગે તમિલનાડુના વેપારીને રૂપિયા ૨૯.૭૫ લાખનો ચૂનો લગાવ્યો

**અમદાવાદ**

લોન અપાવવાના બહાને વેપારીઓને છેતરતી એક ગેંગ દ્વારા તમિલનાડુના પવનચક્કીના વેપારી સાથે લગભગ ૨૯.૭૫ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. તમિલનાડુના નમક્કલ શહેર સ્થિત ફન્ડલાઈન વિંડ એનર્જી પ્રા. લિમિટેડ કંપની ચલાવતા વેપારી ગણેશદેવરાજ ચંન્દ્રમૌલેશ્વરમ (ઉ.વ. ૪૭) એ અમદાવાદના ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ૨૯,૭૫,૦૦૦/- ની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, તારીખ ૨૦/૦૭/૨૦૨૫ ના રોજ તેમને રવી પરમાર નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો, જેણે તેમની કંપનીને ૩૦ કરોડની લોન અપાવવાની ઓફર કરી હતી. આ મીટિંગ માટે ફરિયાદીને અમદાવાદમાં શિવરંજની ચાર રસ્તા પાસે, બોલાવવામાં આવ્યા હતા. તારીખ ૨૯/૦૭/૨૦૨૫ ના રોજ ત્યાં હાજર રહેલા નિતાંત પુરનચંદ શર્મા (રહે. જયપુર), રવી પરમાર, અને અનીલ અગ્રવાલ નામના ત્રણ આરોપીઓએ કંપનીના ડોક્યુમેન્ટ્સ તપાસ્યા બાદ લોન મંજૂર થવાની ખાતરી આપી હતી, અને નિતાંત શર્મા પ્રોપર્ટીનું વેલ્યુએશન કરવા તમિલનાડુ પણ ગયા હતા. ત્યારબાદ, અમદાવાદમાં આ ત્રણેય આરોપીઓએ ૩૦ કરોડની લોન માટે "એક ટકા સ્ટેમ્પ ડ્યુટી" ભરવાનું બહાનું આપીને ફરિયાદી પાસેથી ૨૯,૭૫,૦૦૦/- વીગ્નેશ એસોશિયેટ્સના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. પૈસા ટ્રાન્સફર થયા બાદ આરોપીઓએ ફરિયાદીને હોટલમાં આરામ કરવા મોકલી દીધા હતા અને પોતે એક કલાકમાં પાછા આવવાનું કહ્યું હતું. જોકે, બે કલાક પછી ફોન કરતાં ત્રણેયના નંબર બંધ આવ્યા હતા.

# સેવન્થ ડે સ્કૂલનો વહીવટ સરકાર અથવા અન્ય મેનેજમેન્ટને સોંપવા ભલામણ કરાઈ

## સંચાલનમાં અનિયમિતતા અને નિયમભંગ : DEOએ સરકારને સોંપ્યો રિપોર્ટ

**અમદાવાદ**

શહેરના પૂર્વમાં આવેલી સેવન્થ ડે સ્કૂલના ધો.10ના વિદ્યાર્થીની હત્યા થયાની ઘટના બાદ સ્કૂલ દોઢ મહિનો બંધ રહ્યા પછી હાલ રાબેતા મુજબ શરૂ તો થઈ ગઈ છે પરંતુ આ સ્કૂલ સામે આરટીઈ એક્ટ મુજબ કમિટીની તપાસના રિપોર્ટમાં અનેક ગેરરીતિઓ બહાર આવી છે. જેથી ડીઈઓએ તપાસ રિપોર્ટ સરકારને આપી 10 હજાર બાળકોના હિત માટે વહિવટ લેવા કે અન્ય ટ્રસ્ટને સોંપવા ભલામણ કરી છે.

ડીઈઓએ પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી અને ગુજરાત બોર્ડને રિપોર્ટ સોંપીને તેમાં ખાસ નોંધ્યુ છે કે સ્કૂલે તપાસ માટે જરૂરી અને ખુટાતા આધારો રજૂ કર્યા નથી. સ્કૂલની માન્યતા સંદર્ભે પ્રાપ્ત આધારોને ધ્યાને લેતા સ્કૂલ સંચાલનમાં અનિયમિતતા અને નિયમોનું ઉલ્લંઘન પ્રાથમિક દ્રષ્ટિએ ધ્યાને આવ્યા છે. સ્કૂલે રજૂ કરેલા દસ્તાવેજોમાં પણ વિસંગતતા છે.

# ગુજરાતમાં હવે પિતાની સંમતિ વિના પણ બાળકોના પાસપોર્ટ રિન્યુ થશે

**અમદાવાદ**

વડોદરાની એક મહિલાની મોટી દીકરી આગામી 8 નવેમ્બરે યુનાઈટેડ સ્ટેટ્સમાં એક પરીક્ષણ માટે જવાનું છે. જ્યારે 12 ઓગસ્ટે દીકરીના પાસપોર્ટને રિન્યુ કરવા માટે પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસનો સંપર્ક કર્યો ત્યારે અધિકારીએ આ પાસપોર્ટ રિન્યુ માટે પિતાની સંમતિ જરૂરી છે તેવું જણાવ્યું હતું. જેથી મહિલાએ હાઈ કોર્ટના દ્વાર ખટખટાવ્યાં હતાં.

છૂટાછેડા વખતે પતિએ બાળકો સંબંધિત કાનૂની ઔપચારિકતાઓમાં મદદ કરવાનું વચન આપ્યું હતું. પરંતુ અત્યારે બાળકોના પાસપોર્ટ નવીકરણ માટે પતિ પાસેથી NOC મેળવવું હાલમાં અશક્ય છે, અને જો પાસપોર્ટ મંજૂર ન થાય તો પુત્રીને નુકસાન થઈ શકે તેવું મહિલાએ કોર્ટમાં જણાવ્યું હતું. આ કેસમાં સુનાવણી દરમિયાન હાઈ કોર્ટના ન્યાયાધીશે જણાવ્યું કે, જો માતાપિતા અલગ થયા હોય પરંતુ ઔપચારિક રીતે છૂટાછેડા લીધા ન હોય, બાળકો એમઓયુ હેઠળ માતાની કસ્ટડીમાં છે, તો બંને સગીર અરજદારોના પાસપોર્ટ શક્ય તેટલી વહેલી તકે રિન્યુ કરવાનો નિર્દેશ કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

# બીએપીએસના 15,666 બાળકોએ 'સત્સંગ દીક્ષા' ગ્રંથના 315 શ્લોકના મુખપાઠ કરી રચ્યો ઈતિહાસ

## મહંત સ્વામીએ કરેલો સંકલ્પ સાકાર કરવા 85 કેન્દ્રો પર વિશેષ અભિયાન થયું

**અમદાવાદ**

અમદાવાદ ખાતે BAPS સ્વામિનારાયણ સંસ્થાના વડા મહંત સ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિની પ્રાચીન 'મુખપાઠ' પરંપરાને પુનર્જીવિત કરતો એક અનોખો સંકલ્પ પૂર્ણ કર્યો છે. મહંત સ્વામી મહારાજના સંકલ્પને પગલે સંસ્થાના 15,666 બાળકો અને બાળકીઓ માત્ર એક વર્ષમાં સંસ્કૃત ભાષામાં રચાયેલા 'સત્સંગ દીક્ષા' ગ્રંથના 315 શ્લોકોનો સંપૂર્ણ મુખપાઠ



પૂર્ણ કરીને એક અભૂતપૂર્વ સિદ્ધિ અને સંભવિત વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે.

ગત વર્ષે દિવાળી દરમિયાન મહંત સ્વામી મહારાજે સંકલ્પ વ્યક્ત કર્યો હતો કે આવતી દિવાળી સુધીમાં BAPS બાળસંસ્કાર પ્રવૃત્તિનાં 10,000થી વધુ બાળકો સંસ્કૃતમાં 'સત્સંગ દીક્ષા' ગ્રંથનો મુખપાઠ કરે. આ સંકલ્પને સફળ બનાવવા માટે સંસ્થાની બાળપ્રવૃત્તિ દ્વારા 8500થી વધુ બાળ બાલિકા સેન્ટરો અને 17,500થી વધુ કાર્યકર્તાઓએ એક અભિયાન શરૂ કર્યું હતું. એક વર્ષની મહેનત બાદ સંકલ્પના લક્ષ્યાંક (10,000) કરતાં પણ વધુ એટલે કે કુલ 15,666 બાળ-બાલિકાઓએ આ મુખપાઠ પૂર્ણ કર્યો છે.

# એમ. કે. દાસની ગુજરાતના ચીફ સેક્રેટરી તરીકે નિમણૂક, જોશીની નિવૃત્તિ બાદ સંભાળશે ચાર્જ

**ગાંધીનગર**

ગુજરાતના વહીવટી તંત્રમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. વરિષ્ઠ IAS અધિકારી એમ. કે. દાસને ગુજરાતના ચીફ સેક્રેટરી (મુખ્ય સચિવ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હાલમાં તેઓ મુખ્યમંત્રી કાર્યાલય(CMO)માં અધિક મુખ્ય સચિવ તરીકે કાર્યરત છે.

મળતી માહિતી અનુસાર, વર્તમાન ચીફ સેક્રેટરી પંકજ જોશી 31મી ઑક્ટોબરના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. પંકજ જોશીની નિવૃત્તિ બાદ એમ. કે. દાસ (M. K. Das) રાજ્યના ચીફ સેક્રેટરી તરીકેનો પદભાર પહેલી નવેમ્બરથી સંભાળશે. નોંધનીય છે કે, એમ. કે. દાસ ગુજરાત કેડરના અગ્રણી અધિકારી છે અને CMOમાં તેમની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહી છે.

# સમયસર બ્લાઉઝ ન સીવવું દરજીને મોંઘું પડ્યું : ગ્રાહક કોર્ટે ફટકાર્યો 7000નો દંડ

**અમદાવાદ**

અમદાવાદના સી.જી. રોડ પર 'સોનીઝ ધી ડિઝાઈનર શોપ' નામની દુકાન આવેલી છે. આ દુકાનમાં પુનમબેન પારીયા નામની મહિલાએ એક 24 ડિસેમ્બર 2024ના રોજ લગ્નમાં જવાનું હોવાથી 8 નવેમ્બર 2024ના રોજ બ્લાઉઝ સીવવાનો ઓર્ડર આપ્યો હતો. ઓર્ડરની સાથોસાથ બ્લાઉઝની સીલાઈની રૂ. 4, 395 કિંમત પણ ચૂકવી હતી. આ સમયે દુકાનમાંથી તેઓને 14 ડિસેમ્બર 2024ના રોજ બ્લાઉઝ તૈયાર થઈ જશે એવું કહેવામાં આવ્યું હતું. પરંતુ જ્યારે પુનમબેન આપેલ વાયદાની તારીખે બ્લાઉઝ લેવા ગયા ત્યારે બ્લાઉઝ તૈયાર ન હતો. જેને લઈને પુનમબેને દુકાનના માલીકને નોટિસ આપી હતી. પરંતુ દુકાનના માલીક દ્વારા તેનો કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો.

આમ, પોતાની સમસ્યાના નિવારણ માટે પુનમબેન પારીયાએ ગ્રાહક અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદના આધારે કમિશને 'સોનીઝ ધી ડિઝાઈનર શોપ'ને પુનમબેન પારીયાને 8 નવેમ્બર 2024થી રૂ. 4, 395ને વાર્ષિક 7 ટકાના વાર્ષિક સાદા વ્યાજ સાથેની રકમ ફરિયાદનું નિવારણ થવાની તારીખથી 45 દિવસમાં ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ સાથે માનસિક ત્રાસના વળતરરૂપે 5,000 તથા કાનૂની ખર્ચરૂપે રૂ. 2,000 ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.

# અમદાવાદ સહિત રાજ્યમાં મનપાની ચૂંટણી, 27 ટકા ઓબીસી અનામતનો પણ થશે અમલ

**અમદાવાદ**

રાજ્યમાં મહાનગરપાલિકાની ચૂંટણી 27 ટકા ઓબીસી અનામતના અમલ સાથે યોજાશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, નવી મહાનગરપાલિકાઓ સહિત 15 મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઓબીસી અનામતના 27 ટકાનો અમલ કરવામાં આવશે.

અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં બેઠકોની ફાળવણી સામે આવેલી વિગત મુજબ, 192 બેઠકો પર 33 ટકા અનામત મુજબ 96 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. સામાન્ય વર્ગ માટે 59 અને 133 બેઠકો અનામત રાખવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિ માટે 20, પછાત વર્ગ માટે 52 અને અનુસૂચિત આદિજાતિ માટે બે બેઠકો અનામત રાખવામાં આવી છે.

# રાજ્યમાં લકવાના 10માંથી ચાર દર્દીની ઉંમર 50 વર્ષથી ઓછી, રોજ સરેરાશ 35 ઈમરજન્સી કેસ

## ભારતમાં દર વર્ષે 1.6 મિલિયન નવા સ્ટ્રોકના કેસના દર્દી નોંધાઈ છે

**અમદાવાદ**

છેલ્લા કેટલાક વર્ષથી હૃદયરોગની સાથે પેરાલિસિસ-સ્ટ્રોકના કેસમાં પણ ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં જ આ વર્ષે સ્ટ્રોકની ઈમરજન્સીના 10,098 કેસ નોંધાયેલા છે. આમ, પ્રતિ દિવસે સરેરાશ 35 વ્યક્તિને પેરાલિસિસ-સ્ટ્રોકની સારવાર માટે ઈમરજન્સી સેવા '108' ની મદદ લેવી પડે છે. સ્ટ્રોકના પ્રત્યેક 10માંથી 4 કેસ હવે 50 વર્ષથી ઓછી વયની વ્યક્તિમાં નોંધાય છે. ત્યારે સ્ટ્રોકના વધતા કેસે ચિંતાજનક સ્થિતિ સર્જી છે.

ઈમરજન્સી સેવા 108'પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સ્ટ્રોકની ઈમરજન્સીના સૌથી વધુ 9968 કેસ અમદાવાદમાં નોંધાયા હતા. આ પછી સુરત 3717 સાથે બીજા અને વડોદરા 2441 સાથે ત્રીજા સ્થાને છે. આમ, અમદાવાદમાં દરરોજ સરેરાશ 10 વ્યક્તિને સ્ટ્રોકની ઈમરજન્સીની સારવાર લેવી પડે છે.

નેશનલ સેન્ટર ફોર ડિસીઝ ઈન્ફોર્મેટિક્સ એન્ડ રિસર્ચના ડેટા મુજબ, ભારતમાં દર વર્ષે 1.6 મિલિયનથી વધુ નવા સ્ટ્રોકના કેસ નોંધાય છે.

એક સમયે વૃદ્ધોને પ્રભાવિત કરતી બિમારી તરીકે ઓળખાતા સ્ટ્રોક હવે યુવા વસતીને પણ અસર કરે છે, જેનું મુખ્ય કારણ જીવનશૈલી સંબંધિત પરિબળો છે. બેઠાડુ જીવનશૈલી, હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબિટિસ, હાઈપરટેન્શન અને સ્ટ્રેસ મુખ્ય કારણો છે.

# HUDA વિરૂદ્ધમાં હિંમતનગરમાં સંમેલન યોજાયું, 18 ગામના ખેડૂતો એકઠા થયા

## ખેડૂતોની વિધાનસભાનો ઘેરાવો કરવાની ચીમકી ઉચ્ચારી

**હિંમતનગર**

હિંમતનગર અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીમાં હિંમતનગર આસપાસના 11 ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના કારણે 11 ગ્રામપંચાયતનાં 18 ગામના લોકો વિરોધ દ્વારા કેટલાય સમયથી વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ વિરોધને લઈને હિંમતનગરમાં નેશનલ હાઈવે 48 પર આવેલા કાંકરોલ પાસે ખેડૂતોનું એક મહાસંમેલન યોજાયું હતું. સ્વાગત પાર્ટી પ્લોટમાં યોજાયેલા આ સંમેલન 18 ગામોના ખેડૂતો તેમના પરિવાર અને સંબંધીઓ સાથે ઉપસ્થિત રહ્યાં હોવાનું જાણવા મળ્યું છે. સ્વાગત પાર્ટી પ્લોટ ખાતે 15 હજાર ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. આ સંમેલનમાં હુડા રદ કરવાની માંગ સાથે અલ્ટીમેટમ આપવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળ્યું હતું. આ સંમેલન દરમિયાન ખેડૂતોએ નેતાઓ અને વિધાનસભાનો ઘેરાવો કરીને ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી હતી. હિંમતનગરના ખેડૂતોનો વિરોધ શહેરી વિકાસના વિરુદ્ધમાં નહીં, પરંતુ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, 1976 હેઠળ આવતી ટાઉન પ્લાનિંગ સ્કીમની જોગવાઈઓ સામે આ વિરોધ કરવામાં આવી રહ્યો છે.

# સોમનાથથી નેપાળના પશુપતિનાથ સુધીની સફર યુવકે દોડીને પૂરી કરી

**સોમનાથ**

'સુપર ૩૦' ફિલ્મની પટકથા કરતાં ચઢીયાતી વાર્તાનું સર્જન ગુજરાતના યુવાન દોડવીર રૂપેશ મકવાણાએ કરી છે. જેના નામે વિશ્વ વિક્રમ સ્થાપિત થયો છે. ગુજરાતની ધરતીના સપૂત અને અલ્ટ્રા-રનર રૂપેશ મકવાણાએ ફરી એકવાર ભારતનું નામ રોશન કર્યું છે. તેમણે એક અસાધારણ અને પડકારજનક દોડ પૂરી કરીને નવો વર્લ્ડ રેકોર્ડ પ ોતાના નામે કર્યો છે.

રૂપેશ મકવાણાએ ભગવાન શિવના બે પવિત્ર ધામો-ગુજરાતના સોમનાથ મંદિરથી લઈને નેપાળના પશુપતિનાથ મંદિર સુધીની સફર સતત દોડીને પૂરી કરી છે. આ દોડનું કુલ અંતર ૨૨૦૦ કિલોમીટર હતું. તેમણે આ વિશાળ અંતર માત્ર ૩૩ દિવસ, ૨ કલાક અને ૨૯ મિનિટમાં કાપીને એક નવો કીર્તીમાન સ્થાપિત કર્યો છે. આનો અર્થ એ થયો કે રૂપેશ મકવાણાએ દરરોજ સરેરાશ લગભગ ૬૬ કિલોમીટરનું અંતર દોડ્યું, જે કોઈ સામાન્ય માણસ માટે વિચારવું પણ અશક્ય છે.

રૂપેશના નામે વર્લ્ડ વાઈટ બૂક ઓફ રેકોર્ડ પણ નોંધાવ્યો છે. જેને આરામ કર્યા વિના સતત ૭૫ કલાક દોડીને ૩૭૫ કિલોમીટર પૂર્ણ કર્યું હતું. આ ઉપરાંત હાલમાં જ ગિનિસ બુક ઓફ રેકોર્ડમાં તેને દાવેદારી નોંધાવી છે.

# જોબ ફ્રોડ : નકલી સરકારી ઓફર લેટર્સ થકી ઠગાઈ, ઝારખંડના મુખ્ય આરોપીની અટક


## પીઆઇની પુત્રી સાથે 9.30 લાખ રૂપિયાની છેતરપિંડી, ઝારખંડના મુખ્ય આરોપીની ધરપકડ

**અમદાવાદ**

ઝારખંડના ધનબાદના રહેવાસી અમન કુમાર (ઉ.વ.36)એ કથિત રીતે નકલી સરકારી ડોમેન બનાવ્યા હતા અને સરકારી નોકરીઓ આપવાના બહાને અનેક લોકો પાસેથી લાખો રૂપિયા પડાવીને છેતરપિંડી કરી હતી. પોલીસે બાતમીના આધારે આરોપીને ધનબાદથી ધરપકડ કરવામાં આવી હતી અને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર અમદાવાદ લાવવામાં આવ્યો હતો. પોલીસે વધુ પૂછપરછ માટે આરોપીની આઠ દિવસની કસ્ટડી મેળવી છે. આરોપીએ ઝારખંડ સરકારના એક પોલીસ ઈન્સ્પેક્ટરની પુત્રીને ઈન્કમટેક્સમાં નોકરી આપવાના બહાને 9.30 લાખ રૂપિયાની રકમ પડાવી લીધી હતી. આ બનાવ અંગે સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાતા તપાસ કરતાં સમગ્ર ગુનાનો પર્દાફાશ થયો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી અમન કુમારે ઈન્કમટેક્સ ઓફિસર તરીકે ઓળખ આપી હતી અને સરકારી નોકરી માટે તૈયારી કરી રહેલી એક મહિલા ફરિયાદીનો સંપર્ક કર્યો હતો. આરોપીએ ઈન્કમટેક્સ વિભાગના નામવાળી બનાવટી ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કર્યો હતો. જેમાં ફરિયાદીને કર્ણાટક અને ગોવા, બેંગલુરુના મુખ્ય ઈન્કમટેક્સ કમિશનર દ્વારા કથિત રીતે સહી કરાયેલી નકલી નિમણૂક પત્ર મોકલ્યો હતો. આરોપીએ અન્ય શખસો સાથે મળીને ફરિયાદી સહિતના લોકો સાથે છેતરપિંડી કરી હતી. જેમાં નોકરી મેળવવા માંગતા લોકોનો સંપર્ક કરીને બેંગલુરુ અને કોલકાતામાં નકલી ઈન્ટરવ્યુ અને ટ્રેનિંગ યોજવામાં આવી હતી.

# ત્વચાને ચમકતી રાખવા માટે કરો હિલિંગ ફેસિયલ

આજના યુગમાં સૌંદર્ય જાળવવું માત્ર ફેશન નથી, પરંતુ આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વ સાથે પણ સંકળાયેલું છે. ખાસ કરીને એક્ને અથવા તો મોઢા પર પડતા દાણા જેવી સ્કિન સમસ્યા ઘણીવાર યુવાવર્ગથી લઈને વયસ્ક સુધી બધાને પરેશાન કરે છે. ખોટો આહાર, તાણ(સ્ટ્રેસ), હોર્મોનલ ચેઈન્જ, ધૂળ-પ્રદૂષણ અને ખોટી સ્કિનકેર હેબિટ્સના કારણે એક્ને વધી જાય છે.



પ્રક્રિયા સાથે બ્લડ સર્ક્યુલેશન વધતાં સ્કિન તાજગીભરી લાગે છે સ્કિનના ડેડ સેલ્સ દૂર થઈ નવા સેલ્સ બનાવવામાં મદદ મળે છે

### એક્ને થવાની વૈજ્ઞાનિક પ્રક્રિયા

આપણી સ્કિનમાં નાનાં-નાનાં પોર્સ (છિદ્રો) હોય છે. દરેક પોર્સ સાથે એક તેલગ્રંથિ જોડાયેલી હોય છે. આ ગ્રંથિમાંથી પ્રાકૃતિક તેલ બહાર આવે છે, જે સ્કિનને સોફ્ટ અને મોઈશ્ચરાઈઝ રાખે છે.

**પોર્સ બ્લેક થવું :** ક્યારેક ડેડ સ્કિન સેલ્સ અને વધારાનું સેબમ ભેગું થઈને પોર્સને બંધ કરી દે છે. આ અવરોધને કારણે અંદર હવા અને ઓક્સિજન ઓછો પહોંચે છે. પરિણામે બેક્ટેરિયા વધવા લાગે છે. આ બેક્ટેરિયાને cutibacterium acnes કહે છે. જ્યારે પોર્સ બંધ થઈ જાય છે ત્યારે આ બેક્ટેરિયા અંદર ઝડપથી વધવા લાગે છે. બેક્ટેરિયા વધતા ઈમ્યુન સિસ્ટમ રિએક્ટ કરે છે. પરિણામે ત્યાં લાલાશ, સોજો અને પીડા થાય છે. આવી રીતે દાણા (પિમ્પલ્સ) બની જાય છે.

### એક્નેના મુખ્ય પ્રકાર

**બ્લેકહેડ્સ -** તે ચહેરાની ઉપર પોર્સ ખુલ્લા રહેવાથી તેમાં ધૂળ, તેલ જમા થઈને કાળા રંગના થઈ જાય તેને કહે છે.

**વ્હાઈટહેડ્સ -** પોર્સ બંધ રહી અંદર સફેદ દાણા બને તેને કહે છે.

**પિમ્પલ્સ -** વ્હાઈટહેડ્સમાં બેક્ટેરિયા જમા થઈને લાલ અને સોજાવાળા દાણાને કહેવાય છે.

**સિસ્ટિક એક્ને -** ઊંડા અને પીડાદાયક દાણા જેમાં પસ ભરાઈ જાય અને બેક્ટેરિયાનું પ્રમાણ વધુ જોવા મળે છે તેને ભારે પ્રકારના ખીલ કહેવાય.

### કેમ થાય છે? તેનાં કારણો

હોર્મોનલ ફેરફાર થવાથી થાય છે. જેમ કે, ટીનએજમાં પિરિયડ્સમાં અને ગર્ભાવસ્થામાં આવા ફેરફાર થવાથી તે ચહેરા ઉપર દેખાય છે. જેમની ત્વચા વધારે પડતી ઓઈલી હોય તેને થાય છે, કારણ કે તેની ત્વચામાં sebumનું પ્રોડક્શન વધારે થાય છે અને તેના કારણે ધૂળ અને પ્રદૂષણના કણો ત્વચા પર ચોંટીને બ્લેકહેડ્સની પ્રક્રિયા વધારે થાય છે. ધૂળ અને પ્રદૂષણના કારણે ત્વચાના ડેડ સેલ્સ સમય સમયે ત્વચા પરથી જતા રહેતા હોય છે. તે ક્રિયા ધીમે થાય છે, તેથી ખીલ થવાની સંભાવના વધી જાય છે.

**cutibacterium acnes -** બેક્ટેરિયાનો વધારાનો વિકાસ થવાથી થાય છે. ત્વચાનાં છિદ્રો પ્રદૂષણના કારણે બંધ થઈ જાય છે અને તેમાં બેક્ટેરિયાનું પ્રમાણ અંદરથી વધવા માંડે છે. તેના કારણે ખીલ બનવાની પ્રક્રિયા ચાલુ થઈ જાય છે. પ્રદૂષણ સિવાય આ પ્રક્રિયા માટે સ્ટ્રેસ અને ખોરાક ટ્રિગરનું કામ કરે છે અને ખીલ થઈ શકે છે. સ્કિનના પોર્સ બ્લેક થઈ જાય ત્યારે જ દાણા ઉદ્ભવે છે. તેમાં બેક્ટેરિયા થવાથી ખીલ થાય છે. ખોટી સ્કિનકેર પ્રોડક્ટ્સ અને વધારે કેમિકલવાળાં ક્રીમ કે કોસ્મેટિક્સથી પણ થાય છે.

**એક્ને માટે ફેસિયલ ટ્રીટમેન્ટ :** આજે એક્નેની સ્પેશિયલ ફેસિયલ ટ્રીટમેન્ટ્સ ઉપલબ્ધ છે. આ ટ્રીટમેન્ટ્સ સ્કિનને અંદરથી સાફ કરે છે. બેક્ટેરિયા ઘટાડે છે અને દાણાથી થતા ડાઘ દૂર કરવામાં મદદરૂપ બને છે.

**ડીપ ક્લીન્ઝિંગ ફેસિયલ :** આ ફેસિયલ ચહેરાની ગંદકી અને વધારાના તેલને દૂર કરવા માટેનું હોય છે. તેને 15 દિવસમાં એકવાર કરવું જોઈએ. તેનાથી વ્હાઈટહેડ્સ અને બ્લેકહેડ્સ દૂર થઈ જાય છે.

**સેલિસિલિક એસિડ ફેસિયલ :** આ ફેસિયલ સ્કિનના પોર્સને unclog કરવા માટે ખાસ અસરકારક છે. આ ફેસિયલમાં બેક્ટેરિયા મટી જાય છે અને ત્વચા ઊંડાણ સુધી સાફ થઈ જાય છે, તેથી ખીલ ઓછા થઈ જાય છે.

**એક્ને હિલિંગ ફેસિયલ :** આ ફેસિયલમાં ડીપ ક્લીન્ઝિંગ અને સેલિસિલિક પોર્સ unlog તો થાય છે, પણ સીરમ માસ્ક કે હર્બલ માસ્કથી ઈન્ફેક્શનને ઘટાડવામાં આવે છે, તેથી ખીલ મટાડે છે.

**LED (એલઈડી) લાઈટ થેરાપી :** બ્લૂ લાઈટથી બેક્ટેરિયા નાશ પામે છે અને એક્ને ઘટે છે.

**કેમિકલ પીલ્સ :** આવું ફેસિયલ ઝડપથી જૂના ડેડ સેલ્સ દૂર કરી નવી સ્કિન લાવે છે, તેથી આ પ્રક્રિયા ખીલ માટે વધારે અસરકારક છે. આવા ફેસિયલ પછી નવી સ્કિન આવતી હોવાથી તેની કેર વધારે કરવી પડે છે. સામાન્ય રીતે 4થી 6 અઠવાડિયે એકવાર ફેસિયલ કરાવવું યોગ્ય છે. ડ્રાય કે સેન્સિટિવ સ્કિન હોય તો ૮ અઠવાડિયામાં એકવાર પૂરતું છે.

### ફેસિયલ કેમ કરાવવું જોઈએ?

પ્રદૂષણ અને મેકઅપથી સ્કિનના પોર્સ બ્લોક થઈ જાય છે, તેથી ફેસિયલ તેને ઊંડે સુધી સાફ કરે છે. બ્લડ સર્ક્યુલેશન વધે છે જેથી સ્કિન તાજગીભરી લાગે છે. સ્કિનના ડેડ સેલ્સ દૂર થઈને નવા સેલ્સ બનાવવામાં મદદ મળે છે. નિયમિત ફેસિયલથી સ્કિન ગ્લોઈંગ અને યુવાન લાગે છે.

# બિહાર ચૂંટણી : 27% ઉમેદવારો સામે મહિલા ઉત્પીડનના ગુના

## એડીઆર દ્વારા 1303 ઉમેદવારોના સોગંદનામુ વિશ્લેષણ કરાયું, માત્ર 32 ટકાએ જ આરોપોની પુષ્ટિ કરી

**પટના**

બિહાર વિધાનસભા ચૂંટણી 2025ના પહેલાં તબક્કાના ઉમેદવારો પર એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને બિહાર ચૂંટણી વોચે પોતાનો રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં 1314માંથી 1303 ઉમેદવારોના એફિડેવિટનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાંથી 423 એટલે કે, કુલ 32 ટકા ઉમેદવારોએ પોતાના ઉપર ગુનાઈત કેસોની જાહેરાત કરી છે. વળી, 354 ઉમેદવારો એટલે કે, 27% પર ગંભીર ગુનાઈત કેસ દાખલ છે. ગંભીર કેસોમાં 33 ઉમેદવારો હત્યા સાથે જોડાયેલા, 86 હત્યાના પ્રયાસ અને 42 મહિલા ઉત્પીડનના કેસ સાથે જોડાયેલા છે. જોકે, 2 ઉમેદવાર એવા છે, જે દુષ્કર્મ સહિતના કેસમાં જોડાયેલા છે. આ રિપોર્ટ જણાવે છે કે, ગુનાખોરી અને રાજકારણનો સંબંધ હજુ પણ ગાઢ છે. જન સુરાજ પાર્ટીના 114માંથી 50 (44 ટકા) ઉમેદવારો પર ગુનાઈત કેસો છે. BSPના 89માંથી 18 (20 ટકા), આરજેડીના 70માંથી 53 (76 ટકા), જેડીયુના 57માંથી 22 (39 ટકા), ભાજપના 48માંથી 31 (65 ટકા), આપના 44માંથી 12 (27 ટકા) અને કોંગ્રેસના 23માંથી 15 (65 ટકા) ઉમેદવાર સામે ગુનાઈત કેસો દાખલ છે. વામપંથી પાર્ટીઓની સ્થિતિ તો આનાથી પણ ખરાબ છે. સીપીઆઈના 13માંથી 13 (93 ટકા), સીપીઆઈ અને સીપીઆઈ(એમ) ના તમામ ઉમેદવારો (100 ટકા) સામે ગુનાઈત કેસો દાખલ છે.

### PM પદના દાવેદાર નીતિશ હવે CM બનશે કે નહીં, તે પણ નક્કી નથી : અશોક ગેહલોતના પ્રહાર

બિહાર વિધાનસભા ચૂંટણી માટે એક પછી એક જનસભાઓ યોજાઈ રહી છે. જેમાં ગેહલોતે આકરા પ્રહારો કરતા કહ્યું કે, 'એક સમય હતો જ્યારે નીતિશ કુમાર વડાપ્રધાન પદના દાવેદાર હતા, અને હવે ભાજપ તેમને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા પણ તૈયાર નથી. નીતિશ એવી પરિસ્થિતિમાં ફસાયા છે કે, જો સરકાર બનશે તો પણ તેઓ મુખ્યમંત્રી બનશે કે નહીં, તે પણ નક્કી નથી. નીતિશે વારંવાર વિવિધ પક્ષો સાથે ગઠબંધન કરીને પોતાની રાજકીય છબીને નુકસાન પહોંચાડ્યું છે.

### નીતિશ માત્ર ચહેરો, સત્તાનું રિમોટ તો ભાજપના હાથમાં : મુઝફ્ફરપુરનો રાહુલ ગાંધી ટોણો

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે મુઝફ્ફરપુરમાં એક જંગી સભાને સંબોધી હતી.મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'નીતિશ કુમાર માત્ર ચહેરો છે, પરંતુ સત્તાનું રિમોટ કંટ્રોલ ભાજપના હાથમાં છે. તમે એવું ન વિચારો કે, ત્યાં પછાત અને દલિતોનો અવાજ સાંભળવામાં આવે છે. ત્યાં ત્રણ-ચાર લોકો બધુ કંટ્રોલ કરે છે. ભાજપ પાસે રિમોટ છે અને તેમને સામાજિક ન્યાય સાથે કોઈ લેવાદેવા નથી.

## ચૂંટણી પ્રચારમાં ઘર્ષણ : આરજેડી સમર્થકોનો તેજ પ્રતાપ યાદવના કાફલા ઉપર પથ્થરમારો

### ઘટના બાદ સમર્થકોએ તેજસ્વી યાદ જિંદાબાદના નારા લગાવાયા

**પટના**

બિહાર વિધાનસભા ચૂંટણીની ગરમાગરમી વચ્ચે, આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપને મહનાર વિધાનસભા ક્ષેત્રમાં ભારે વિરોધનો સામનો કરવો પડ્યો. બુધવારે, તેઓ તેમની JJD પાર્ટીના ઉમેદવાર જયસિંહ રાઠૌરના સમર્થનમાં એક ચૂંટણી સભા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન, કથિત આરજેડી સમર્થકોએ તેમના કાફલા પર પથ્થરમારો કર્યો અને 'તેજસ્વી યાદવ ઝિંદાબાદ'ના નારા લગાવ્યા હતા.

તેજ પ્રતાપ યાદવ મહનારના ચૂંટણી મેદાનમાંથી બહાર નીકળ્યા કે તરત જ આ ઘટના બની હતી. અહેવાલો મુજબ, સભા પૂરી કરીને બહાર આવતાની સાથે જ આરજેડી સમર્થકોએ તેમને ઘેરી લીધા અને 'તેજસ્વી યાદવ ઝિંદાબાદ' તથા 'લાલટેન છાપ ઝિંદાબાદ'ના નારા લગાવ્યા. વિરોધ અને નારાબાજી એટલા તીવ્ર બની ગયા કે આરજેડી સમર્થકોએ તેમના કાફલાને ત્યાંથી ખદેડી દીધો હતો. JJD ઉમેદવારે આરજેડી ઉમેદવાર પર ષડયંત્રનો આરોપ લગાવ્યો તેજ પ્રતાપ યાદવની પાર્ટી JJDના ઉમેદવાર જય સિંહ રાઠૌરે આ ઘટના માટે સીધેસીધું આરજેડીના સત્તાવાર ઉમેદવાર રવિન્દ્ર સિંહ પર ષડયંત્ર રચવાનો આક્ષેપ કર્યો છે.

## બે યુવરાજોએ ખોટા વાયદા આપવા દુકાન ખોલી છે : પીએમ મોદીના રાહુલ, તેજસ્વી ઉપર પ્રહાર

### મુઝફ્ફરનગરમાં પીએમની જનસભા, જૂના દિવસો યાદ કરાવ્યા

**મુઝફ્ફરપુર**

વિધાનસભા ચૂંટણીની ઘોષણા પછી બીજી વખત બિહાર પહોંચેલા પીએમ મોદીએ પહેલાની તુલનામાં એકદમ અલગ અંદાજ બતાવ્યો. આ વખતે તેમણે વિપક્ષી દળો, ખાસ કરીને આરજેડી (આરજેડી) અને કોંગ્રેસના નેતાઓ દ્વારા લગાવવામાં આવેલા આરોપોનો જવાબ આપ્યો. આ સાથે જ તેમણે 'જંગલરાજ' અને 'કુશાસન'ના નામે વિપક્ષને ઘેર્યા પણ ખરા. પીએમ મોદીએ બુધવારે મુઝફ્ફરપુરની જનસભામાં રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે બિહારમાં બે યુવરાજોએ જૂઠા વાયદાની દુકાન ખોલી રાખી છે. એક યુવરાજ ભારતના સૌથી ભ્રષ્ટ પરિવારના છે, તો બીજા બિહારના સૌથી ભ્રષ્ટ પરિવારના છે. આ બંને હજારો કરોડોના કૌભાંડમાં જામીન પર છે. આ બંનેએ બુધવારે મોદીને ભરપૂર ગાળો આપી. હવે જે લોકો નામદાર છે, તે આ કામદારને ગાળો તો આપશે જ. મને ગાળ આપ્યા વિના, તેમનું ભોજન હજમ થતું નથી. દલિત અને પછાત વર્ગના લોકોને ગાળો આપવી આ નામદારો પોતાનો જન્મસિદ્ધ અધિકાર સમજે છે. તેથી આ લોકો 24 કલાક મને ગાળો આપતા રહે છે. કારણ કે તેમને એ સહન થતું નથી કે એક પછાતનો દીકરો અને ચા વેચનારો આજે અહીં (આ પદ પર) પહોંચી ગયો છે.

## આંધ્રમાં મોન્થા વાવાઝોડાથી અનેક વિસ્તારોમાં ભારે વરસાદ : બેનાં મોત, ખેતીનાં પાકને નુકસાન

### વીજ પુરવઠો અને ટ્રાન્સપોર્ટેશનમાં અવરોધ સર્જાયો, 1.8 લાખ લોકોનું રેસ્ક્યૂ કરાયું

**વિશાખાપટ્ટનમ**

બુધવાર વહેલી સવારે આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાને પાર કરનારા વાવાઝોડા મોન્થાથી ૧.૫૦ લાખ એકર જમીન પર તૈયાર થયેલા ખેતીના પાકને નુકસાન થયું છે તથા વીજ પુરવઠો અને ટ્રાન્સપોર્ટેશનમાં અવરોધ ઉભો થયો હતો. સરકારે જણાવ્યું હતું કે સાવચેતીના પગલાંને કારણે નુકસાન ઓછું થયું છે.

આંધ્રનાં મુખ્યપ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ જણાવ્યું છે કે રાજ્યમાં મોન્થા



વાવાઝોડાને કારણે બે વ્યક્તિઓનાં મોત થયા છે. સરકારે લીધેલા સાવચેતીનાં પગલાંને કારણે નુકસાન ઓછું થયું છે.

અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન નાયડુ કોનાસિમા જિલ્લાનાં અલ્લાવરમ મંડલના ઓડાલારેવુ ગામનાં રિલીફ કેમ્પ પહોંચ્યા હતાં. અહીં મુખ્યપ્રધાને પીડિતોને ૨૫ કીલો ચોખા સહિતની જીવનજરૂરી વસ્તુઓ વહેંચી હતી. આ ઉપરાંત એક પરિવાર દીઠ ૩૦૦૦ રૂપિયા રોકડા પણ આપ્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે વાવાઝોડાને પગલે ૧.૮ લાખ લોકો રિલીફ કેમ્પમાં ખસેડવામાં આવ્યા હોવાથી નુકસાન ઓછું થયું છે. ઇમરજન્સી સ્થિતિને ધ્યાનમાં રાખી કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો.

## તમિલનાડુમાં સરકારી નોકરી બદલ રૂ. 35 લાખ સુધીની લાંચનો ખુલાસો

### લાંચ અપાઈ હોવાના પુરાવા ઈડીએ પોલીસને સોંપ્યા

**ચેન્નાઇ**

તમિલનાડુમાં મ્યુનિ. વહિવટી તંત્ર અને પાણી પુરવઠા વિભાગમાં ભરતીમાં મોટું કૌભાંડ થયું હોવાનો દાવો ઈડીએ કર્યો છે. સાથે જ એજન્સીએ આ મામલે તમિલનાડુ પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી પણ ભલામણ કરી હતી. મ્યુનિ. અને પાણી પુરવઠા વિભાગમાં ભરતીમાં ગેરરિતી આચરાઈ છે, એક પોસ્ટ બદલ આશરે ૨૫થી ૩૫ લાખ રૂપિયા વસુલવામાં આવ્યા છે. આ કૌભાંડમાં કેટલાક સરકારી કર્મચારીઓ અને રાજકારણીઓ પણ સામેલ હોવાનો દાવો ઈડીએ કર્યો હતો. ઈડીનો આરોપ છે કે રાજ્ય સરકાર દ્વારા ભરતી પ્રક્રિયા દરમિયાન આશરે ૨૫૦૦ જેટલા ઉમેદવારો પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં પ્રત્યેક ઉમેદવાર પાસેથી આશરે ૨૫થી ૩૫ લાખ રૂપિયાની લાંચ લેવામાં આવી હતી. એજન્સીના સુત્રોએ દાવો કર્યો હતો કે આ મુદ્દે રાજ્યના ડીજીપીને પત્ર લખવામાં આવ્યો છે અને કથિત કૌભાંડને લઈને જે વોટ્સએપ ચેટ, ફોટો, દસ્તાવેજો અને ફોટો વગેરે પુરાવા મળી આવ્યા હતા તે પોલીસને સોંપવામાં આવ્યા છે.

## ભારત અને ચીનના સૈન્ય વચ્ચે ફરી બેઠક મળી, લદ્દાખ સરહદે શાંતિ જાળવવા બન્ને સંમત

**નવી દિલ્હી**

ભારત અને ચીન સરહદે વર્ષોથી જે વિવાદ ચાલી રહ્યો છે તેને શાંત પાડવા માટે અંતે બન્ને દેશો સંમત થયા છે. ભારત અને ચીન સૈન્યના કોર્પ્સ કમાન્ડર્સ વચ્ચે સરહદે મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં લદ્દાખની સરહદી સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જે મુજબ બફર ઝોનમાં પેટ્રોલિંગ નહીં કરવાનો બન્ને દેશોએ નિર્ણય લીધો છે. બુધવારે વિદેશી બાબતોના મંત્રાલયે કહ્યું હતું કે છેલ્લા કેટલાક સમયમાં આ પ્રથમ વખત જનરલ લેવલ મેકેનિઝમની બેઠક યોજવામાં આવી છે. ભારત-ચીન કોર્પ્સ કમાન્ડર સ્તરની બેઠકનો આ ૨૩મો રાઉન્ડ છે. ઓક્ટોબર ૨૦૨૪માં પણ આ જ પ્રકારની બેઠક યોજાઈ હતી. જેમાં કેટલીક

## ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું ધરી દીધા બાદ ધનખડ 100 દિવસથી ચૂપ : કોંગ્રેસ

**નવી દિલ્હી**

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામાને 100 દિવસ પૂરા થવા પર કોંગ્રેસે ફરી આ મુદ્દો ઉઠાવ્યો છે. કોંગ્રેસે માંગ કરી છે કે, તેમને ઓછામાં ઓછી વિદાય સમારોહ મળવો જોઈએ. કોંગ્રેસે આજે કહ્યું છે કે, ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપ્યા બાદ ધનખડ 100 દિવસથી સંપૂર્ણ ચૂપ છે.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે એક્સ પર લખ્યું છે કે, '21 જુલાઈની મોડી રાત્રે ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રાજીનામું આપી દીધું હતું, જે ચોંકાવનારી વાત છે. ભલે તેઓ દિવસ-રાત વડાપ્રધાનની પ્રશંસા કરતા હતા, છતાં તેમને રાજીનામું આપવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના ચેરમેન તરીકે વિપક્ષ માટે સારા મિત્ર ન હતા.' રમેશે કહ્યું કે, 'પૂર્વ ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષ તરીકે વિપક્ષના સારા મિત્ર નહોતા અને તેઓ સતત અને ખોટી રીતે વિપક્ષને ખીજવતા હતા. છતાં લોકતાંત્રિક પરંપરાઓને ધ્યાનમાં રાખીને, અગાઉના નેતાઓની જેમ ધનખડ એક ફેરવેલ કાર્યક્રમના હકદાર છે. વિપક્ષની માંગ છે કે, તેમને ફેરવેલ મળવી જોઈએ, પણ આવું થયું નથી.'

## ડોનાલ્ડ ટ્રમ્પનું આધાર કાર્ડ બનાવનાર શરદ પવારના પૌત્ર સામે પોલીસ ફરિયાદ

**મુંબઈ**

NCPના ધારાસભ્ય રોહિત પવાર સામે આ મામલે કેસ કરવામાં આવ્યો છે. પોલીસે IT એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. આ ફરિયાદ ભાજપના સોશિયલ મીડિયા કોઓર્ડિનેટર દ્વારા દાખલ કરવામાં આવી છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ માટે નકલી આધાર કાર્ડ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું. ધારાસભ્ય રોહિત પવારનું નામ આ સમગ્ર મામલા સાથે જોડાયેલું છે. રોહિત પવારે એક પ્રેસ કોન્ફરન્સમાં ખુલાસો કર્યો કે, તેમણે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ટ્રમ્પનું આધાર કાર્ડ કેવી રીતે મેળવ્યું હતું. પવારે કહ્યું કે, તેમનો ધ્યેય આધાર કાર્ડમાં રહેલી ખામીઓને ઉજાગર કરવાનો હતો. જોકે, નકલી આધાર કાર્ડ બનાવવું એ ગુનો છે.

# સરકાર ખેડૂતોનું દેવું માફ નહીં કરે ત્યાં સુધી મહારાષ્ટ્ર નાગપુરમાં ઉગ્ર આંદોલન

## ખેડૂતોની વેદના અને વધતા દેવાના બોજના કારણે દેખાવો કરી રહ્યા છીએ : બચ્ચુ કડુ

**નાગપુર**

મહારાષ્ટ્રના નાગપુરમાં ખેડૂતો ઉગ્ર આંદોલન કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુના નેતૃત્વમાં કરવામાં આવી રહ્યું છે. જ્યાં સુધી સરકાર શરત વગર ખેડૂતોનું દેવું માફ નહીં કરે, ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

ઉગ્ર વિરોધ કરી રહેલા આંદોલનકારી ખેડૂતોએ નાગપુર-હૈદરાબાદ નેશનલ હાઈવે ચક્કાજામ કરી દીધો છે, જેના કારણે હાઈવે પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો છે. હાઈવે પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. બીજીતરફ પોલીસ તંત્ર આંદોલનની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આંદોલનની આગેવાની કરી રહેલા પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુએ કહ્યું કે, 'અમે ખેડૂતોની વેદના અને વધતા દેવાના બોજના કારણે દેખાવો કરી રહ્યા છીએ. આંદોલનકારીઓ ઈચ્છે છે કે રાજ્ય સરકાર તાત્કાલિક પગલાં ભરે અને ખેડૂતોને રાહત આપે.

આંદોલન વધુ ઉગ્ર ન બને તે માટે પોલીસ તંત્રએ સુરક્ષા-વ્યવસ્થા કડક કરી દીધી છે. હાલ પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે છે અને સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. આ ઉપરાંત હાઈવે પર જામ થયેલ ટ્રાફિક વૈકલ્પિક માર્ગ વાળવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, 2023માં મહારાષ્ટ્રમાં કુલ 2851 ખેડૂતોએ જ્યારે 2024માં 2635 ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. જ્યારે જાન્યુઆરીથી માર્ચ-2025 દરમિયાન 767 ખેડૂતોએ આત્મહત્યા કરી હતી.

# કુપવાડામાં મેદાનમાં અચાનક જ વિસ્ફોટ, 4 બાળકો થયા ઘાયલ

## ઘટના બાદ પોલીસે વિસ્તારને કોર્ડન જાહેર કર્યો હતો

**કુપવાડા**

કુપવાડામાં બુધવારે એક રહસ્યમય વિસ્ફોટમાં 10થી 13 વર્ષની વયના ઓછામાં ઓછા 4 બાળકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બધા બાળકોને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. હંદવાડામાં જિલ્લા પોલીસ લાઈન્સ નજીક તુતીગુંડ ગામમાં બાળકોનું એક જૂથ ક્રિકેટ રમી રહ્યું હતું ત્યારે બની છે. મેદાનમાં એક શક્તિશાળી વિસ્ફોટ થયો, જેમાં 10થી 13 વર્ષની વયના ચાર બાળકો ઘાયલ થયા. એવું કહેવામાં આવી રહ્યું છે કે મેદાનમાં એક કાટવાળો, જૂનો વિસ્ફોટક શેલ પડેલો હતો અને અચાનક ફૂટ્યો, જેનાથી બાળકો ઘાયલ થયા છે. વિસ્ફોટના અવાજથી ઘટનાસ્થળે ગભરાટ ફેલાયો છે. બાળકો ભયભીત થઈને જમીન પર ઘાયલ હાલતમાં પડ્યા હતા. ઘટના સર્જાયા બાદ આ દરમિયાન ઘટના બાદ પોલીસે વિસ્તારને ઘેરી લીધો હતો. વિસ્ફોટનો અવાજ સાંભળીને નજીકના ગ્રામજનો અને સુરક્ષા કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા અને બધાને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

# જયપુરમાં હાઈટેન્શન તાર અડી જતાં બસમાં આગ, 2ના મોત, 10 દાઝ્યા

**જયપુર**

રાજસ્થાનની રાજધાની જયપુરના મનોહરપુર વિસ્તારમાં એક સ્લીપર બસમાં આગ લાગવાને કારણે અકસ્માત થયો છે. આ દુર્ઘટનાનું કારણ એ હતું કે ચાલતી બસ વીજળીના હાઈટેન્શન વાયરો સાથે ટકરાઈ અને વાયરો સાથેના ટકરાવ બાદ બસમાં ભીષણ આગ ફાટી નીકળી. આ ગંભીર અકસ્માતમાં 2 મુસાફરોનાં દર્દનાક મોત નીપજ્યાં છે, જ્યારે 10થી વધુ લોકો દાઝી ગયા હોવાની માહિતી મળી રહી છે. બસમાં સવાર તમામ લોકો ઈંટના ભટ્ઠા પર મજૂરી કરવા જઈ રહ્યા હતા. હાઈટેન્શન વાયરો સાથે ટકરાયા બાદ આગની લપેટોમાં દાઝી ગયેલા આ મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા છે.

કરંટ ફેલાતા બસમાં લાગી આગ

મળતી માહિતી મુજબ, મજૂરોથી ભરેલી આ બસ ઉત્તર પ્રદેશથી મનોહરપુરના ટોડી સ્થિત ઈંટના ભટ્ઠા પર આવી રહી હતી. રસ્તામાં, બસ ઉપરથી પસાર થઈ રહેલી 11 હજાર વોલ્ટના વાયરના સંપર્કમાં આવી, જેના કારણે બસમાં કરંટ ફેલાયો અને સ્પાર્કિંગથી આગ લાગી. ઘટના બાદ સ્થળ પર ચીસાચીસ મચી ગઈ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# યુપીના બહરાઈચમાં દુર્ઘટના : કૌડિયાલા નદીમાં મુસાફરો ભરેલી બોટ પલટી, 20થી વધુ લોકો ગુમ

**બહરાઈચ**

બહરાઈચના ભરથાપુર ગામ કતર્નિયાઘાટના ગાઢ જંગલ અને ગેરુઆ નદીની પાર વસેલું છે. કતર્નિયાઘાટ વાઈલ્ડ લાઈફથી થઈને વહેતી ઈન્ડો નેપાળ બોર્ડર કૌડિયાલા નદી નેપાળના પહાડોમાંથી નીકળીને ભારતીય બોર્ડરમાં ઘાઘરા નદીમાં મળે છે.

ભરથાપુર ગામના લોકો બહરાઈચના બોર્ડરના જિલ્લા લખીમપુર ખીરીના ખૈરટિયા ગામથી થઈને કૌડિયાલા નદીમાં બોટથી અવરજવર કરે છે, જેને ગામના લોકો



સૌથી સુવિધાજનક માને છે. બુધવારે સાંજે ગામના લોકો બોટ પર સવાર થઈને ખૈરટિયા ગામથી ભરથાપુર ગામ જઈ રહ્યા હતા. આ દરમિયાન અંદાજિત સાંજે 6 વાગ્યે બોટ બેકાબૂ થઈને કૌડિયાલા નદીમાં પલટી ગઈ. દુર્ઘટનામાં ગામના અનેક લોકો ગુમ છે, જેમાં કેટલાક મહેમાન પણ હોવાનું જણાવાય રહ્યું છે. ઘટનામાં ચાર લોકોને સુરક્ષિત બચાવી લેવાયા છે. ગુમ લોકોમાં બોટ ચાલક સહિત અને લોકો ગુમ છે. ઘટનાની માહિતી લોકોએ પોલીસ અને તંત્રને આપી હતી.

પાણીના ભારે દબાણને લઈને ચૌધરી ચરણસિંહ ઘાઘરા બેરાજ ગેટ ખોલાયા હતા, જેને હવે બંધ કરાઈ રહ્યા છે. ગામલોકોનું કહેવું છે કે, દુર્ઘટના નદીના ભારે વહેણના કારણે બની છે.

# ગયામાં ચૂંટણી પ્રચારમાં NDAના ઉમેદવારો પર પથ્થરમારો, પોલીસે 9 લોકોની કરી ધરપકડ

## કેસની તપાસ શરૂ કરાઈ, દોષિતોની ઝડપી જ ધરપકડ કરી લેવામાં આવશે : પોલીસ

**ગયા**

ગયા જિલ્લામાં સાંજે ચૂંટણી પ્રચાર દરમિયાન NDAના ઉમેદવાર અને ટિકારીના ધારાસભ્ય અનિલ કુમાર પર પથ્થરમારો કરવામાં આવ્યો છે. આ ઘટના દિઘોરા ગામમાં તે સમયે બની જ્યારે ધારાસભ્ય પોતાના સમર્થકોની સાથે પ્રચાર કરી રહ્યા હતા. પથ્થરમારામાં ધારાસભ્ય અનિલ કુમાર અને તેમના ભાઈ અને કેટલાક કાર્યકર્તાઓ ઘાયલ થયા છે. પોલીસ સમગ્ર કેસની તપાસ ઉંડાણ પૂર્વક કરી




રહી છે અને દોષિતોની ઝડપી જ ધરપકડ કરી લેવામાં આવશે. સુત્રોના જણાવ્યા મુજબ ધારાસભ્યનો કાફલો જેવો જ દિઘોરા ગામમાં પહોંચ્યો, સ્થાનિક લોકોએ રસ્તાઓ ના બનાવવાને લઈ તેમને સવાલ કર્યા, વાત વધવા પર કેટલાક લોકોએ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. અફરાતફરીના માહોલમાં સુરક્ષાકર્મીઓએ આત્મરક્ષામાં હવામાં ગોળી ચલાવી અને ભીડને નિયંત્રિત કરી. ઘટનાની જાણકારી મળતા જ જિલ્લા અધિકારી, એસએસપી, એસડીપીઓ અને એએસપી સ્થળ પર પહોંચ્યા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા 9 લોકોની ધરપકડ કરી લીધી છે.જિલ્લા અધિકારીએ જણાવ્યું કે ઘટનામાં ઘણા લોકો ઘાયલ થયા છે, જેમાં ધારાસભ્ય પણ સામેલ છે.

# દિલ્હીમાં વર્ષ 2020ના રમખાણ સરકાર ઉથલાવવાનું કાવતરું હતું

## નવી દિલ્હી પોલીસનું સુપ્રીમમાં સોગંદનામું

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટમાં એક મોટું અને વિશિષ્ટ સોગંદનામું રજૂ કરતાં દાવો કર્યો છે કે, 2020ના દિલ્હી રમખાણો 'શાસન પરિવર્તન ઓપરેશન'નો ભાગ હતાં. આ સોગંદનામું સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે. દિલ્હી પોલીસે આ રમખાણોને ફક્ત કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ગણવાને બદલે વધુ ઊંડાણમાં જઈને તેને રાજકીય હેતુઓ સાથેનું ઓપરેશન ગણાવ્યું છે. આ સોગંદનામું રમખાણો પાછળના કાવતરા અને હેતુઓની તપાસને નવી દિશા પ્રદાન કરે છે. 2020ના દિલ્હી રમખાણોના કાવતરા કેસમાં ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, મીરાં હૈદર, ગુલ્ફીશા ફાતિમા અને અન્ય લોકોના જામીનનો વિરોધ કરતા સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં દિલ્હી પોલીસે હિંસાને એક સંકલિત 'શાસન પરિવર્તન ઓપરેશન' નો ભાગ ગણાવ્યો છે. સોગંદનામામાં દાવો કરવામાં આવ્યો છે કે, રમખાણો અચાનક થયેલા દેખાવોનો ભાગ ન હતા.

# રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ રફાલ ફાઈટર પ્લેનમાં ૨૦૦ કિલોમીટર સુધી ઉડાન ભરી

**અંબાલા**

ભારતના રાષ્ટ્રપતિ અને સૈન્યની ત્રણેય પાંખોના વડા દ્રોપદી મુર્મુએ અંબાલા એરફોર્સ સ્ટેશનથી રફાલ ફાઈટર પ્લેનમાં બેસીને ઉડાણ ભરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર મુર્મુએ જે રફાલ ફાઈટર પ્લેનમાં બેઠા હતા તે વિમાન ગ્રુપ કેપ્ટન અમિત ગેહાનીએ ચલાવ્યું હતું. આ દરમિયાન વાયુ સેના પ્રમુખ અને એર ચીફ માર્શલ એપી સિંહે પણ અલગ રફાલ વિમાનમાં બેસીને ઉડાણભરી હતી. સંરક્ષણ મંત્રાલયના એક નિવેદનમાં જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિનું ફાઈટર પ્લેન ૩૦ મીનિટ સુધી હવામાં ઉડયું હતું. એરફોર્સ સ્ટેશન પર ફાઈટર પ્લેન પાછુ ફર્યુ તે પહેલા ૨૦૦ કિમીનું અંતર કાપ્યું હતું. ઉડાણ દરમિયાન વિમાનની ઝડપ ૭૦૦ કિમી પ્રતિ કલાક હતી.

# મુંબઈમાં 17 બાળકોને કિડનેપ કરનારા રોહિત આર્યાનું પોલીસ કાર્યવાહીમાં મોત

**મુંબઈ**

મુંબઈના પવઈ વિસ્તારમાં આવેલા આર.એ. સ્ટૂડિયોમાં 17 બાળકોને બંધક બનાવનારા કિડનેપર રોહિત આર્યાનું મોત થઈ ગયું છે. પોલીસની જવાબી કાર્યવાહી દરમિયાન ફાયરિંગમાં તેને ગોળી વાગી હતી, જ્યારબાદ તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ડોક્ટરોએ સારવાર દરમિયાન રોહિત આર્યાને મૃત જાહેર કર્યો. પોલીસે હવે ઘટનાની સંપૂર્ણ તપાસ હાથ ધરી છે અને ઓપરેશનનો રિપોર્ટ તૈયાર કરાઈ રહ્યો છે.

મૃતક રોહિત આર્યાએ 17 બાળકોને બંધક બનાવ્યા હતા. આ તમામ બાળકોને સ્ટૂડિયોમાં રોહિતે ઓડિશન માટે બોલાવીને બંધક બનાવી લીધા હતા. બંધક બનેલા બાળકો પહેલા માળે કાચમાંથી બાળકો બહાર ડોકિયું કરતાં નજરે પડ્યા હતા. જેનો વીડિયો પણ સામે આવ્યો છે. આ ઘટના બાદ પોલીસ તાત્કાલિક સક્રીય થઈ હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને બાળકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. જાણવા મળ્યું છે કે બાળકોને બંધક બનાવનાર રોહિત આ જ સ્ટુડિયોમાં કામ કરતો હતો. તેમજ એક YouTube ચેનલ પણ ચલાવતો હતો અને છેલ્લા ચાર-પાંચ દિવસથી તે અહીં ઓડિશન કરાવી રહ્યો હતો.

# દિલ્હીમાં 3.21 કરોડ રૂપિયાનો ખર્ચ છતાં કલાઉડ સીડિંગ પ્રયોગનું શુન્ય પરિણામ

**નવી દિલ્હી**

રુપિયાનું ગુજરાતમાં ખેડૂતો કમોસમી વરસાદથી પરેશાન છે પરંતુ દિલ્હીમાં વાયુ પ્રદૂષણમાંથી મુકિત મેળવવા માટે કૃત્રિમ વરસાદ (કલાઉડ સીડિંગ)ના પ્રયોગ પાછળ ૩.૨૧ કરોડ કરોડ રુપિયાનો ખર્ચ કરવા છતાં એક ટીંપુ પણ વરસાદ પડયો નથી. વરસાદના થોડાક ફૂવારા માટે લાખો રુપિયાનો ખર્ટ કરવા બદલ દિલ્હી સરકારની ટીકા પણ થવા લાગી છે. દિલ્હી સરકાર અને આઈઈટી કાનપુર દ્વારા સંયુકત રીતે કલાઉડ સીડિંગનો પ્રયાસ થયો પરંતુ હજુ સુધી પરિણામ શુન્ય રહેતા દિલ્હીમાં ઝેરીલી હવાનું સ્તર ૩૦૦ આસપાસ પહોંચી ગયું છે. ૨૮ ઓકટોબરના રોજ ૩૦૦ ચોરસ કિમી વિસ્તારમાં કલાઉડ સીડિંગના બે ટ્રાયલ કરવામાં આવ્યા હતા.

# વુમન વર્લ્ડકપ : હાઈસ્કોરિંગ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને પાંચ વિકેટે પરાજય આપ્યો : રવિવારે સાઉથ આફ્રિકા સામે ફાઈનલ

## ઓસ્ટ્રેલિયા ૩૩૮, ભારત ૫/૩૪૧, જેમિમા રોડ્રિગુઝના લડાયક ૧૨૭* હરમનપ્રીત કૌર ૮૯ રન

**મુંબઇ**

જેમિમા રોડ્રિગુઝે નોંધાવેલા લડાયક ૧૨૭ રનની મદદથી ભારતે છ વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને પાંચ વિકેટે હરાવીને વિમેન્સ વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. જ્યાં રવિવારે તેનો મુકાબલો સાઉથ આફ્રિકા સામે થશે. ઓસ્ટ્રેલિયાના ૩૩૮ રનના જવાબમાં ભારતે નવ બોલ બાકી રાખીને પાંચ વિકેટે ૩૪૧ રન બનાવીને મુકાબલો જીતી લીધો હતો. સુકાની હરમનપ્રીત કૌરે ૮૮ બોલમાં ૮૯ રનનું યોગદાન આપ્યું હતું. ભારતીય ફિલ્ડર્સની ખરાબ ફિલ્ડિંગનો ફાયદો ઉઠાવીને લિચફિલ્ડ અને પેરીએ કેટલાક આકર્ષક શોટ્સ રમીને બીજી વિકેટ માટે ૧૫૫ રનની ભાગીદારી નોંધાવી હતી. લિચફિલ્ડે ૯૩ બોલમાં ૧૭ બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૧૧૯ તથા પેરીએ ૮૮ બોલમાં ૭૭ રનની ઈનિંગ રમી હતી. મિડલ ઓર્ડરમાં અનુભવી બેટર બેથ મૂનીએ ૨૪ તથા ગાર્ડનરે ૪૫ બોલમાં ૬૩ રન બનાવ્યા હતા. ભારત માટે શ્રી ચરણીએ ૪૯ રનમાં બે તથા દિપ્તી શર્માએ ૭૩ રનમાં બે વિકેટ ખેરવી હતી.



### ઈંગ્લેન્ડને હરાવી સાઉથ આફ્રિકા સેમીફાઈનલમાં

મહિલા વનડે વર્લ્ડકપની પહેલી સેમીફાઈનલ મેચ સાઉથ આફ્રિકા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં સાઉથ આફ્રિકાએ 125 રનથી શાનદાર જીત મેળવી હતી. આ જીત સાથે સાઉથ આફ્રિકન ટીમ ફાઈનલમાં જગ્યા બનાવવામાં સફળ રહી. ઈંગ્લેન્ડની સફળતાનો અહીં અંત આવ્યો. પહેલા બેટિંગ કરતા સાઉથ આફ્રિકાએ 50 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 319 રન બનાવ્યા હતા. જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ 50 ઓવર સુધી પણ બેટિંગ કરી શકી ન હતી અને 42.3 ઓવરમાં 194 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. સાઉથ આફ્રિકાની ટીમ પહેલીવાર વર્લ્ડકપ ફાઈનલમાં જગ્યા બનાવવામાં સફળ રહી છે.



### ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડનો ૩૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો

આઈસીસી વિમેન્સ વન-ડે વર્લ્ડ કપની એક એડિશનમાં સર્વાધિક સદીનો રેકોર્ડ હવે ઓસ્ટ્રેલિયાના નામે નોંધાયો છે. અત્યાર સુધી આ રેકોર્ડ ઈંગ્લેન્ડના નામે હતો જેણે ૧૯૯૩ના વર્લ્ડ કપમાં કુલ પાંચ સદી ફટકારી હતી. ઈંગ્લેન્ડને ૨૦૧૭ના વર્લ્ડ કપમાં પોતાનો રેકોર્ડ સરભર કર્યો હતો. હવે ઓસ્ટ્રેલિયાએ વર્તમાન વર્લ્ડ કપમાં કુલ છ સદી ફટકારીને રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

# પૂર્વ કેપ્ટન રોહિત શર્માએ રચ્યો ઈતિહાસ 38 વર્ષની ઉંમરે બની ગયો નંબર 1 બેટર

## શુભમન ગિલ ત્રીજા અને વિરાટ કોહલી છઠ્ઠા ક્રમે સરકી ગયા

દુબઈ : ભારતીય રાઈટ હેન્ડ ઓપનર રોહિત શર્મા તેની શાનદાર કારકિર્દીમાં પ્રથમ વખત વન-ડે રેન્કિંગમાં ટોચના ક્રમે પહોંચ્યો છે. ભૂતપૂર્વ સુકાની રોહિત બુધવારે ૩૮ વર્ષ અને ૧૮૨ દિવસની વયે વન-ડેનો ઓલ્ડેસ્ટ નંબર-૧ બેટ્સમેન બની ગયો છે. રોહિતે આ સાથે ભારતના માસ્ટર બેટ્સમેન સચિન તેંડુલકરનો રેકોર્ડ પણ બ્રેક કર્યો હતો. સચિને ૨૦૧૧માં ૩૮ વર્ષ અને ૭૩ દિવસની વયે વન-ડેનો નંબર-૧ બેટ્સમેન બનવાની સિદ્ધિ મેળવી હતી. રોહિત અત્યાર સુધી ક્યારેય પ્રથમ સ્થાને પહોંચ્યો નથી.



ભારતનો વર્તમાન વન-ડે સુકાની શુભમન ગિલ છેલ્લા કેટલાક સમયથી ખરાબ પ્રદર્શનના કારણે ત્રીજા ક્રમે સરકી ગયો છે. ઓસ્ટ્રેલિયા સામે તાજેતરમાં રમાયેલી વન-ડે શ્રોણીમાં તેનો બેસ્ટ સ્કોર ૨૪ રનનો રહ્યો હતો. ચેમ્પિયન્સ વન-ડે ટ્રોફીમાં પણ તે મોટો સ્કોર નોંધાવી શક્યો નહોતો જેના કારણે રેટિંગ પોઈન્ટમાં તેને નુકસાન થયું છે. ગિલે છેલ્લે ૨૧મી ઓક્ટોબરે જારી કરાયેલી રેન્કિંગમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું. તે હવે અફઘાનિસ્તાનના ઈબ્રાહીમ જદરાન કરતાં પાછળ છે. ઈબ્રાહીમ ટોપ-૨ બેટર્સમાં સ્થાન મેળવનાર પ્રથમ અફઘાન ક્રિકેટર છે. પાકિસ્તાનના બાબર આઝમ ચોથા ક્રમે છે પરંતુ વિરાટ કોહલી ટોપ-પમાંથી બહાર થઈ ગયો છે અને તે એક ક્રમાંક પાછળ સરકીને છઠ્ઠા સ્થાને પહોંચ્યો છે. ન્યૂઝીલેન્ડનો ડેરિલ મિચેલ પાંચમા ક્રમે છે.

# ઓસ્ટ્રેલિયામાં બોલ માથામાં વાગતા યુવા ક્રિકેટરનું મોત, સાથી ખેલાડીઓમાં શોક

**સિડની**

ઑસ્ટ્રેલિયાથી એક હૃદય દ્રાવક ઘટના સામે આવી છે. મેલબર્નમાં પ્રેક્ટિસ દરમિયાન એક 17 વર્ષીય ક્રિકેટર બેન ઑસ્ટિનને માથામાં બોલ વાગતા મોત થઈ ગયુ છે. આ દુર્ઘટનાએ સમગ્ર ક્રિકેટ જગતને હચમચાવી મૂક્યું છે. મંગળવારે બપોરે બેન મેલબોર્નના ફર્નટ્રી ગલીમાં વેલી ટ્યૂ રિઝર્વ ગ્રાઉન્ડ પર નેટ પ્રેક્ટિસ કરી રહ્યો હતો. અહેવાલ પ્રમાણે તે સંપૂર્ણ સુરક્ષા સાથે હેલ્મેટ પહેરીને બોલિંગ મશીન સામે બેટિંગ પ્રેક્ટિસ કરી રહ્યો હતો, ત્યારે જ એક હાઈ સ્પીડ બોલ તેના માથા અને ગરદન વચ્ચે વાગ્યો. આ દુર્ઘટના બાદ તરત જ તેને ગંભીર હાલતમાં મોનાશ મેડિકલ સેન્ટરમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોકટરોના તમામ પ્રયાસો છતાં બુધવારે તેણે દુનિયાને અલવિદા કહી દીધું. બેનના ક્લબ ફર્નટ્રી ગલી ક્રિકેટ ક્લબએ સોશિયલ મીડિયા પર એક ઈમોશનલ નિવેદન જારી કરીને લખ્યું કે, ‘અમારા ઉભરતા સ્ટાર બેન ઑસ્ટિનના નિધનથી અમે ઊંડા શોકમાં છીએ. તેમની ખોટ અમારા સમગ્ર ક્રિકેટ પરિવાર પર પડશે. અમારી સંવેદના તેમના પરિવાર સાથે છે.’ બેન માત્ર એક શાનદાર ક્રિકેટર જ નહીં પરંતુ એક લીડર અને ટીમ પ્લેયર તરીકે બધાનો ફેવરિટ હતો. તે મુલગ્રેવ અને એલ્ડન પાર્ક ક્રિકેટ ક્લબનો પણ સભ્ય રહી ચૂક્યો છે.



# નાકામુરાને હરાવીને ગુકેશે કિંગ થ્રો વિવાદનો હિસાબ સરભર કર્યો



નવી દિલ્હી : વર્લ્ડ ચેસ ચેમ્પિયન ડી ગુકેશે અમેરિકાના સેન્ટ લૂઈસ ખાતે આયોજિત ક્લબ ચેસ ચેમ્પિયન્સ શોડાઉનમાં અમેરિકન ગ્રાન્ડ માસ્ટર હિકારુ નાકામુરાને રેપિડ ફોરમેટમાં હરાવીને મિની મેચ પોતાના નામે કરી લીધી હતી. આ સાથે ગુકેશે કેટલાક સમય પહેલાં નાકામુરાએ કિંગ મોહરાને ફેંકવાના સર્જેલા વિવાદનો હિસાબ પણ સરભર કર્યો હતો.જોકે ગુકેશે હરીફ ખેલાડીને જેમ કિંગ હવામાં ઉછાળ્યો નહોતો. ગુકેશે રાઉન્ડ-૨ની પ્રથમ ગેમમાં બ્લેક મહોરાં સાથે રમીને શાનદાર રણનીતિ દ્વારા વિજય હાંસલ કર્યો હતો. તમામની નજર તેના રિએક્શન ઉપર હતી પરંતુ ગુકેશે પોતાની લાગણીઓ કાબૂમાં રાખીને શાંતિથી ચેસ બોર્ડને રિસેટ કર્યું હતું.

# દિયા-માનુષે WTT ફાઇનલ્સ માટે ક્વોલિફાય કરીને ઇતિહાસ રચ્યો

**નવી દિલ્હી ।** ભારતીય ટેબલટેનિસ સ્ટાર દિયા ચિતાલે અને માનુષ શાહે વર્લ્ડ ટેબલ ટેનિસ ફાઈનલ્સ માટે ક્વોલિફાય કરનાર પ્રથમ ભારતીય પેડલર્સ બનવાની સિદ્ધિ મેળવી છે. વર્તમાન નેશનલ મેન્સ તથા વિમેન્સ ચેમ્પિયન દિયા અને માનુષ ૧૦મીથી ૧૪મી ડિસેમ્બર સુધી હોંગકોંગ ખાતે રમાનારી ડબ્લ્યુટીટી ફાઈનલ્સ માટે ક્વોલિફાય કર્યું છે. આ ઈવેન્ટમાં વિશ્વના ટોપ-૧૬ મેન્સ તથા વિમેન્સ સિંગલ્સ પ્લેયર તથા ટોચની આઠ મિક્સ ડબલ્સની જોડી ભાગ લે છે. ટૂર્નામેન્ટમાં કુલ ૧.૩ મિલિયન ડોલર્સની પ્રાઈઝ મની છે. દિયા અને માનુષે બ્રાઝિલ ખાતે રમાયેલી ડબ્લ્યૂટીટી સ્ટાર કન્ટેન્ડર ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. એપ્રિલ મહિનામાં બંનેએ જોડી બનાવીને



તુનિષ કન્ટેન્ડર ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. બંનેએ ફાઈનલમાં જાપાનના મિવા હારીમોતો અને સોરા માત્સુશિમાની જોડીને પરાજય આપીને સનસનાટી મચાવી હતી. મિક્સ ડબલ્સમાં આઠ જોડીને બે ગ્રૂપમાં વહેંચી નાખવામાં આવશે અને બંને ગ્રૂપની ટોચની બે જોડી સેમિફાઈનલમાં રમશે.

# શ્રેયસ ઐયર સફળ સર્જરીમાંથી પસાર થયો



ભારતીય વન-ડે ટીમનો સુકાની શ્રોયસ ઐયર સિડની સ્થિત હોસ્પિટલ ખાતે પાંસળીના અંદરના ભાગે થયેલી ઈજા માટે નાની પરંતુ સફળ સર્જરીમાંથી પસાર થયો છે. તેની હાલતમાં ઘણો સુધારો થયો છે. તેની ઉપર સતત નજર રાખવામાં આવી રહી છે. બીસીસીઆઈની મેડિકલ ટીમ, સિડની તથા ભારતના નિષ્ણાતોના સૂચનોથી શ્રોયસ જલદીથી સ્વસ્થ થઈ રહ્યો છે. જોકે ઐયરને હજુ એક સપ્તાહ હોસ્પિટલમાં રહેવું પડશે. તે સ્થાનિક મિત્રો દ્વારા ઘરે તૈયાર કરવામાં આવેલા ભોજનનો આનંદ માણી રહ્યો છે. તે પોતાના રોજિંદા કામ પણ જાતે કરી રહ્યો છે. ઐયર ક્યારે મેદાન ઉપર પાછો ફરશે તેની હજુ સુધી કોઈ ડેડલાઈન નક્કી કરવામાં આવી નથી.

# મેલિસા ચક્રવાતથી 29ના મોત, ક્યુબામાં 5 લાખ લોકોનું સ્થળાંતર

## મેલિસાને છેલ્લા 90 વર્ષમાં ત્રાટકેલું સૌથી શક્તિશાળી વાવાઝોડું, જમૈકા બાદ ક્યુબામા પણ મોટાપાયે નુકસાન થયું

**જમૈકા**

જમૈકામાં ભારે તબાહી મચાવ્યા બાદ વાવાઝોડું મેલિસા હવે ક્યુબા તરફ આગળ વધ્યું છે. મેલિસાને છેલ્લા 90 વર્ષમાં ત્રાટકેલું સૌથી શક્તિશાળી વાવાઝોડું માનવામાં આવે છે. આ ભયંકર વાવાઝોડાને કારણે હૈતી, જમૈકા અને ડોમિનિકન રિપબ્લિકમાં અત્યાર સુધીમાં કુલ 29 લોકોનાં મૃત્યુ થયા હતા અને દેશમાં ભારે વિનાશ થયો હતો.

યુએસ એજન્સી નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA)ના ડેટા અનુસાર, વાવાઝોડું મેલિસા વર્ષ 1935ના ‘લેબર ડે વાવાઝોડા’ પછીનું સૌથી શક્તિશાળી વાવાઝોડું છે. 1935ના વાવાઝોડાએ 300 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ફ્લોરિડા કીઝમાં વિનાશ વેર્યો હતો.

મેલિસા વાવાઝોડાએ જમૈકામાં ભારે નુકસાન પહોંચાડ્યું છે. દેશમાં તબાહી મચાવ્યા બાદ જમૈકાના વડાપ્રધાન એન્ડ્રુ હોલનેસે લાગણીસભર નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, ‘અમારો દેશ તબાહ થઈ ગયો છે, પરંતુ અમે ફરીથી ઊભા થઈશું, પહેલા કરતાં પણ વધુ સારી રીતે. હું જાણું છું કે ઘણાં લોકો શોકમાં છે, તેમના ઘરો નાશ પામ્યા છે, પરંતુ અમે રાહત પૂરી પાડવા અને પુનઃનિર્માણ માટે ઝડપથી કામ કરી રહ્યા છીએ.’ અહેવાલો અનુસાર, બુધવારે મેલિસા વાવાઝોડું ક્યુબા પહોંચ્યું હતું. ક્યુબામાં ભારે વિનાશનો અહેવાલ છે.

ક્યુબા સરકારે 5 લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો હતો. ક્યુબાના પ્રમુખ મિગુએલ ડિયાઝ કેનેલે જણાવ્યું હતું કે, ‘દેશને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ક્યુબા માટે ખૂબ જ મુશ્કેલીનો સમય છે.’ આ વાવાઝોડું હાલમાં ઉત્તરપૂર્વ તરફ વળી રહ્યું છે અને ક્યુબાના બીજા સૌથી મોટા શહેર સેન્ટિયાગો ડી ક્યુબા તરફ આગળ વધી રહ્યું છે.



# બ્રિટનના કિંગ ચાર્લ્સે લંડનમાં BAPS સ્વામિનારાયણ મંદિરમાં કર્યા દર્શન



પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા નિર્મિત અને ‘નીસડન મંદિર’ તરીકે વિશ્વભરમાં લોકપ્રિય છે. દિવાળી અને હિન્દુ નૂતન વર્ષના ઉત્સવમય માહોલમાં અને મંદિરના 30 વર્ષ પૂર્ણ થવાથી બ્રિટનના મહારાજા ચાર્લ્સ તૃતીય અને તેમના પત્ની મહારાણી કેમિલા નીસડન મંદિરના દર્શનાર્થે પધાર્યા હતા.

# મ્યાનમારમાં ચીનના સાયબર માફિયાથી જીવ બચાવી ભાગ્યા ભારતીયો, થાઈલેન્ડમાં ફસાયા

**બેંગકોક**

થાઈલેન્ડમાં હાલમાં લગભગ 500 ભારતીયો અટકાયતમાં છે. આ તમામની ત્યાની સરકારે ધરપકડ કરી છે, કારણ કે તેઓ જીવ બચાવવા માટે સરહદ ઓળંગીને મ્યાનમારથી થાઈલેન્ડ આવ્યા છે. અજાણતાં, આ બધા લોકો મ્યાનમારના કેકે પાર્કમાં ચાલી રહેલા એક ચીની સાયબર ક્રાઈમ નેક્સસનો ભાગ બની ગયા હતા, જે રેકેટ ચીનનું માફિયા ચલાવે છે.

ગયા અઠવાડિયે, મ્યાનમારની મિલિટરી જુન્ટાએ સાયબર ક્રાઈમ થતી જગ્યા પર દરોડો પાડ્યો. આનો ફાયદો ઉઠાવીને, જબરદસ્તીથી કામ કરાવવામાં આવતા લગભગ 700 લોકો ભાગી નીકળ્યા, જેમાંથી લગભગ 500 લોકો ભારતીય છે. આ નાગરિકોને પાછા લાવવા માટે, ભારત સરકાર હાલમાં થાઈલેન્ડની સરકાર સાથે સંપર્કમાં છે.

ભારતીય વિદેશ મંત્રાલય (MEA)ના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક નિવેદનમાં કહ્યું કે, ‘મંત્રાલય થાઈલેન્ડમાં અટકાયત કરાયેલા ભારતીયોની સ્થિતિથી વાકેફ છે. તેમને ઘરે પાછા લાવવા માટે MEA થાઈ અધિકારીઓ સાથે કામ કરી રહ્યું છે. અમને તે ભારતીય નાગરિકો વિશે જાણ છે, જેમની થાઈ અધિકારીઓએ અટકાયત કરી છે. તેઓ છેલ્લા કેટલાક દિવસોમાં મ્યાનમારથી થાઈલેન્ડમાં પ્રવેશ્યા હતા. થાઈલેન્ડમાં અમારું મિશન થાઈ અધિકારીઓ સાથે મળીને તેમની નાગરિકતા ચકાસવા અને થાઈલેન્ડમાં જરૂરી કાનૂની ઔપચારિકતાઓ પૂરી થયા બાદ તેમને પાછા મોકલવા માટે કામ કરી રહ્યું છે.’

# સમાધાન માટેની બેઠક નિષ્ફળ જતાં તાલિબાનનો પાક. પર હુમલો, કેપ્ટન સહિત 7 જવાનોના મોત

**ઈસ્લામબાદ**

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) એ પાકિસ્તાની સેના પર મોટો હુમલો કર્યો છે. આ હુમલામાં કેપ્ટન રેન્કના અધિકારી સહિત 7 જવાનોના મોત થઈ ગયા છે. મૃતક અધિકારીની ઓળખ કેપ્ટન નોમાન તરીકે થઈ છે. પાકિસ્તાની સેનાની મીડિયા વિંગ ISPR એ જણાવ્યું કે, ઉગ્રવાદીઓએ IED વિસ્ફોટ દ્વારા સુરક્ષા દળોના કાફલાને નિશાન બનાવ્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા 17 સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા છે. આ હુમલો



ઈસ્તંબુલમાં પાકિસ્તાન અને અફઘાન તાલિબાન વચ્ચે સમાધાનની બેઠક નિષ્ફળ ગયા બાદ થયો છે.

TTPએ સેનાના કાફલા પર ત્યારે ગોળીબાર કર્યો જ્યારે તે અફઘાનિસ્તાનની સરહદે આવેલા કુર્રમ કબાયલી વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી. આઈએસપીઆરએ જણાવ્યું કે, સેના દ્વારા જવાબી કાર્યવાહી કરવામાં આવી જેમાં સાત આતંકવાદીઓ માર્યા ગયા હતા. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધુ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ હુમલો કદાચ TTPના કુર્રમ જિલ્લા કમાન્ડર અહેમદ કાઝિમે અંજામ આપ્યો હતો. TTP ફિલ્ડ માર્શલના નામથી પ્રખ્યાત કાઝિમ પર 10 કરોડ રૂપિયાનું ઈનામ છે. તેના પર ઓછામાં ઓછા 100 પાકિસ્તાની સુરક્ષા કર્મચારીઓની હત્યા કરવાનો આરોપ છે.

# અમે ભારત સાથે ટ્રેડ ડીલ કરવાની તૈયારીમાં : પ્રમુખ ટ્રમ્પનો ફરીથી દાવો

## સાઉથ કોરીયાની રાજધાનીમાં અમેરિકન પ્રમુખનું નિવેદન

**સિઓલ**

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ફરીથી દાવો કર્યો છે કે અમે ભારત સાથે ટ્રેડ ડીલ કરવાની તૈયારીમાં છે. જો કે થોડા દિવસ અગાઉ ભારતીય વેપારવાણિજ્ય પ્રધાન પીયુષ ગોયલ પણ આ વાત જણાવી ચૂક્યા હોવાથી બંને દેશ વચ્ચે ટ્રેડ ડીલ થવાની સંભાવના પ્રબળ થઈ છે. કદાચ ક્રિસમસ સુધીમાં તેની જાહેરાત થઈ જાય તો આશ્ચર્ય નહીં થાય. ટ્રમ્પ તેને કદાચ ભારત તરફથી મળેલી ક્રિસમસ ભેટ પણ ગણાવી શકે.

આસિયન દેશોની વાર્ષિક બેઠક વખતે ભારતના વિદેશપ્રધાન એસ જયશંકર અને અમેરિકાના માર્કો રુબિયો વચ્ચે કુઆલાલામ્પુરમાં પ્રસ્તાવિત વેપાર સંધિને લઈને વાતચીત થઈ હોવાનું માનવામાં આવે છે. બંને વચ્ચે વ્યાપાર મંત્રણાને લઈને લાંબા સમય સુધી ચર્ચા ચાલી હતી. તેમા ખાસ્સી પ્રગતિ થઈ હોવાનું માનવામાં આવે છે. જો કે આમ છતાં પણ અમેરિકાએ હજી સુધી ભારતને રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ લાદેલી ૨૫ ટકા ડયુટી દૂર કરવાના કોઈ સંકેત આપ્યા નથી.

# સેમી કંડક્ટર AI ચિપ જાયન્ટ એનવિડીયાનું માર્કેટ કેપ 3 માસમાં એક લાખ કરોડ ડોલર વધી ગયું

**વોશિંગ્ટન**

સેમી કંડક્ટર સેક્ટરની એઆઈ ચિપ ઉત્પાદક કંપની એનવિડીયાએ પાંચ લાખ કરોડ ડોલરનું માર્કેટ કેપ નોંધાવનારી પ્રથમ કંપની બનીને ઈતિહાસ સર્જયો છે. આશ્ચર્યની વાત એ છે કે કંપનીએ ફક્ત ત્રણ મહિના પહેલાં એટલે કે જુલાઈમાં જ 4 લાખ કરોડ ડોલરના માર્કેટ કેપનો આંકડો પસાર કર્યો હતો. આમ ત્રણ મહિનામાં જ તેનું મૂલ્ય એક લાખ કરોડ ડોલર વધ્યું છે, જે વૈશ્વિકે રેકોર્ડ છે. એનવિડીયા પહેલાં એપલ આ પહેલાં ૨૦૧૮માં 1 ટ્રિલિયન ડોલર, ૨૦૨૦માં 2 ટ્રિલિયન ડોલર, ૨૦૨૨માં 3 ટ્રિલિયન ડોલર ક્લબમાં સામેલ થનારી પ્રથમ કંપની બની હતી. ત્યારે લાગતું હતું કે, ચાર ટ્રિલિયન ડોલર ક્લબમાં સામેલ થનારી પ્રથમ કંપની પણ એપલ હશે, પણ તેવું થઈ શક્યું ન હતું. એનવિડીયા તેને ઓવરટેક કરી ગઈ હતી.

# ફ્લોરિડાની યુનિવર્સિટીઓમાં એચ1બી વિઝાધારકોને નહીં મળે નોકરી : ગવર્નર

## અમેરિકાના રહેવાસીઓને પ્રાથમિકતા આપવાનો નિર્દેશ

**ફ્લોરિડા**

ફ્લોરિડાના ગવર્નર રૉન ડીસેન્ટિસએ રાજ્યની યુનિવર્સિટીઓમાં H-1B વિઝા પર પ્રતિબંધ મૂક્યો છે. તેમણે યુનિવર્સિટીઓને આદેશ આપ્યો છે કે વિદેશી કર્મચારીઓને બદલે અમેરિકનોને નોકરી પર રાખે. તેમજ ગવર્નરે વિઝાના ખોટા ઉપયોગને ટાળવા અને ટેક્સપેયરના પૈસાથી મળતી નોકરીઓ માટે સ્થાનિક ગ્રેજ્યુએટ્સને પ્રાથમિકતા આપવા અપીલ કરી છે.

ફ્લોરિડાના ગવર્નર રૉન ડીસેન્ટિસે 29 ઑક્ટોબરના રોજ જાહેરાત કરી કે રાજ્યની યુનિવર્સિટીઓને હવે H-1B વિઝા ધરાવતા વિદેશી લોકોને નોકરી પર રાખવાની પરવાનગી નહીં મળે. તેમણે સંસ્થાઓને લગભગ તમામ હોદ્દાઓ પર અમેરિકન નાગરિકો અને ફ્લોરિડાના રહેવાસીઓને પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપ્યો છે. ફ્લોરિડાના ગવર્નર રૉન ડીસેન્ટિસે કહ્યું, ‘દેશભરની યુનિવર્સિટીઓ H-1B વિઝા પર વિદેશી કર્મચારીઓને લાવી રહી છે.

# રશિયાએ ખતરનાક પોસાઈડન સબમરીન પરમાણુ ડ્રોન તૈયાર કર્યું, સુનામી લાવવાની તાકાત

**મોસ્કો**

રશિયાએ પાણીની અંદર પરમાણુ સબમરીન ડ્રોનનું પરીક્ષણ કર્યું છે, જેણે સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને આ અંગે જાહેરાત કરી હતી. પુતિનની જાહેરાતથી અમેરિકા અને યુરોપિયન યુનિયનમાં હડકંપ મચ્યો છે. પરિણામે, અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે તાત્કાલિક પરમાણુ પરીક્ષણનો આદેશ આપ્યો છે. પોસાઈડન નામના આ ડ્રોનની ક્ષમતાઓ વિશે હજુ સુધી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પુતિને જણાવ્યું હતું કે પરમાણુ-સક્ષમ ઓટોમેટિક સબમરીન ડ્રોન પોસાઈડનનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. તે રશિયાની સૌથી શક્તિશાળી સર્મત મિસાઈલ કરતાં વધુ શક્તિશાળી છે. પોસાઈડન ડ્રોનનું પરીક્ષણ સબમરીનમાંથી કરવામાં આવ્યું હતું.

# ટોરોન્ટોના BAPS મંદિરે દિવાળીની ભવ્ય ઉજવણી

## મંદિરના પરિસરને રંગબેરંગી સજાવટ થઈ, રંગોળી સાથે પ્રકાશના પ્રદર્શનોએ આકર્ષણ જમાવ્યું

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરે દિવાળીની ભવ્ય ઉજવણીનું આયોજન થયું હતુ. જેમાં સમુદાયને પ્રકાશના પર્વની પરંપરાઓ અને આનંદનો અનુભવ કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઉજવણીની તૈયારીના ભાગરૂપે સ્વયંસેવકોએ મંદિરમાં એક જીવંત વાતાવરણ બનાવવા માટે અઠવાડિયા સુધી પ્રયત્નો કર્યા હતા. મંદિરના પરિસરને રંગબેરંગી સજાવટ, રંગોળી અને પ્રકાશના પ્રદર્શનોથી શણગારવામાં આવ્યું હતું.

આ ઉત્સવનો એક મુખ્ય ભાગ ‘અન્નકુટ’ હતો. જેમાં તમામ ઉંમરના ભક્તો દ્વારા તૈયાર કરાયેલી વાનગીઓ સુંદર રીતે ગોઠવવામાં આવી અને ભગવાનને અર્પણ કરાઈ હતી. ધાર્મિક વિધિઓ ઉપરાંત, ઉજવણીમાં પરિવારો અને તમામ ઉંમરના મહેમાનોને ફટાકડા, ઈન્ટરેક્ટિવ પ્રદર્શનો અને શૈક્ષણિક કાર્યક્રમો જેવી પ્રવૃત્તિઓ દ્વારા જોડવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં અસંખ્ય મહાનુભાવો, આધ્યાત્મિક નેતાઓ અને સમુદાયના સભ્યોએ હાજરી આપી હતી.

સેક્રેટરી ઓફ સ્ટેટ (લેબર) અને એટોબિકોક નોર્થના સાંસદ જોન ઝેરુસેલે જણાવ્યું હતું કે, આજે તમારી સાથે આ ઉજવણી કરવા માટે અહીં આવવું મારા માટે ખરેખર સન્માનની વાત છે. દિવાળી એ રોશની અને ફટાકડા કરતાં વધુ છે. તે અંધકાર ઉપર પ્રકાશ, અનિષ્ટ પર સારા, નિરાશા પર આશાના વિજય વિશે છે. પરિવાર દ્વારા, શ્રાદ્ધા દ્વારા અને ઉજ્જવળ આવતીકાલ માટે નવીકરણનો સમય છે. જ્યારે મેં દિલ્હી અને ગુજરાત બંનેમાં અક્ષરધામ મંદિરોની મુલાકાત લીધી ત્યારે મને તે અર્થ યાદ આવ્યો હતો. બંને અદભૂત સુંદરતા અને શાંતિના સ્થળો છે. જે લોકોને સત્ય અને કરુણા સાથે જીવવા માટે પ્રેરણા આપવા માટે બનાવવામાં આવ્યું છે.* ઓન્ટેરિયોના પ્રીમિયર અને એટોબિકોક નોર્થના સૅ્ ડગ ફોર્ડે જણાવ્યું હતું કે, *દિવાળીના કાલાતીત મૂલ્યો આપણને માર્ગદર્શન આપી શકે છે અને આપણને એકસાથે લાવી શકે છે, ભલે આપણે ગમે ત્યાંથી હોઈએ. BAPS લોકોના જીવનમાં ખરેખર ફક લાવે છે.

ટોરોન્ટો શહેરના મેયર ઓલિવિયા ચાઉએ જણાવ્યું હતું કે, આજે રાત્રે આ પ્રતિષ્ઠિત સુંદર મંદિર, શાંતિ, આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક સંવાદિતાનું સ્થળ છે અને પ્રકાશના ઉત્સવમાં તમારી સાથે જોડાવવાનો મને ખરેખર ગર્વ છે. આ વર્ષની એકતાની થીમ ખાસ કરીને અર્થપૂર્ણ છે જ્યારે પરિવારો અને પડોશીઓ સંસ્કૃતિઓ, ભાષાઓ અને શ્રાદ્ધામાં ભેગા થાય છે.

બ્રામ્પટન શહેરના મેયર પેટ્રિક બ્રાઉને જણાવ્યું હતું કે, હિન્દુઓના નવા વર્ષની શુભકામનાઓ. આ શુભ પ્રસંગે BAPS ખાતે હાજર રહેવું એ એક પરંપરા છે. હું કહેવા માંગુ છું કે તમારા સ્વામીઓની હાજરીમાં અહીં આવવું એ કેટલું સન્માનની વાત છે. BAPS ચેરિટીઝ વૈશ્વિક સ્તરે આવા અદભૂત કાર્ય કરે છે. મહંત સ્વામી મહારાજે દિવાળીના આશીર્વાદ આપ્યા અને બધાને તેમના જીવનમાં એકતાનો પ્રકાશ ચમકવા દેવા માટે પ્રોત્સાહિત કર્યા છે. તેમણે સમજાવ્યું કે પ્રમુખ સ્વામી મહારાજે આપણને શીખવ્યું છે કે સાચી એકતા આત્મચિંતનથી શરૂ થાય છે.




અન્નકુટમાં ભક્તો દ્વારા તૈયાર કરાયેલી વાનગીઓ ભગવાનને અર્પણ કરાઈ. ધાર્મિક વિધિઓ ઉપરાંત પરિવારો અને મહેમાનોને ફટાકડા, ઇન્ટરેક્ટિવ પ્રદર્શનો અને શૈક્ષણિક કાર્યક્રમો જેવી પ્રવૃત્તિઓ દ્વારા જોડવામાં આવ્યા



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

## Chapel Ridge
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

## North Toronto
*Crematorium Inc.*

Chapel Ridge Funeral Home & Cremation Centre



**Vilo** Licensed Funeral Director (416) 993-0826

**Harjinder** Licensed Funeral Director (647) 966-0093

**Christeen** Licensed Funeral Director (416) 258-6759

**Kirti** Licensed Funeral Preplanner (416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** *Includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga

North Toronto Crematorium



Everything in one Place!

2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**